بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-૦૧-૨૦૧૯**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૧, સળંગ અંક : ૧૮૧

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત ☎ ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | બંને જહાનમાં કામયાબી માટે કુર્આનના દસ નિયમો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 13 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 17 |
| 04 | તઝકેરતુલ અવલિયા : હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ | 19 |
| 05 | નમાઝ પઢનારા માનસિક બીમારીઓથી મુક્ત રહે છે | 22 |
| 06 | રાફઝી-શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! | 23 |
| 07 | ઈસ્લામી દા'વત તથા તબ્લીગમાં ઈન્ટરનેટનો ઉપયોગ | 28 |
| 08 | ગૈર મુસ્લિમો સાથે શાદી બાબતે કુર્આનનો અટલ ફેંસલો | 34 |
| 09 | સજાતીય સંબંધને કાનૂની ઈજાઝત કે તબાહીને દા'વત ? | 40 |
| 10 | ટીપૂ સુલ્તાનને હિંદુ વિરોધી ચિતરનારાઓનો પર્દાફાશ | 44 |
| 11 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


**જરૂરી નોંધ :** સ્થળ સંકોચના કારણે ચાલુ લેખમાળા આ અંકમાં સમાવી શક્યા નથી. તેની નોંધ લેશો.

## મૌત બેહતર હૈ ઐસે જીનેસે

અર્ઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ

દૂર અય દિલ રહે મદીને સે
મૌત બેહતર હૈ ઐસે જીનેસે

ઉનસે મેરા સલામ કહ દેના
જા કે તૂ અય સબા કરીને સે

હર ગુલે ગુલસિતાં મોઅત્તર હૈ
જાને ગુલઝાર કે પસીને સે

યૂં ચમકતે હૈં ઝર્રે તયબહ કે
જૈસે બિખરે હૂએ નગીને સે

ઝિક્રે સરકાર કરતે હૈં મોમિન
કોઈ મર જાએ જલ કે કીને સે

બારગાહે ખુદામેં ક્યા પહૂંચે
ગિર ગયા જો નબી કે ઝીને સે

પીજિએ ચશ્મે નાઝસે ઉન્કી
મયકશોં કા ભલા હૈ પીને સે

ઈસ તજલ્લી કે સામને **'અખ્તર'**
ગુલ કો આને લગે પસીને સે

# બંને જહાનમાં કામયાબી માટે કુર્આનના ૧૦ નિયમો

તંત્રી લેખ...

પ્રસ્તુત લેખ **તાજુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ શાહ અવલાદે રસૂલ મુહમ્મદ મિયાં ક઼ાદરી બરકાતી મારહરવી** رحمۃ اللہ علیہના નસીહતઆમેઝ લખાણ પરથી છે. આ રૂહાની બુઝુર્ગના નૂરાની ઈમાન અફરોઝ મુદ્દાઓને થોડાક ખુલાસા સાથે અત્રે રજૂ કરીએ છીએ. મુસલમાન પોતાની બર્બાદીની દાસ્તાનની શિકાયત દર બ દર કરતો ફરે છે પણ તેનો હલ તેને મળતો નથી. કેમ કે એનો હલ તે યોગ્ય ઠેકાણે નથી શોધી રહ્યો. એની સર્વ મુશ્કેલીઓનો ઈલાજ કેવળ અને કેવળ કુર્આનમાં જ છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના સૂચવેલા માર્ગે ચાલવામાં જ છે. આવો ! આ રૂહાની બુઝુર્ગની સૂચવેલી રાહોનો અભ્યાસ કરીએ અને એના પર અમલ કરવા કોશિશ કરીએ.

## મુસલમાનની કફોડી હાલત અને તેનો હલ

આજે મુસલમાન ઈતિહાસના જે દૌરથી પસાર થઈ રહ્યો છે તેનું દષ્ટાંત કમસે કમ હિંદુસ્તાનનો ઈસ્લામી ઈતિહાસ તો પેશ નથી જ કરી શકતો.

*એક હંગામાએ મહશર હો તો ઉસકો ભૂલું–સૈંકળોં બાતોંકા રહ રહ કે ખયાલ આતા હૈ*

આપણી ઈબાદતગાહોનો મસ્અલો હોય કે કોમી રમખાણોનો મસ્અલો હોય દરેક મંઝિલ પર આપણને કચડી નાખવાની આયોજનબધ્ધ સાઝિશો થઈ રહી છે. પ્રતિ દિન પ્રવચનો તથા લખાણો થકી સોશ્યલ મીડિયા થકી ઈસ્લામ તથા બાનીયે ઈસ્લામની શાનમાં બદતરીન ગુસ્તાખીઓ કરીને આપણી ઈમાની ગૈરતનું ખૂન કરવામાં આવી રહ્યું છે. રમખાણોની આડમાં મુસલમાનોની આર્થિક સધ્ધરતાને ખત્મ કરવામાં આવી રહી છે. ધાર્મિક, રાજનૈતિક, ઈલ્મી, આર્થિક દરેક ક્ષેત્રે મુસલમાનોને પાયમાલ કરીને એક પ્રકારની ગુલામ ક઼ૌમ બનાવવાનો પેંતરો રચાઈ ગયો છે.

આવા દુ:ખદ માહોલમાં સંજોગો તથા હુકૂમત પ્રતિ મદદનો મોહ રાખ્યા વિના, હે મુસલમાનો ! આવો! આપણે એક એવા બંધારણના પાબંદ થઈ જઈએ જેના આધારે જીવવામાં કાઈનાત (સૃષ્ટિ)નો હક઼ીક઼ી હાકિમ પોતાની હિમાયત તથા મદદનો વાયદો કરે છે. અને **અલ્લાહ જેની હિમાયત તથા મદદ ફર્માવે તેને દુનિયાની કઈ શક્તિ દબાવી શકે છે ?!** આ કુર્આનનું ફર્માન છે : اِنۡ یَّنۡصُرۡکُمُ اللّٰہُ فَلَا غَالِبَ لَکُمۡ "જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર સવાર નથી થઈ શકતું." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૬૦, કન્ઝુલ ઈમાન)*

*હમારી ક઼ૌમકી તો હૈ બિના હી દીનો ઈમાં પર–હમારી ઝિંદગી મૌકૂફ હૈ તઅમીલે કુર્આં પર*
*હમારી ફતહયાબી મુન્હસ્સર હૈ ફઝ્લે યઝદાં પર–ન કુવ્વત પર ન તાક઼ત પર ન શૌક઼ત પર, ન સામાં પર*

કુર્આનની તાલીમાત પર અમલ કર્યા સિવાય અન્ય કોઈ તદબીર, યુક્તિ પ્રયુક્તિ ન તો આપણને સુકૂન તથા રાહત આપી શકે છે અને ન તો આપણી છીનવાઈ ગયેલી અઝમતને પરત અપાવી શકે છે. નીચેના લખાણમાં અમો જિંદગી તથા બંદગીથી સંબંધિત "કુર્આનના દસ જીવનને ચમકાવી દેનારા ઉસૂલ" રજૂ કરી રહ્યા છીએ, જે મર્દે મો'મિનના માટે દુનિયા તથા આખેરતની દરેક કામયાબીની ઝમાનત છે. ખુદા વહદહૂ લાશરીક દરેક મુસલમાનને એના પર અમલ કરતા રહેવાની તૌફીક઼ અતા ફર્માવે.

## (૧) ઈમાન તથા ઈસ્લામ પર અડગ રહો

અલ્લાહ તબારક વ તઆલાને ત્યાં "દીને ઈસ્લામ" સિવાય કોઈ દીન નથી, ન તો ઈસ્લામના સિવાય દુનિયાનો કોઈ મઝહબ એની બારગાહમાં સ્વીકારને પાત્ર છે.

કુર્આન ફર્માવે છે : اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ "બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે."

*-(સૂ. આલે ઈમરાન, ૩/૧૯, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું : وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ "અને જે ઈસ્લામ સિવાય બીજો કોઈ દીન ચાહશે, કદાપિ તેનાથી ક઼બૂલ કરવામાં ન આવશે." *(સૂ. આલે ઈમરાન, ૩/૮૫, કન્ઝુલ ઈમાન)*

ઠેક ઠેકાણે ખુદા વહદહૂ લાશરીકે પોતાના પર તથા પોતાના હબીબ જનાબે મુહમ્મદ મુસ્તફા ﷺ પર કામિલ (પરિપૂર્ણ) ઈમાન લાવવાની માગણી કરી છે, અને આ જ દીન પર કાયમ રહેવાની સ્થિતિમાં ફતહ તથા કામયાબીની બશારત આપી છે. ફર્માવે છે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ "હે ઈમાનવાળાઓ ! ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર." *(સૂ. નિસાઅ, ૪/૧૩૬, કન્ઝુલ ઈમાન)* એટલે કે ઈમાન પર અડગ રહો. જો ઈમાનની દૌલત ગુમાવી તો કોઈ કાળે તમારી બખ્શિશ થશે નહીં અને જહન્નમમાં જવું પડશે.

તેમજ ફર્માવ્યું : وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "તમે જ સરસાઈ પામશો જો ઈમાન ધરાવો છો.

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહ તઆલાએ આ જ દીન પર અડગ રહેનારાઓની મદદ કરવાનું પોતાના કરમના જિમ્મે લઈ લીધુ છે. ઈર્શાદ ફર્માવે છે : وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ "અને અમારા કરમના જિમ્મા પર છે મુસલમાનોની મદદ કરવું." *(સૂ. રૂમ, ૩૦/૪૭, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اِذْ يُوْحِيْ رَبُّكَ اِلَى الْمَلٰٓئِكَةِ اَنِّيْ مَعَكُمْ "અને હે મહબૂબ ! તમારો રબ ફરિશ્તાઓને વહી મોકલતો હતો કે હું તમારી સાથે છું." *(સૂ. અન્ફાલ, ૮/૧૨, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلٰٓئِكَةُ "બેશક ! તેઓ જેમણે કહ્યું અમારો રબ અલ્લાહ છે, પછી તેના પર અડગ રહ્યા તેમના પર ફરિશ્તા ઉતરે છે." *(સૂ. ફુસ્સિલત, ૪૧/૩૦)*

અને એવું પણ નથી કે ઈમાન પર અડગ રહેવું ઘણુ જ મુશ્કેલ બાબત છે. જે અડગ રહેવાનો નિર્ધાર કરી લે તો અલ્લાહ તેને અડગ રહેવાની શક્તિ અર્પણ કરે છે. ફર્માવે છે : يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا "અલ્લાહ

અડગ રાખે છે ઈમાનવાળાઓને." *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૨૭, કન્ઝુલ ઈમાન)*

સુબ્હાનલ્લાહ ! મારા પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! શું અલ્લાહનો વાયદો કદી જૂઠો હોય શકે છે ?! હરગિઝ નહીં ! તો પછી આપણને તકલીફ પડે તો કમી કોની કહેવાશે ? આપણી જ તો ! જેથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પર પુખ્તા ઈમાનવાળા આપણે થઈ જઈએ તો ઉપરોક્ત સર્વ બશારતો આપણા માટે જ છે. રબ તઆલા આપણને કામિલ તથા મુકમ્મલ તથા મજબૂત ઈમાનવાળા બનાવે.

## (૨) શરીઅતે પાકનું સંપૂર્ણપણે પાલન કરો

"આધા તીતર આધા બટેર" બનવાની (દૂધમાં ને દહીમાં પગ રાખવાની) ઈસ્લામ તદ્દન ઈજાઝત નથી આપતો. એટલા માટે ઈમાન બાદ અલ્લાહ તબારક વ તઆલાનો આદેશ છે કે મુસલમાન જિંદગીના કોઈ ક્ષેત્રમાં કોઈ કૌમ, કોઈ ધર્મ, કોઈ હુકૂમતની રવિશ પ્રમાણે હરગિઝ ન ચાલે, બલ્કે પોતાના દરેક મામલામાં કેવળ અને કેવળ ઈસ્લામી કાનૂનનો પાબંદ થઈ જાય. (એવું નહીં કે તક આવે ગેર મઝહબની વિધિમાં પણ ભાગ લે અને પાછો હજ ઉમરા પણ કરે !) કુર્આન ફર્માવે છે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا فِى السِّلْمِ كَآفَّةً "હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં પૂરેપૂરા દાખલ થઈ જાવ." *(સૂ. બક્રહ, ૨/૨૦૮, કન્ઝુલ ઈમાન)*

તેમજ ફર્માવ્યું : فَاتَّبِعُوْنِىْ "તમે મારા આજ્ઞાંકિત બની જાવ." *(સૂ. આલે ઈમરાન, ૩/૩૧, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે :–

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِىْۤ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا ﴿٦٥﴾

"તો હે મહબૂબ ! તમારા રબની કસમ ! તેઓ મુસલમાન થશે નહીં જ્યાં સુધી પોતાના આપસી ઝઘડાઓમાં તમને હાકિમ ન બનાવી લે, પછી જે કાંઈ ફર્માવી દો પોતાનાં દિલોમાં તેનાથી રુકાવટ ન પામે અને જીવથી માની લે." *(સૂ. નિસાઅ, ૪/૬૫, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ "હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને એમનો જેઓ તમારામાં સત્તાવાળા હોય." (એટલે મુસ્લિમ હાકિમો મુરાદ છે)

*–(સૂ. નિસાઅ, ૪/૫૯, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ "જેણે રસૂલનું કહ્યું માન્યું તેણે અલ્લાહનો હુકમ માન્યો." *(સૂ. નિસાઅ, ૪/૮૦, કન્ઝુલ ઈમાન)*

તેમજ ફર્માવ્યું : وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗۤ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ

"અને ન કોઈ મુસલમાન પુરૂષ ન મુસલમાન સ્ત્રીને પહોંચે છે કે જ્યારે અલ્લાહ તથા રસૂલ કાંઈ હુકમ ફર્માવી આપે તો તેમને પોતાના મામલાનો કાંઈ અધિકાર રહે." *(સૂ. અહઝાબ, ૩૩/૩૬, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ "હે ઈમાનવાળાઓ ! જો તમે ખુદાના દીનની મદદ કરશો, અલ્લાહ તમારી મદદ કરશે." *(સૂ. મુહમ્મદ, ૪૭/૭, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું છે : وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ "અને જે કાંઈ તમને રસૂલ અતા કરે તેને લો."
*–(સૂ. હશ્ર, ૫૯/૭, કન્ઝુલ ઈમાન)*

કેટલી સંતોષકારક બશારતોનું રબ તરફથી એલાન થઈ રહ્યું છે ! **અલ્લાહ વ રસૂલ** عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ**ના હુકમો પર ચાલવામાં અલ્લાહ જ્યારે મદદનો વાયદો કરે છે, તો પછી કોણ આપણને રંજાડી શકે છે ?!** બસ ઈમાન મજબૂત કરવાની તથા ખુદા વ રસૂલના હુકમોના સંપૂર્ણપણે આમિલ બનવાની જરૂરત છે. હવે આપણે આટલા સ્પષ્ટ હુકમો તથા બશારતોને અવગણીને તેનાથી વિરૂધ્ધ મનમાન્યી જિંદગી જીવીએ તો એનું પરિણામ પણ ઉલ્ટુ જ આવશે ને ?! અલ્લાહ આપણને નેક તૌફીક આપે.

## (૩) ઈલ્મે દીન હાંસલ કરો

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણા પૂર્વજ બુઝુર્ગો આપણી કામયાબીનાં રહસ્યો કુર્આન હદીષથી વરસો પહેલાં સંશોધનો કરી આપણી સમક્ષ રજૂ કરી ગયા, પણ આપણે છીએ કે એ ભલી વાતો પ્રતિ ધ્યાન કરવાને બદલે દુનિયાના તમાશાઓમાં લિજ્જત પામવા તથા ચૈન પામવા રચ્યા પચ્યા રહીએ છીએ તથા કામયાબી માટે સ્વ દિમાગ લગાડીને અથવા ગૈરોના કે ફાસિકો કાફિરોના વિચારોને અમલમાં મૂકીએ છીએ પણ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની વાતો, બુઝુર્ગોને દીનની વાતોને લક્ષમાં નથી લેતા, ન એને વાંચવા સાંભળવામાં આપણને રસ છે ન અમલ કરવાની આપણે તસ્દી લઈએ છીએ, જેથી જ આપણે પરેશાનીઓમાં ઘેરાયેલા છીએ.

ઈલ્મ અલ્લાહનો ફઝ્લ છે. કુર્આન તથા સુન્નતના ખજાનાઓ ઈલ્મ તથા ઉલમાની ફઝીલતથી ભરચક છે. ઈલ્મે દીનના થકી જ માણસ શંકા કુશંકાઓના વમળોથી નીકળીને ઈમાન તથા યકીનના અજવાળામાં આવી શકે છે. અદ્લો ઈન્સાફની સમજ, ખુદાનો ખૌફ, દરજાઓની બુલંદી, તૌહીદની અણમોલ દૌલત ઈલ્મના થકી જ મળી શકે છે. કુર્આન ફર્માવે છે : وَالرّٰسِخُوْنَ فِي الْعِلْمِ يَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ "અને મજબૂત ઈમાનવાળા કહે છે અમે એના પર ઈમાન લાવ્યા." *(સૂ. આલે ઈમરાન, ૩/૭, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًا بِالْقِسْطِ "અને અલ્લાહે ગવાહી આપી કે એના સિવાય કોઈ મઅબૂદ નથી અને ફરિશ્તાઓએ અને ઈલ્મવાળાઓએ ઈન્સાફથી કાયમ થઈને." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૮, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا "અલ્લાહથી એના બંદાઓમાં એઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા (ઉલમા) છે." *(સૂ. ફાતિર, ૩૫/૨૮, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવે છે :

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ "અલ્લાહ તઆલા તમારા ઈમાનવાળાઓના અને તેમના જેમને ઈલ્મ આપવામાં આવ્યો તેમના દરજા બુલંદ કરશે." *(સૂ. મુજાદિલા, ૫૮/૧૧, કન્ઝુલ ઈમાન)*

આ છે કુર્આની તાલીમ કે જેને અપનાવવાથી આપણા દરજ્જા બુલંદ થઈ શકે છે, બંને જહાનમાં

ઈજ્જતવાળો મક઼ામ મળી શકે છે. તો આ આયતોનું મનન કરી એના પર અમલ કરવો જોઈએ.

## (૪) નેક અમલોથી સજ્જ થઈ જાવ

જે ઈમાનના સબબે ખુદાએ વહદહૂ લાશરીકે દૌરન (દુનિયા તથા આખેરત, બંનેવ જહાન)ની કામિલ ભલાઈનો વાયદો કર્યો છે તેનું અનિવાર્ય અંગ નેક અમલો છે. નેક અમલોના વિના હક઼ીક઼ી કામયાબી નથી મળી શકતી. ક઼ુર્આન ફર્માવે છે : وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَعَمِلُوا الصّٰلِحٰتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْاَرْضِ ''અલ્લાહે વાયદો કર્યો તેમને જેઓ તમારામાંથી ઈમાન લાવ્યા અને સારાં કાર્યો કર્યાં તો તેમને જમીનમાં ખિલાફત આપશે.'' *(સૂ. નૂર, ૨૪/૫૫)* સારાંશ ઈમાન સાથે નેક અમલોથી સત્તા પણ પગોમાં આવશે.

અને ફર્માવે છે :–

وَالْعَصْرِ ۝ اِنَّ الْاِنْسَانَ لَفِيْ خُسْرٍ ۝ اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝

''આ મહબૂબના જમાનાની કસમ ! બેશક ! માણસ જરૂર નુકસાનમાં છે. પણ જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં અને એકબીજાને હક્ક઼ની તાક઼ીદ કરી અને એક બીજાને સબ્રને વસિયત કરી.''

*–(સૂ. અસ્ર, ૧૦૩/૧ થી ૩)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! કેટલાક લોકો એવું સમજીને ગફલતની જિંદગી જીવે છે કે આપણે તો મુસલમાન છીએ, ઈમાનવાળા છીએ તો આપણે જન્નતમાં જવાના જ છીએ, ભલે ગમે તેવા અમલો કરીએ ! તો આ મૂર્ખાઈ નથી તો શું છે ?! ક઼ુર્આન તો ફર્માવે છે કે ''બેશક ! માણસ ચોક્કસ નુકસાનમાં છે, પણ જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં...'' હવે વિચારો ! ક઼ુર્આનના આદેશની વિરૂધ્ધ ચાલીને કેવી રીતે કામયાબી મળી શકે છે ?! જેથી ઈમાનની સાથોસાથ નેક અમલો કરવા અનિવાર્ય છે, એનો કોઈ વિકલ્પ જ નથી.

## (૫) મુત્તહિદ (એક) બની જાવ !

આપસમાં વિખવાદ તથા વિવાદની ઈસ્લામ સખત બુરાઈ વર્ણવે છે. ક઼ુર્આને એક મો'મિનને બીજા મો'મિનનો ભાઈ ઠરાવીને મેળ મહોબ્બત સાથે રહેવાનો હુકમ અતા કર્યો છે. ઈર્શાદ ફર્માવે છે :

اِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ ۝ ''તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળા કે નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે અને અલ્લાહની સમક્ષ ઝુકેલા છે.'' *(સૂ. માઈદા, ૫/૫૫, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا ''અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહીં'' *(સૂ. અન્ફાલ, ૮/૪૬, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ''અને મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ એક બીજાનાં દોસ્ત છે.'' *(સૂ. તૌબા, ૯/૭૧, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ ''મુસલમાન મુસલમાન ભાઈ છે.'' *(સૂ. હુજુરાત, ૪૯/૧૦, કન્ઝુલ ઈમાન)*

આજનો મુસલમાન દુનિયવી સબબોના કારણે, દુનિયવી લાભોના કારણે, દુનિયવી માલ, સંપત્તિ તથા સત્તાની લાલચમાં, દુનિયવી હોદ્દાઓને પામવા માટે પોતાના મુસલમાન ભાઈનો દુશ્મન બની જાય છે અને કુસંપ, મારપીટ તથા અદાવતમાં લડાઈઓ થતી આપણે જોઈએ છીએ. કાશ ! કે મુસલમાન ક્યારેક કુર્આનના આ આદેશોને પણ વાંચતો પઢતો. અલ્લાહ મુસલમાનોને નેક તૌફીક઼ બખ્શે.

## (૬) દીનના દુશ્મનોથી સાવધાન રહો !

ઈસ્લામ દુશ્મન તાક઼તોએ દરેક યુગમાં જાત જાતના હુમ્લાઓ વડે ઈસ્લામ તથા મુસલમાનોને જિંદગીથી તેમજ ઈમાનથી હાથ ધોવડાવવાની કોશિશો કરી છે. એટલા માટે કુર્આને મુસલમાનોને સાવચેત કર્યા છે કે તેઓ બદમઝહબોથી મેલજોલ ન રાખે. ક્યાંક એવું ન બને કે તેઓ આપના ઈમાન પર જ હાથ સાફ કરી આપે અને તમને એહસાસ પણ ન થાય.

કુર્આન ફર્માવે છે : يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا "હે ઈમાનવાળાઓ ! ગૈરોને તમારા રાઝદાર ન બનાવો, તમારી બુરાઈમાં કમી નથી કરતા." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૧૮, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : اِنْ تَمْسَسْكُمْ حَسَنَةٌ تَسُؤْهُمْ "તમને કોઈ ભલાઈ પહોંચે તો તેમને બુરુ લાગે."
*–(સૂ. આલે ઈમરાન, ૩/૧૨૦, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تُطِيْعُوا الَّذِيْنَ كَفَرُوْا يَرُدُّوْكُمْ عَلٰۤى اَعْقَابِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ

"હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોના કહ્યા પર ચાલ્યા તો તેઓ તમને ઉલ્ટા પગે લોટાવી દેશે પછી નુકસાન વેઠીને પરત જશો." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૪૯, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવે છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّ لَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ الْكُفَّارَ اَوْلِيَآءَ

"હે ઈમાનવાળાઓ ! જેમણે તમારા દીનને હંસી ખેલ બનાવી લીધો છે, તેઓ જેમને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી અને કાફિર, એમાંથી કોઈને તમારો દોસ્ત ન બનાવો." *(સૂ. માઈદા, ૫/૫૭, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવ્યું : لَا يَرْقُبُوْنَ فِيْ مُؤْمِنٍ اِلًّا وَّ لَا ذِمَّةً "કોઈ મુસલમાનમાં ન સગાઈનો લેહાઝ કરે ન વાયદાનો. પછી જો તે તૌબા કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપે તો તે તમારા દીની ભાઈ છે." *(સૂ. તૌબા, ૯/૧૦–૧૧, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَ اِنْ اَطَعْتُمُوْهُمْ اِنَّكُمْ لَمُشْرِكُوْنَ "અને જો તમે એમનું કહ્યું માનો તો એ વખતે તમે મુશ્રિક છો." *(સૂ. અન્આમ, ૬/૧૨૧, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવે છે :–

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ نَافَقُوْا يَقُوْلُوْنَ لِاِخْوَانِهِمُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ لَىِٕنْ اُخْرِجْتُمْ لَنَخْرُجَنَّ مَعَكُمْ وَ لَا نُطِيْعُ فِيْكُمْ اَحَدًا اَبَدًا

"શું તમે મુનાફિક઼ોને ન જોયા કે પોતાના ભાઈઓ કાફિર કિતાબીઓથી કહે છે કે જો તમને કાઢવામાં આવ્યા

તો જરૂર અમે તમારી સાથે જઈશું અને કદાપિ તમારા બારામાં કોઈનું ન માનીશું." (સૂ. હશ્ર, ૫૯/૧૧, કન્ઝુલ ઈમાન)

સારાંશ કે અહીં જાહેરમાં કલમો પઢવાવાળા પણ અંદરથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَના દુશ્મન મુનાફિક઼ોથી દૂર રહેવા તથા બચવાની તાકીદ થઈ રહી છે.

જેમ કે એક જગાએ ફર્માવ્યું, તમારો પાલનહાર ફર્માવે (સૂ. મુજાદિલહ, આ. ૨૨માં) છે :–

لَا تَجِدُ قَوۡمًا یُّؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَ الۡیَوۡمِ الۡاٰخِرِ یُوَآدُّوۡنَ مَنۡ حَآدَّ اللّٰهَ وَ رَسُوۡلَهٗ وَ لَوۡ كَانُوۡۤا اٰبَآءَهُمۡ اَوۡ اَبۡنَآءَهُمۡ اَوۡ اِخۡوَانَهُمۡ اَوۡ عَشِیۡرَتَهُمۡ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِیۡ قُلُوۡبِهِمُ الۡاِیۡمَانَ وَ اَیَّدَهُمۡ بِرُوۡحٍ مِّنۡهُ ؕ وَ یُدۡخِلُهُمۡ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِیۡنَ فِیۡهَا ؕ رَضِیَ اللّٰهُ عَنۡهُمۡ وَ رَضُوۡا عَنۡهُ ؕ اُولٰٓئِكَ حِزۡبُ اللّٰهِ ؕ اَلَاۤ اِنَّ حِزۡبَ اللّٰهِ هُمُ الۡمُفۡلِحُوۡنَ ۝۲۲

"જેઓ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન લાવે છે તું નહીં જોઈશ કે તેમના દિલોમાં એવાઓની મહોબ્બત આવવા પામે જેઓએ ખુદા તઆલા તથા રસૂલ ﷺ ની મુખાલિફત કરી, **ભલે તે તેમના બાપ અથવા બેટા અથવા ભાઈ કે પ્રિયજન કેમ ન હોય !** આ છે તે લોકો જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી દીધું, અને પોતાના તરફની રૂહથી તેમની મદદ કરી, અને તેમને બગીચાઓમાં લઈ જશે, જેમની નીચે નહેરો વહી રહી છે. તેમાં હમેશાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી એ જ લોકો અલ્લાહવાળા છે, સાંભળે છે ! અલ્લાહવાળા જ ધ્યેયને વર્યા."

તમારો પરવદિગાર (સૂ. તૌબા, આ. ૨૩)માં ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡا لَا تَتَّخِذُوۡۤا اٰبَآءَكُمۡ وَ اِخۡوَانَكُمۡ اَوۡلِیَآءَ اِنِ اسۡتَحَبُّوا الۡكُفۡرَ عَلَی الۡاِیۡمَانِ ؕ وَ مَنۡ یَّتَوَلَّهُمۡ مِّنۡكُمۡ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوۡنَ ۝۲۳

"અય ઈમાનવાળાઓ ! તમારા બાપ તમારા ભાઈ જો ઈમાન છોડી કુફ્રને પસંદ કરતા હોય તો તેમને દોસ્ત બનાવો નહીં. અને તમારામાંથી જે એમની દોસ્તી કરે તો તે જ લોકો જુલ્મી છે."

સારાંશ કે ખુદા વ રસૂલના દુશ્મનો વહાબી, ગેર મુક઼લ્લિદ, દેવબંદી, રાફઝી, ખારજી, શીઆ, ક઼ાદયાની વગેરે સર્વ બેદીનોથી સંબંધો કટ કરો, સગાઈ વહેવાર વગેરેથી દૂર રહો, એમાં જ બંને જહાનની ભલાઈ છે. આજે લોકો પોતાની અંગત બાબતની દુશ્મનીમાં સગાઓ, દોસ્તો, સગા ભાઈઓથી સંબંધ કટ કરી નાખે છે પણ ખુદા વ રસૂલના દુશ્મનો બદઅક઼ીદાઓથી સંબંધ દોસ્તી કટ નથી કરતા, પરિણામે ઈમાન કમજોર બને છે, બલ્કે જતા દિવસે કુટુંબોનાં કુટુંબો ઈમાન ખોઈને વહાબી બની જાય છે, કે જેમનુ ઠેકાણુ જહન્નમ જ છે.

## (૭) અલ્લાહ પર સંપૂર્ણપણે ભરોસો રાખો

તક઼દીરના લખેલાને કોઈ બદલી નથી શકતું. કોઈ શક્તિથી ન ગભરાવાની જરૂરત છે ન તો કોઈનાથી કોઈ ઉમ્મીદ રાખવાની જરૂરત છે. અલ્લાહ પર ભરોસો કરો કે તે બેહતરીન કારસાઝ છે. ઈર્શાદે રબ્બાની છે : اِنَّ النَّاسَ قَدۡ جَمَعُوۡا لَكُمۡ فَاخۡشَوۡهُمۡ فَزَادَهُمۡ اِیۡمَانًا ۖۗ وَّ قَالُوۡا حَسۡبُنَا اللّٰهُ وَ نِعۡمَ الۡوَكِیۡلُ ۝ "લોકોએ તમારા માટે (ખૂબ) જથ્થો (માણસોનો) એકત્ર કર્યો છે, તો એમનાથી ડરો તો તેમનું ઈમાન અધિક વધી ગયું. અને

બોલ્યા, અલ્લાહ અમને પૂરતો છે, અને કેટલો સારો કારસાઝ (કામો બનાવનાર) છે." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૭૩, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : قُلْ لَّنْ یُّصِیْبَنَاۤ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَاۚ هُوَ مَوْلٰىنَاۚ وَ عَلَى اللّٰهِ فَلْیَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ۝

"તમે ફર્માવો અમને ન પહોંચશે પણ જે અલ્લાહે અમારા માટે લખી આપ્યું. તે અમારો માલિક છે અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ." *(સૂ. તૌબા, ૯/૫૧, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَ مَنْ یَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗؕ "અને જે અલ્લાહ પર ભરોસો કરે તો તે એને પૂરતો છે." *(સૂ. તલાક઼, ૬૫/૩, કન્ઝુલ ઈમાન)*

સારાંશ કે દરેક બાબતે અલ્લાહ પર પૂરતો ભરોસો કરવો જોઈએ. રોજીનો મસ્અલો હોય કે કોઈ મુસીબતનો સમય હોય. તક઼દીરમાં જે લખાયું હશે તે જ થશે અને અલ્લાહની રઝામાં રાજી રહેવું જોઈએ.

## (૮) આપસમાં મદદ કરીને નેકીઓમાં વધારો કરો

કુર્આન ફર્માવે છે : تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى ۪ وَ لَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَ الْعُدْوَانِ ۪ "અને નેકી તથા પરહેઝગારીમાં એકબીજાની મદદ કરો અને ગુનાહ તથા જુલ્મ પર આપસમાં મદદ ન કરો." *(સૂ. માઈદા, ૫/૨, કન્ઝુલ ઈમાન)*

નેક કામોમાં એકબીજાની મદદ કરવી અને ગુનાહના કામોમાં કોઈની પણ મદદ કરવાથી પરહેઝ કરવું. એમાં જ સૌની ભલાઈ તથા કામયાબીનું રાઝ સમાયેલ છે.

## (૯) સબ્ર તથા તક઼્વાના થકી તમારા દુશ્મનોનો સામનો કરો

જો મુસલમાનો સબ્ર તથા તક઼્વો (ખુદાનો ડર) અપનાવી લે તો પછી એના દુશ્મનોની ચાલ કદાપિ કારગત નથી નિવડી શકતી. દરેક શક્તિથી મુક઼ાબલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનોને બે હથિયારો આપ્યાં છે, એકનું નામ છે **સબ્ર (ધીરજ)** અને બીજાનું નામ **તક઼્વો (ખુદાનો ડર)**. ફર્માવે છે : وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا لَا یَضُرُّكُمْ كَیْدُهُمْ شَیْــٴًـاؕ "અને જો તમે સબ્ર તથા પરહેઝગારી કરતા રહો તો તેમનો દાવ તમારું કાંઈ બગાડી શકશે નહીં." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૨૦, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوا اصْبِرُوْا "હે ઈમાનવાળાઓ ! સબ્ર કરો અને સબ્રમાં દુશ્મનોથી આગળ રહો." *(સૂ. આલે ઈમરાન, ૩/૨૦૦, કન્ઝુલ ઈમાન)* અને ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِذَا لَقِیْتُمْ فِئَةً فَاثْبُتُوْا وَ اذْكُرُوا اللّٰهَ كَثِیْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ۝ وَ اَطِیْعُوا اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَ تَذْهَبَ رِیْحُكُمْ وَ اصْبِرُوْاؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِیْنَ۝

"હે ઈમાનવાળાઓ ! જ્યારે કોઈ ફોજથી તમારો સામનો થાય તો અડગ રહો અને અલ્લાહની ખૂબ જ યાદ કરો કે જેથી તમે મુરાદે (ધ્યેયને) પહોંચો. અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહીં કે ફરી બુઝદિલી (ડરપોકપણુ) કરશો અને તમારી બંધાયેલી હવા જતી રહેશે. અને **સબ્ર કરો,**

**બેશક ! અલ્લાહ સબ્રવાળાઓની સાથે છે."** *(સૂ. અન્ફાલ, ૮/૪૫,૪૬, કન્ઝુલ ઈમાન)*

પ્યારા દીની ભાઈઓ ! આ આયતના તર્જુમાને વારંવાર વાંચો અને મુસ્લિમ જગતના હાલાત જુઓ તો મેહસૂસ કરશો કે આજે જે પડતીની હાલતમાં સપડાયેલા છે તે આ હુકમો પર અમલ ન કરવાના સબબે જ છે. ન સબ્ર જોવા મળે છે ન ખુદાનો ખૌફ ! મુસલમાનોમાં સર્વત્ર ગુનાહોનું બજાર ખૂબ જ ગરમ જોવા મળે છે.

## (૧૦) ત્યાગવૃત્તિ (ઈષાર) તથા કુર્બાની

દુનિયાની કોઈ દૌલત, સંપત્તિ, ચીજ દીન તથા આખેરતની ભલાઈ કરતાં કિંમતી નથી. ખુદાએ તમને મોકો પૂરો પાડયો છે કે જરૂરતના સમયે પોતાના દીન તથા ઈમાનની રક્ષાના માટે જાન તથા માલની તુચ્છ કુર્બાની આપીને આખેરતની કદી ખત્મ ન થનારી તથા મહાન દૌલતથી માલામાલ થઈ જાવ.

કુર્આન ફર્માવે છે : لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ "તમે કદાપિ ભલાઈને પહોંચશો નહીં જ્યાં સુધી ખુદાની રાહમાં તમારી પ્યારી ચીજ ખર્ચ ન કરો." *(સૂ. આલે ઈમરાન, ૩/૯૨)*

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَا لَكُمْ اِذَا قِيْلَ لَكُمُ انْفِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اثَّاقَلْتُمْ اِلَى الْاَرْضِ ؕ اَرَضِيْتُمْ بِالْحَيٰوةِ الدُّنْيَا مِنَ الْاٰخِرَةِ ۚ فَمَا مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا فِي الْاٰخِرَةِ اِلَّا قَلِيْلٌ ۝

"હે ઈમાનવાળાઓ ! તમને શું થયું જ્યારે તમને કહેવામાં આવે કે ખુદાની રાહમાં કૂચ કરો તો બોજના માર્યા જમીન પર બેસી જાવ છો ! શું તમે દુનિયાની જિંદગીને આખેરતના બદલામાં પસંદ કરી લીધી ?! અને આ જીવતી દુનિયાના અસ્બાબ (માલો) આખેરતની સામે નથી પણ થોડા છે."

*(સૂ. તૌબા, ૯/૩૮, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَجٰهِدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ "અને અલ્લાહની રાહમાં લડો તમારા માલ તથા જાન વડે." *(સૂ. તૌબા, ૯/૨૦, કન્ઝુલ ઈમાન)*

અને ફર્માવે છે : وَيُؤْثِرُوْنَ عَلٰۤى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ "અને પોતાની જાનો પર તેમને અગ્રતા આપે છે ભલે તેમને સખત મોહતાજી હોય." *(સૂ. હશ્ર, ૫૯/૯, કન્ઝુલ ઈમાન)*

આ દસ નિયમો આપણા ખાલિક઼ માલિકે બતાવેલા છે, જે આપણી બંને જહાનની ભલાઈ તથા કામયાબી માટેના છે. એના પર મજબૂત ઈમાન રાખીને જો મુસલમાન જિંદગી જીવે તો બંને જહાનમાં કામયાબી જ કામયાબી છે. ખૂબ જ સાદી સરળ ભાષામાં આ ઉસૂલો દર્શાવ્યા છે એને વાંચો અને પછી બીજાની વાત ન કરવી પણ પોતાને આ આઈના સામે રાખી દો કે શું આપણે એના મુજબ જીવીએ છીએ ?! જો એના મુજબ નથી જીવતા તો અત્યારે જ તૌબા કરી લો અને આ ઉસૂલો પર ચાલવા મક્કમ નિર્ધાર કરી લો, ઈન્શા અલ્લાહ ! કામયાબી આપણા ક઼દમો ચૂમશે અને આપણો ખોવાયેલો વક઼ાર પરત દોડીને આવશે. રબ તઆલા તમને મને સૌ મુસલમાન ભાઈઓ બહેનોને એની તૌફીક઼ આપે. (આમીન)

*–(તહફ્ફુઝે અક઼ાઈદ નંબર, ઈસ્તિક઼ામત ડાઈજેસ્ટ, કાનપુર, ઈ.સ. ૧૯૯૬ના સૌજન્યથી)*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمة الله عليه

**સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

وَ مَا كَانَ قَوْلَهُمْ اِلَّاۤ اَنْ قَالُوْا رَبَّنَا اغْفِرْ لَنَا
ذُنُوْبَنَا وَ اِسْرَافَنَا فِیْۤ اَمْرِنَا وَ ثَبِّتْ اَقْدَامَنَا وَ
انْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِیْنَ﴿١٤٧﴾ فَاٰتٰىهُمُ اللّٰهُ
ثَوَابَ الدُّنْیَا وَ حُسْنَ ثَوَابِ الْاٰخِرَةِؕ وَ اللّٰهُ
یُحِبُّ الْمُحْسِنِیْنَ﴿١٤٨﴾ؑ یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِنْ
تُطِیْعُوا الَّذِیْنَ كَفَرُوْا یَرُدُّوْكُمْ عَلٰۤى اَعْقَابِكُمْ
فَتَنْقَلِبُوْا خٰسِرِیْنَ﴿١٤٩﴾ بَلِ اللّٰهُ مَوْلٰىكُمْۚ وَ هُوَ
خَیْرُ النّٰصِرِیْنَ﴿١٥٠﴾ سَنُلْقِیْ فِیْ قُلُوْبِ الَّذِیْنَ
كَفَرُوا الرُّعْبَ بِمَاۤ اَشْرَكُوْا بِاللّٰهِ مَا لَمْ یُنَزِّلْ بِهٖ
سُلْطٰنًاۚ وَ مَاْوٰىهُمُ النَّارُؕ وَ بِئْسَ مَثْوَى
الظّٰلِمِیْنَ﴿١٥١﴾ وَ لَقَدْ صَدَقَكُمُ اللّٰهُ وَعْدَهٗۤ اِذْ
تَحُسُّوْنَهُمْ بِاِذْنِهٖۚ حَتّٰۤى اِذَا فَشِلْتُمْ وَ تَنَازَعْتُمْ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

અને તેઓ આ દુઆ સિવાય કશું જ કહેતા ન હતા[૯૩] કે હે અમારા પાલનહાર ! અમારા ગુનાહ માફ કરી દે. અને (તે પણ માફ કર) જે વધુ પડતુ અમે અમારા કામોમાં કર્યુ[૯૪] અને અમારા ક઼દમ જમાવી દે અને અમને આ કાફિર લોકો પર મદદ કર[૯૫] (૧૪૭) તો અલ્લાહે તેમને દુનિયાનું (પણ) ઈનામ આપ્યું[૯૬] અને આખિરતના સવાબની ખૂબી (પણ આપી)[૯૭] અને નેકીવાળા અલ્લાહને પ્રિય છે (૧૪૮) હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોને કહ્યે ચાલ્યા[૯૮] તો તેઓ તમને અવળા પગે ફેરવી નાખશે[૯૯] પછી ખોટ ખાઈને ફરી જાશો[૧૦૦] બલ્કે અલ્લાહ તમારો વાલી છે. અને તે સવોત્તમ મદદગાર (છે) (૧૫૦) આ હમણાં જ અમે કાફિરોના દિલોમાં ધાક પેસાડી દઈશું[૧૦૧] કે તેમણે અલ્લાહનો ભાગીદાર ઠરાવ્યો જેના પર તેણે કોઈ સમજ ન ઉતારી. અને તેમનું ઠેકાણુ દોઝખ છે. અને અન્યાયીઓનું ઠેકાણું કેટલુ ખરાબ (છે) (૧૫૧) અને બેશક ! અલ્લાહે તમને પોતાનો વાયદો સત્ય કરી દેખાડયો. જ્યારે તમે તેના હુકમથી કાફિરોને ક઼ત્લ કરતા હતા[૧૦૨] ત્યાં સુધી કે તમે નાહિમ્મતી દાખવી અને હુકમમાં ઝગડો નાખ્યો[૧૦૩] અને

فِي الْاَمْرِ وَ عَصَيْتُمْ مِّنْۢ بَعْدِ مَاۤ اَرٰىكُمْ مَّا
تُحِبُّوْنَ ؕ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَ مِنْكُمْ مَّنْ
يُّرِيْدُ الْاٰخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ لِيَبْتَلِيَكُمْ ۚ
وَ لَقَدْ عَفَا عَنْكُمْ ؕ وَ اللّٰهُ ذُوْ فَضْلٍ عَلَى
الْمُؤْمِنِيْنَ (١٥٢) اِذْ تُصْعِدُوْنَ وَ لَا تَلْوٗنَ عَلٰۤى اَحَدٍ وَّ
الرَّسُوْلُ يَدْعُوْكُمْ فِيْۤ اُخْرٰىكُمْ فَاَثَابَكُمْ غَمًّۢا
بِغَمٍّ لِّكَيْلَا تَحْزَنُوْا عَلٰى مَا فَاتَكُمْ وَ لَا مَاۤ
اَصَابَكُمْ ؕ وَ اللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ (١٥٣) ثُمَّ اَنْزَلَ
عَلَيْكُمْ مِّنْۢ بَعْدِ الْغَمِّ اَمَنَةً نُّعَاسًا يَّغْشٰى
طَآىِٕفَةً مِّنْكُمْ ۙ وَ طَآىِٕفَةٌ قَدْ اَهَمَّتْهُمْ اَنْفُسُهُمْ
يَظُنُّوْنَ بِاللّٰهِ غَيْرَ الْحَقِّ ظَنَّ الْجَاهِلِيَّةِ ؕ
يَقُوْلُوْنَ هَلْ لَّنَا مِنَ الْاَمْرِ مِنْ شَيْءٍ ؕ قُلْ اِنَّ
الْاَمْرَ كُلَّهٗ لِلّٰهِ ؕ يُخْفُوْنَ فِيْۤ اَنْفُسِهِمْ مَّا لَا
يُبْدُوْنَ لَكَ ؕ يَقُوْلُوْنَ لَوْ كَانَ لَنَا مِنَ الْاَمْرِ
شَيْءٌ مَّا قُتِلْنَا هٰهُنَا ؕ قُلْ لَّوْ كُنْتُمْ فِيْ بُيُوْتِكُمْ
لَبَرَزَ الَّذِيْنَ كُتِبَ عَلَيْهِمُ الْقَتْلُ اِلٰى
مَضَاجِعِهِمْ ۚ وَ لِيَبْتَلِيَ اللّٰهُ مَا فِيْ صُدُوْرِكُمْ وَ
لِيُمَحِّصَ مَا فِيْ قُلُوْبِكُمْ ؕ وَ اللّٰهُ عَلِيْمٌۢ بِذَاتِ
الصُّدُوْرِ (١٥٤)

હુકમનો અનાદર કર્યો[૧૦૪] એ પછી કે અલ્લાહ તમને તમારી ખુશીની વાત દેખાડી ચૂક્યો (હતો)[૧૦૫] તમારામાં કોઈ દુનિયા ચાહતો હતો[૧૦૬] અને તમારામાં કોઈ આખિરત ઈચ્છતો હતો[૧૦૭] પછી તમારૂં મોઢું તેમના તરફથી ફેરવી દીધું જેથી તમને અજમાવે[૧૦૮] અને બેશક ! તેણે તમને માફ કરી દીધા, અને અલ્લાહ મુસલમાનો પર ફઝલ કરે છે (૧૫૨) જ્યારે તમે મોઢું ઉઠાવી ચાલ્યે જતા હતા અને પીઠ ફેરવી કોઈને જોતા (પણ) ન હતા. અને બીજી ટુકડીમાં અમારા રસૂલ તમને બોલાવી રહ્યા હતા[૧૦૯] તો તમને દુ:ખના બદલે દુ:ખ આપ્યું[૧૧૦] અને માફી એટલા માટે સંભળાવી કે જે હાથથી ગયું અને જે મુસીબત પડી તેનો રંજ ન કરો. અને અલ્લાહને તમારા કામોની ખબર છે (૧૫૩) પછી તમારા પર દુ:ખ બાદ શાંતિની ઊંઘ ઉતાર[૧૧૧] કે (જેણે) તમારી એક ટુકડીને ઘેરી લીધી હતી[૧૧૨] અને એક ટુકડીને[૧૧૩] પોતાના જીવની પડેલી હતી[૧૧૪] અલ્લાહ બાબત અયોગ્ય ધારણા રાખતા હતા[૧૧૫] અજ્ઞાનતા જેવી ધારણા. કહેતા (હતા) શું આ કામમાં કંઈ અમારો પણ અધિકાર છે ? તમે ફર્માવી દો કે અધિકાર તે બધો અલ્લાહનો છે[૧૧૬] પોતાના દિલોમાં સંતાડે છે[૧૧૭] જે તમારા પર જાહેર કરતા નથી, કહે છે જો અમારૂં કંઈ ચાલત[૧૧૮] તો અમે અહીં માર્યા જત નહીં, તમે ફર્માવી દો જો તમે પોતાના ઘરોમાં હોત તો પણ જેનું માર્યું જવું લખાઈ ચૂક્યું હતું (તેઓ) પોતાને કતલ થવાની જગ્યા સુધી નીકળીને આવત[૧૧૯] એટલા ખાતર કે અલ્લાહ તમારા સીનાની વાત અજમાવે. અને જે કંઈ તમારા હૈયાઓમાં છે[૧૨૦] તેને ઉઘાડુ કરે, અને અલ્લાહ દિલોની વાત જાણે છે.[૧૨૧] (૧૫૪)

## :: સમજૂતી ::

**૯૩ :** એટલે કે દીનની હીમાયત અને યુદ્ધ મોરચાઓ પર તેમની જીભે કોઈ એવું વાક્ય ન આવતું જેમાં ગભરામણ, પરેશાની અને અનિશ્ચિત્તાનો અંશ પણ હોય. બલ્કે તેઓ અડગતાની સાથે મજબૂતીથી જામેલા રહેતા હતા અને દુઆ કરતા હતા.

**૯૪ :** એટલે કે તમામ સગીરા અને કૂબીરા ગુનાહો, તે લોકો રબ્બાની (અલ્લાહવાળા) હોવા છતાં પોતાની તરફ ગુનાહોનો સંબંધ જોડવો ઈન્કેસારી (પોતાની જાતને કમ સમજવું) અને બંદાપણાના આદાબમાંથી છે.

**૯૫ :** આનાથી એ મસઅલો સાબિત થયો કે હાજતની દુઆ કરતા પહેલાં તવબહ અને ઈસ્તિગફાર દુઆના આદાબ (તરીકા)માંથી છે.

**૯૬ :** એટલે કે જીત અને સફળતા તેમજ શત્રુઓ પર વિજય.

**૯૭ :** મગફિરત અને જન્નત તેમજ યોગ્યતાથી વધારે ઈનામ અને મહેરબાની.

**૯૮ :** ભલે પછી તે યહૂદી અને નસરાની હોય અથવા કાફિર કે મુશ્રિક હોય.

**૯૯ :** કુફ્ર અને બેદીની તરફ.

**૧૦૦ : મસ્અલો :** આ આયતથી જણાયું કે મુસલમાનો માટે કાફિરોથી છોટું રહેવું જરૂરી છે, અને કદાપિ તેમની સલાહ અને અભિપ્રાય પ્રમાણે વર્તવું જોઈએ નહીં, અને તેમના કહેવા અનુસાર ચાલતું જોઈએ નહીં.

**૧૦૧ :** ઉહદની લડાઈમાંથી પરત થતાં જ્યારે અબૂ સુફિયાન વગેરે પોતાના સિપાહીઓ સહિત મક્કા મુકર્રમા તરફ રવાના થયા. તો તેમને એ બાબત અફસોસ થયો કે તેમણે મુસલમાનોનો તદન સર્વનાશ કેમ કરી નાખ્યો નહીં. અંદરોઅંદર સલાહ કરી એ બાબત તૈયાર થયા કે જઈને તેમને તદન નાબૂદ કરી નાખીએ, જ્યારે તેમનો એ ઈરાદો પાકો થયો ત્યારે અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં ધાક બેસાડી દીધી. અને તેમને ઘણી બીક લાગી પછી તેઓ મક્કા મુકર્રમા તરફ જ આગળ વધી ગયા, જો કે કારણ તો ખાસ (મોકાસર) હતું પણ (સામાન્ય રીતે) રોબ તમામ કાફિરોના દિલોમાં બેસાડી દેવામાં આવ્યો જેથી દુનિયાના બધા જ કાફિરો મુસલમાનોથી ડરે છે, અને અલ્લાહના ફઝલથી દીને ઈસ્લામ તમામ ધર્મો પર સર્વોપર્રિતા ધરાવે છે.

**૧૦૨ :** જંગે ઉદહમાં

**૧૦૩ :** કાફિરોના પરાજય પછી હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર સાથે જે તીરંદાઝો હતા તે એક બીજાને કહેવા લાગ્યા કે કાફિરો તો હારી ગયા છે હવે અહીં રહીને શું કરવાનું ? ચાલો કંઈ ગનીમતનો માલ મેળવવા પ્રયત્ન કરીએ, અમુકે કહ્યું કે મોરચો ન છોડો, હુઝૂર ﷺએ તાકીદની સાથે હુકમ કર્યો છે કે તમે પોતાની જગ્યાએ અટલ રહેશો, મારો હુકમ ન આવે ત્યાર સુધી મોરચો છોડશો નહીં, છતાં પણ લોકો ગનીમત મેળવવા ચાલી નીકળ્યા અને હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર સાથે દસથી પણ ઓછા સહાબા રહી ગયા.

**૧૦૪ :** જગ્યા છોડીને ગનીમત મેળવવામાં મગ્ન થઈ ગયા.

**૧૦૫ :** એટલે કે કાફિરોની હાર

**૧૦૬ :** જે જગ્યા છોડીને ગનીમત માટે ચાલી નીકળ્યા.

**૧૦૭ :** જે પોતાના સરદાર અબ્દુલ્લાહ બિન જુબૈરની સાથે અટલ રહીને શહીદ થઈ ગયા.

**૧૦૮ :** અને મુસીબતો પર તમારા સબ્ર અને

શુકવાળા હોવાનું ઈમ્તિહાન થાય.

**૧૦૯ :** કે હે અલ્લાહના બંદાઓ ! મારા તરફ આવો.

**૧૧૦ :** એટલે કે તમે રસૂલે કરીમ ﷺના આદેશનો અનાદર કરીને તેમને જે દુઃખ પહોંચાડયું હતું તેના બદલામાં તમને હાર (પરાજય)ના દુઃખમાં સપડાવ્યા.

**૧૧૧ :** જે ધાક અને બીક લોકોના દિલોમાં હતી તેને અલ્લાહ તઆલાએ દૂર કરી અને શાંતિ અને રાહતની ઊંઘ ઉતારી. એટલા સુધી કે મુસલમાનોને ઊંઘ આવી ગઈ, અને ઊંઘ તેઓ પર છવાઈ ગઈ, હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે કે ઉહદના દિવસે ઊંઘ અમારા પર છવાઈ ગઈ, અમે મેદાનમાં હતા, તલવાર અમારા હાથોમાંથી છૂટી જતી હતી, પાછી ઉપાડી લેતા હતા, ફરી પાછી પડી જતી હતી.

**૧૧૨ :** અને તે ટુકડી સાચા ઈમાનવાળાઓની હતી.

**૧૧૩ :** જે મુનાફિકોની હતી.

**૧૧૪ :** અને તેઓ બ્હીકના માર્યા પરેશાન હતા. અલ્લાહ તઆલાએ ત્યાં મો'મિનોને મુનાફિક઼ોથી એ રીતે તારવી લીધા હતા કે જેઓ ઈમાનદાર હતા તેમના પર તો શાંતિ અને સુખદાયક ઊંઘ છવાએલી હતી. અને મુનાફિક઼ો ભયના વાતાવરણમાં પોતાના જીવોની ફિકરમાં પરેશાન હતા, અને એ એક મહાન મોઅજિઝો અને મોટો ચમત્કાર હતો.

**૧૧૫ :** અર્થાત કે મુનાફિક઼ો એવું ધારતા હતા કે અલ્લાહ તઆલા સૈયદે આલમ ﷺની મદદ નહીં કરે અથવા હુઝૂર શહીદ થઈ ગયા હવે આપનો દીન બાકી નહીં રહે.

**૧૧૬ :** જીત આપવી તેમજ મૌત અને તકદીર બધું તેના હાથમાં છે.

**૧૧૭ :** મુનાફિક઼ પોતાનું કુફ્ર તેમજ ખુદાઈ વચનમાં તેમને શંકા હોવી, જિહાદમાં મુસલમાન સાથે આવવા બાબત પસ્તાવું વગેરે સંતાડે છે.

**૧૧૮ :** અને એમને સમજ હોય તો અમે ઘરોમાંથી નીકળતા નહીં, મુસલમાનોની સાથે મક્કાવાસીઓ સાથે લડવા ન આવતા, અને અમારા આગેવાનો માર્યા જાત નહીં, પ્રથમ કથન બોલનાર અબ્દુલ્લાહ બિન ઉબૈય બિન સલૂલ મુનાફિક઼ હતો અને બીજી વાત મુઅત્તબ બિન કશીરે કહી હતી.

**૧૧૯ :** અને ઘરોમાં પૂરાઈ રહેવાનું કામ લાગત નહીં, કારણ કે મોત અને તક઼દીર વિરૂધ્ધ તદબીર અને ઉપાય બેકાર છે.

**૧૨૦ :** નિખાલસતા કે નિફ઼ાક ?

**૧૨૧ :** તેનાથી કશું છુપું નથી, અને એ અજમાઈશ બીજાઓને ખબરદાર કરવા માટે છે.

## ઈન્તેક઼ાલ પુરમલાલ !

**અમદાવાદ :** (૪૯–તવક્કલ સોસાયટી, સરખેજ) ખાતે મર્હૂમ સરદાર મુહમ્મદ "શમ્સ" શેખ સાહબ બે માસ પહેલાં ઈન્તેક઼ાલ કરી ગયા છે. મર્હૂમ રિટાયર્ડ લેબર કમિશ્નર હતા. દીની સુન્ની સાહિત્યથી આપને ઘણો જ લગાવ હતો. આપને લેખ લખવાનો પણ સારો શોખ હતો તેમજ અંગ્રેજી પર આપને સારુ પ્રભુત્વ હતું. આપ પ્રખર સુન્ની હતા. આપે **Wahabi & Devbnadi Beliefs** (લેખક : સલીમ ઘીસા–પ્રેસ્ટન, યુ.કે.) નામની અંગ્રેજી કિતાબનો ગુજરાતીમાં "દા'વતે હક્ક઼" નામથી અનુવાદ કર્યો હતો જે ખૂબ મક઼બૂલ રહી અને બે વાર અમોએ પ્રસિદ્ધ કરી છે, હજી સ્ટોકમાં છે. દુઆ છે રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં તેમની દીની સેવાઓ ક઼બૂલ કરે અને તેમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા કરે. –*તંત્રી*

## દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

### એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

તેમનાથી જ (હઝરત અબૂ મહઝૂરાથી) રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મને સુન્નત અઝાન શીખવાડો[૧] ફર્માવે છે કે હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ તેમના માથાના આગલા ભાગ પર હાથ ફેરવ્યો[૨] ફર્માવ્યું : કહો, اَللّٰهُ اَکْبَرُ : اَللّٰهُ اَکْبَرُ : اَللّٰهُ اَکْبَرُ : اَللّٰهُ اَکْبَرُ મોટા અવાજથી. પછી કહ્યું, કહો اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ધીમા અવાજથી. પછી શહાદતથી તમારો અવાજ મોટો કરો[૩]

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ حَیَّ عَلَی الصَّلٰوةِ حَیَّ عَلَی الصَّلٰوةِ حَیَّ عَلَی الْفَلَاحِ، حَیَّ عَلَی الْفَلَاحِ

જો સવારની નમાઝ હોય તો આ પણ કહી લો :–

اَلصَّلٰوةُ خَیْرٌ مِّنَ النَّوْمِ : اَلصَّلٰوةُ خَیْرٌ مِّنَ النَّوْمِ[૪] : اَللّٰهُ اَکْبَرُ : اَللّٰهُ اَکْبَرُ : لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ *(અબૂ દાઊદ)*

હઝરત બિલાલ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મને હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ફજરની નમાઝના સિવાય કોઈ નમાઝમાં તષ્વીબ ન કરો[૫]. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)* તિર્મિઝી કહે છે કે મુહદ્દિષોની નજીક અબૂ ઈસ્રાઈલ રાવી ક઼વી (મજબૂત) નથી[૬]. હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ હઝરત બિલાલ رضی اللہ عنہને ફર્માવ્યું, જ્યારે તમે અઝાન કહો તો અટકી અટકીને કહો, અને જ્યારે તકબીર કહો તો જલ્દી જલ્દી કહો[૭]. અને તમારી અઝાન તથા તકબીરની વચ્ચે એટલું અંતર રાખો કે ખાનારો પોતાના ખાવાથી અને પીનારો પોતાના પીવાથી અને ક઼ઝાએ હાજતવાળો જ્યારે હાજત માટે જાય તો ફારિગ થઈ જાય[૮]. અને સફમાં ન ઉભા થાવ ત્યાં સુધી કે મને જોઈ લો[૯]. આ તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું કે એને અમો અબ્દુલ મુન્ઈમની હદીષથી જ જાણીએ છીએ. અને આ મજહૂલ અસ્નાદ છે[૧૦]. હઝરત ઝિયાદા ઈબ્ને હારિષ સદાઈ رضی اللہ عنہથી રિવાયત છે[૧૧] ફર્માવે છે, મને નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફજરની નમાઝમાં હુકમ આપ્યો કે અઝાન કહો. મેં અઝાન કહી પછી હઝરત બિલાલે તકબીર કહેવા ચાહ્યું તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે તમારા સદાઈ ભાઈએ અઝાન કહી છે. જે અઝાન કહે તે જ તકબીર કહે[૧૨]. *(તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**સમજૂતી** : **૧.** જાહેર એ છે કે સુન્નતથી મુરાદ શરઈ સુન્નત છે. જેથી આ ઈમામે આ'ઝમની દલીલ છે કે અઝાન સુન્નત છે. હા ! દીનની નિશાનીઓમાંથી છે, એને છોડી દેનારાઓ ઉપર જેહાદ કરવામાં આવશે.

**૨.** મહોબ્બતના આધારે એમનો ઈલ્મનો શોખ જોઈને. જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ علیہ وسلمને તાલિબે ઈલ્મ ઘણા જ પ્યારા છે.

**૩.** એમાં એ તાવીલ નથી થઈ શકતી જે અમે વર્ણવી ચૂક્યા છીએ કે સંજોગોવસાત તરજીઅ થઈ, કેમ કે અહીં તો તરજીઅનો ક઼ાનૂન બતાવવામાં આવી રહ્યો છે. પણ પહેલાં

વર્ણવવામાં આવી ચૂક્યુ છે કે હઝરત અબૂ મહઝૂરાની હદીષો મુઝતરિબ તથા મુતઆરિઝ છે અને સહાબાનો અમલ ખ્વાબની અઝાન જે ફરિશ્તાઓએ શીખવાડી અને હઝરત બિલાલની અઝાનની વિરૂધ્ધ છે જેથી અમલને પાત્ર નથી. *(મિર્કાત વગેરે)* આ દાખલી તષ્વીબ છે એટલે કે એલાન પછી એલાન. ફજર સિવાય કોઈ અન્ય અઝાનમાં કહેવું બુરી બિદઅત છે. હા, અઝાન તથા ઈક઼ામતના દરમિયાન તષ્વીબને પાછલા ઉલમાએ મુસ્તહબ જાણી. (કુતુબે ફિક઼્હ તથા મિર્ક઼ાત) આ તષ્વીબના માટે શબ્દો નિશ્ચિત નથી. મુસલમાન જે ચાહે નક્કી કરી લે. અમુક જગાએ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللہ પઢી દેવામાં આવે છે એ પણ બરાબર છે, કે દુરૂદ પણ છે અને તષ્વીબ પણ.

**૪.** એટલે اَلصَّلٰوۃُ خَیْرٌ مِّنَ النَّوْم કોઈ અઝાનમાં ન કહો. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ એક મોઅઝ્ઝિનને આવું કહેતાં સાંભળ્યો તો ફર્માવ્યું કે આ બિદઅતીને મસ્જિદથી કાઢી નાખો.

**૫.** મિર્ક઼ાતે ફર્માવ્યું કે એ 'રાફઝી' હતો. સહાબાએ કિરામનો ખાસ કરીને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہનો ઘણો દુશ્મન હતો. યાદ રાખશો કે ઉલમા આ દાખલી તષ્વીબને મકરૂહ જાણે છે પણ આ ઝઈફ હદીષના કારણે નહીં બલ્કે અન્ય સહીહ હદીષોના કારણે.

**૬.** તમામ ઈમામોનો એના પર અમલ છે. અઝાનના શબ્દોમાં મદશુદા (ખેંચવામાં આવેલ)નો લેહાઝ તથા શબ્દોમાં અંતર કરવામાં આવે છે. તકબીરમાં જલ્દી કરવામાં આવે છે. આ ફરકની બૌધ્ધિક હિકમત માલૂમ ન થઈ શકી. જે સરકાર ﷺનું ફર્માન છે તે સર તથા આંખો પર હોય શકે છે કે કેમ કે તકબીરમાં હાજરજનોને મસ્જિદમાં ભેગા કરવાનું હોય છે જેઓ પહેલેથી નમાઝ માટે તૈયાર છે, તેમને દૂર સુધી ખબર આપવાની જરૂરત નથી. અઝાનમાં ગાફેલોને ખબર આપવાની હોય છે જેથી દૂર સુધી અવાજ પહોંચાડવામાં આવે છે.

**૭.** આ અંતર મગરિબની અઝાન સિવાયમાં છે. મગરિબની અઝાન બાદ તરત જ તકબીર શરૂ કરી દેવામાં આવે. યાદ રાખશો કે અઝાન તથા તકબીરમાં આ અંતર એટલા પ્રમાણમાં જોઈએ કે બેવઝૂ માણસ ઈસ્તિન્જા તથા વુઝૂ કરીને ચાર સુન્નતો પઢી શકે. આપણે ત્યાં પંદર મિનિટનું અંતર રાખવામાં આવે છે, તો ક્યાંક અડધો કલાક જેટલુ પણ રાખે છે.

**૮.** એ જમાનામાં તરીક઼ો એ હતો કે સહાબાએ કિરામ સફ બનાવીને બેસી જતા. હુઝૂર પોતાના હુજરામાં રહેતા. મુકબ્બિર ઉભો થઈને તકબીર શરૂ કરતો. જ્યારે હય્ય અલલ ફલાહ પર પહોંચતો તો સરકાર ﷺ હુજરાથી બહાર તશરીફ લાવતા અને સહાબાએ કિરામને નજર આવતા. ફક઼ીહો ફર્માવે છે કે નમાઝી સફમાં હય્ય અલલ ફલાહ પર ઉભા થાય. તેમનો માખઝ આ હદીષ છે. તેમજ તે હદીષ જે મિશ્કાત શરીફમાં બુખારી તથા મુસ્લિમની રિવાયતથી બે ત્રણ પેજો પછી બાબુલ મસાજિદથી થોડાક પહેલાં આવી રહી છે.

**૯.** ઈબ્ને હજરે ફર્માવ્યું કે, એને હાકિમે સહીહ કહી. શયખ અબ્દુલહક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ હદીષની ઘણી સાક્ષીઓ છે. તેનું અંતિમ વાક્ય وَلَا تَقُوْمُوْ મુસ્લિમ તથા બુખારીમાં પણ છે, તેમજ એના પર ઉમ્મતનો અમલ પણ છે. જેથી આ હદીષ લિગૈરિહી છે.

**૧૦.** સદાઅ યમનનો એક ક઼બીલો છે એની નિસ્બતથી આપને સદાઈ કહે છે. આપની ગણના બસરાવાળાઓમાં છે. આપે હુઝૂર ﷺથી બયઅત કરી છે અને એકાદ વાર હુઝૂરે અકરમ ﷺની સામે અઝાન પણ કહી છે.

**૧૧.** એટલે કે તકબીર અઝાનવાળાનો હક઼ છે. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનો મઝહબ એ છે કે મોઅઝ્ઝિનની ઈજાઝતથી બીજી વ્યક્તિ તકબીર કહી શકે છે તેમજ જો ખબર હોય કે મોઅઝ્ઝિન બીજાની તકબીર પર નારાજ ન થશે તો પણ જાઈઝ છે. કેમ કે રિવાયતોમાં છે કે ઘણીવાર હઝરત બિલાલ رضی اللہ عنہ અઝાન આપતા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ તકબીર કહેતા. ક્યારેક એનાથી ઉલ્ટુ પણ થતુ. જેથી આ હદીષ એ મૌક઼ાના માટે છે જ્યારે મોઅઝ્ઝિન નારાજ થતો હોય. બંને હદીષો દુરુસ્ત છે.

# તઝકેરતુલ અવલિયા (હપ્તો ૨૦)

# હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* // **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ :** આપની ગણના ન કેવળ અહલે તક્વા તથા અહલે વરઅમાં થાય છે બલ્કે આપ મશાઈખોના સરદાર, રાહે તરીક્તના હાદી, વિલાયત તથા હિદાયતના ચમકતા ચાંદ અને કરામત તથા રિયાઝતના એતબારથી પોતાના દૌરના શયખે કામિલ હતા. અને આપના સમકાલિન આપને સાદિક્ તથા મુક્તદા (સરદાર) માનતા હતા.

આપ પ્રારંભિક દૌરમાં ટાટનો લિબાસ, ઊની ટોપી અને ગળામાં તસ્બીહ રાખીને જંગલોમાં લૂટમાર કર્યા કરતા હતા અને ડાકૂઓના સરદાર હતા. લૂટનો પૂરો માલ વહેંચીને પોતાના માટે પોતાની પસંદીદા ચીજ રાખી લેતા હતા, તેમ છતાં ન કેવળ પોતે પંજગાના નમાઝના આદી હતા બલ્કે ખાદિમો તથા સાથીઓમાં જે નમાઝ ન પઢતો તેને ટોળીમાંથી બહાર કરી દેતા.

**અજબના બનાવો :** એક વાર એક માલદાર કાફલો એ તરફથી પસાર થઈ રહ્યો હતો. એમાંથી એક માલદારની પાસે ઘણી જ રકમ હતી. તેણે લૂટેરાઓના ડરથી જો રકમ જ બચી જાય તો પણ ઘણુ સારુ, એવું વિચારીને જંગલમાં રકમ દફન કરવા માટે તે જગાની શોધમાં નીકળ્યો. ત્યાં એક બુઝુર્ગને મુસલ્લો બિછાવીને તસ્બીહ પઢતાં જોઈને તે મુત્મઈન થઈ ગયો અને તે રકમ અમાનતના રૂપે તે બુઝુર્ગની પાસે રાખી દીધી. જ્યારે કાફલામાં પહોંચ્યો તો પૂરો કાફલો ડાકૂઓએ લૂટી લીધો હતો. જેથી જ્યારે તે શખ્સ પોતાની રકમ પરત લેવા માટે તે બુઝુર્ગની પાસે ગયો તો જોયું કે તે હઝરત લૂટેરાઓ સાથે મળીને લૂટના માલની વહેંચણી કરી રહ્યા છે. તે બિચારાએ અફસોસ વ્યક્ત કહ્યું કે મેં મારા હાથે જ મારી રકમ એક ડાકૂના હવાલે કરી દીધી. પરંતુ હઝરત ફુઝૈલે તેને પોતાની નજીક બોલાવ્યો અને પૂછયું કે અહીં કેમ આવ્યા છો ? તેણે ડરતાં ડરતાં અરજ કરી કે મારી રકમ પરત લેવા માટે આવ્યો છું. આપે ફર્માવ્યું કે જે જગાએ રાખીને ગયા હતા ત્યાંથી ઉઠાવી લો. જ્યારે તે પોતાની રકમ લઈને પરત થઈ ગયો તો આપના સાથીઓએ બુઝુર્ગને પૂછયું કે આ રકમ આપસમાં વહેંચી કાઢવાને બદલે આપે પરત કેમ કરી દીધી ? આપે ફર્માવ્યું કે તેણે મારા પર ભરોસો કર્યો અને હું અલ્લાહ તઆલા પર ભરોસો કરું છું. પછી અમુક દિવસો બાદ ડાકૂઓએ બીજો કાફલો લૂટી લીધો જેમાં ઘણી માલ દૌલત હાથ લાગી. પરંતુ કાફલાવાળાઓમાંથી કોઈએ પૂછયું કે તમારો કોઈ સરદાર નથી ? ડાકૂઓએ જવાબ આપ્યો કે છે તો ખરા પણ અત્યારે તે દરિયા કિનારે નમાઝમાં વ્યસ્ત છે. તે શખ્સે કહ્યું કે અત્યારે તો કોઈ નમાઝનો સમય નથી ! ડાકૂઓએ કહ્યું કે નફલ નમાઝો પઢી રહ્યા છે. પછી તેણે સવાલ કર્યો કે જ્યારે તમો ખાવા ખાવ છો તો શું તમારી સાથે તે નથી ખાતો ? તેઓએ કહ્યું કે તે દિવસમાં રોઝા રાખે છે. પછી તેણે સવાલ કર્યો કે, આ તો રમઝાનનો મહિનો નથી ! ડાકૂઓએ કહ્યું કે નફલી રોઝા રાખે છે. આ હાલત સાંભળીને તે શખ્સ આશ્ચર્યમાં પડી ગયો અને હઝરત ફુઝૈલની પાસે જઈને અર્ઝ કરી કે નમાઝ રોઝાઓની સાથે ડાકૂગીરીને શું સંબંધ છે ? આપે

પૂછયું, શું તેં કુર્આન પઢયું છે ? તે શખ્સે જ્યારે હકારમાં જવાબ આપ્યો તો હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہએ આ આયત તિલાવત કરી :–

وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّاٰخَرَ سَيِّئًا ؕ

''અને કેટલાક અન્ય છે જેમણે પોતાના ગુનાહોનો સ્વીકાર કરીને નેક અમલોને એની સાથે ભેળસેળ કરી દીધા.'' *(સૂ. તૌબા, ૯/૧૦૨)* આપની ઝબાની કુર્આની આયત સાંભળીને તે શખ્સ આશ્ચર્યમાં પડી ગયો.

રિવાયત છે કે આપ ઘણા જ બામુરવ્વત તથા બાહોશ હતા. અને જે કાફલામાં કોઈ સ્ત્રી હોતી અથવા જેમની પાસે ઓછો માલ હોતો તેને લૂટતા ન હતા, અને જેમને લૂટતા તેમની પાસે કાંઈ ન કાંઈ માલ રહેવા દેતા. પ્રારંભિક સમયમાં આપ એક સ્ત્રી પર આશિક થઈ ગયા હતા અને મોટાભાગે તેણીની મહોબ્બતમાં અશ્રુ સારતા રહેતા. એટલું જ નહીં બલ્કે લૂટેલા માલમાંથી પોતાનો હિસ્સો તે સ્ત્રીની પાસે મોકલી દેતા, અને મોકાસર તેણી પાસે પોતે પણ જતા આવતા રહેતા.

**બોધદાયક બનાવ** : એકવાર રાતમાં કોઈ કાફલો આવીને રોકાયો અને એમાં એક શખ્સ આ આયત તિલાવત કરી રહ્યો હતો :–

اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ وَمَا نَزَلَ مِنَ الْحَقِّ ۙ

''શું ઈમાનવાળાઓ માટે હજી તે સમય નથી આવ્યો કે તેમનાં દિલો અલ્લાહના ઝિક્રથી ભયભીત થઈ જાય.'' *(સૂ. હદીદ, ૫૭/૧૬)* આ આયતની હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہના દિલ પર એવી અસર થઈ કે જાણે કોઈકે તીર મારી દીધુ હોય, અને આપે અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે આ ડાકૂગીરીનો ખેલ ક્યાં સુધી ચાલુ રહેશે ?! અને હવે એ સમય આવી ચૂક્યો છે કે આપણે અલ્લાહની રાહમાં ચાલી નીકળીએ, આવું કહીને ચોધાર આંસૂએ રડતા રહ્યા, અને ત્યારબાદથી ઈબાદતમાં મશગૂલ થઈ ગયા, અને એક એવા જંગલમાં પહોંચી ગયા જ્યાં કોઈ કાફલાએ પડાવ રાખેલ હતો, અને કાફલાવાળાઓમાંથી કોઈ કહી રહ્યું હતું કે આ રસ્તા પર ફુઝૈલ લૂટમાર કરે છે જેથી આપણે રસ્તો બદલી નાખવો જોઈએ. એ સાંભળીને આપે ફર્માવ્યું કે હવે તદ્દન નીડર થઈ જાવ ! એટલા માટે કે મેં ડાકૂગીરીથી તૌબા કરી દીધી છે. પછી એ સર્વ લોકોથી જેમને આપના થકી તકલીફ પહોંચી હતી તેમનાથી માફી માગી લીધી. પરંતુ એક યહૂદીએ માફ કરવાથી ઈન્કાર કરી આપ્યો અને એ શરત મૂકી કે જો તમે સામેવાળી પહાડીને અહીંથી હટાવી દો તો હું માફ કરી દઈશ. જેથી આપે તેની માટી ઉઠાવવાનું શરૂ કરી આપ્યું અને સંજોગોવસાત એક દિવસે એવી આંધી આવી કે તે પૂરી પહાડી પોતાની જગાએથી ખત્મ થઈ ગઈ અને યહૂદીએ આ જોઈને પોતાના દિલથી પોતાની અદાવત ખત્મ કરી દીધી અને અર્ઝ કરી કે મેં એ નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી તમો મારો માલ પરત નહીં કરો ત્યાં સુધી માફ કરીશ નહીં, જેથી અત્યારે મારા તકીયાની નીચે અશરફીઓની થેલી રાખેલી છે તે આપ ઉઠાવીને મને આપી દો જેથી મારી ક઼સમનો કફ્ફારો થઈ જાય. જેથી એ થેલી ઉઠાવીને આપે તેને આપી દીધી. ત્યારબાદ તેણે એ શરત મૂકી કે પહેલા મને મુસલમાન કરી લો પછી માફ કરીશ. તો આપે તેને કલમો પઢાવીને મુસલમાન બનાવી દીધો. ઈસ્લામ લાવ્યા બાદ તેણ જણાવ્યું કે મારા મુસલમાન થવાનું કારણ એ છે કે મેં તૌરાતમાં પઢયું હતું કે **જો સાચા દિલથી તૌબા કરનારો માટીને હાથ લગાડી આપે તો તે સોનુ બની જાય છે** પરંતું મને એના પર યક઼ીન ન હતું. અને આજે જ્યારે કે મારી થેલીમાં માટી ભરેલી હતી અને આપે જ્યારે મને

આપી તો ખરેખર તેમાંથી સોનુ નીકળ્યું! અને મને સંપૂર્ણ યક઼ીન થઈ ગયું કે આપનો ધર્મ સાચો છે.

એકવાર આપે કોઈને વિનંતિ કરી કે મેં ઘણા જ જુર્મો કર્યા છે જેથી મને સમયના અમીરની પાસે લઈ ચાલો, જેથી તે મારા ઉપર શરીઅત મુજબની શિક્ષા લાગુ કરે. અને જયારે તેણે સમયના અમીર (હાકિ઼મ)ની સમક્ષ આપને રજૂ કર્યા તો તેણે અતિશય તાઝીમ તથા અદબની સાથે આપને પરત કરી આપ્યા. અને જ્યારે આપે આપના ઘરના દરવાજા પર જઈને અવાજ આપ્યો તો પત્નીએ રંજમય અવાજ સાંભળીને એવું ધાર્યું કે કદાચ આપ ઘાયલ થઈ ગયા છે. અને જ્યારે પૂછયું કે ઝખ્મ ક્યાં વાગ્યો છે ? તો આપે કહ્યું કે આજે મારા દિલ પર ઝખ્મ લાગ્યો છે. પછી પત્નીને કહ્યું કે હું હજના સફરે જવા ઈચ્છુ છું, જેથી જો તમે ચાહો તો હું તમને તલાક઼ આપી દઉં, કેમ કે આ માર્ગમાં તમારે મારી સાથે મોટી મોટી તકલીફો વેઠવી પડશે. પરંતું પત્નીએ કહ્યું કે હું ખાદિમા બનીને તમારી સાથે રહીશ, કેમ કે મારા માટે તમારો વિરહ અસહ્ય ચીજ છે. જેથી આપે તેણીને પણ સફરમાં શરીક કરી લીધાં, અને અલ્લાહ તઆલાએ રસ્તાની સર્વ મુસીબતો દૂર કરી આપી. અને આપે મક્કા મોઅઝ્ઝમા પહોંચીને કા'બાતુલ્લાહની મુજાવરી અપનાવી લીધી. અને મુદ્દતો સુધી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની સેવામાં હાજર રહીને ઈલ્મ હાંસલ કર્યો અને ઈબાદત તથા રિયાઝતમાં કમાલના દરજજે પહોંચી ગયા. મક્કાવાળાઓ આપની આસપાસ ભેગા રહેતા અને આપ પોતાના સરસ વઅઝ વડે તેમને ફયઝયાબ કરતા રહેતા. આ દરમ્યાન આપના કેટલાક સ્નેહીઓ આપની મુલાક઼ાતના માટે પહોંચ્યા. તો આપે તેમની સાથે મુલાક઼ાત ન કરી. પરંતું અતિશય આગ્રહ પછી છત પર ચઢીને ફર્માવ્યું કે અલ્લાહ તમને લોકોને સદ્‌બુધ્ધિ અતા ફર્માવે જેથી કોઈ સારા કામમાં વ્યસ્ત થઈ જાવ. એ શબ્દોથી એ લોકો પર કાંઈક એવી અસર થઈ કે તેમના પર બેહોશી છવાઈ ગઈ અને મુલાકાતની તમન્ના સાથે વતન પાછા ફરી ગયા. *(ક્રમશઃ)*

# આતંકવાદના નામે અમેરિકી લડાઈથી ૫ લાખ લોકોનાં મોત

(કાર્યાલય થકી) **એક અમેરિકી યુનિવર્સિટીનો અભ્યાસ**

અમેરિકા દ્વારા "વોર ઓન ટેરર" એટલે કે આતંકવાદના નામે વર્ષ ૨૦૦૧થી અફઘાનિસ્તાન અને ત્યારબાદ ઈરાક પર કરાયેલી લડાઈના કારણે અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ઈરાકમાં ૫ લાખ લોકો માર્યા ગયા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. અમેરિકાની "બ્રાઉન યુનિવર્સિટી"ના આંતરરાષ્ટ્રીય અને સાર્વજનિક બાબતોના સંસ્થાન "વોટ્સન ઈન્સ્ટીટયૂટ"ના એક શોધ અભ્યાસમાં કહેવાયું છે કે, આ મૃતકાંક ૪,૮૦,૦૦૦ થી ૫,૦૭,૦૦૦ વચ્ચેનો છે. આ અહેવાલમાં વધુમાં કહેવાયું છે કે, ઈરાકમાં ૧,૮૨,૨૭૨ થી ૨,૦૪,૫૭૫ નાગરિકો માર્યા ગયા છે. જ્યારે, અફઘાનિસ્તાનમાં ૩૮,૪૮૦ અને પાકિસ્તાનમાં ૨૩,૩૭૨ લોકોનાં મોત આંતકવાદના નામે ચાલી રહેલી અમેરિકી લડાઈમાં થઈ છે. આ સમયગાળા દરમ્યાન, ઈરાક અને અફઘાનિસ્તાનમાં અંદાજિત ૭,૦૦૦ અમેરિકી સૈનિકો માર્યા ગયા છે. બ્રાઉન યુનિવર્સિટીએ કહ્યું છે કે, મૃત્યુ પામનારાઓના આ નવા આંકડામાં ૨૦૧૪માં બહાર પડાયેલા પાછલા આંકડા કરતા ૧,૧૦,૦૦૦નો વધારો થયો છે. જો કે અહેવાલમાં એ વાતનો પણ સ્વીકાર કરાયો છે કે, રીપોર્ટિંગની પોતાની કેટલીક મર્યાદાઓ હોવાના કારણે અને યુધ્ધમાં હત્યાઓની ગણતરીમાં અનિશ્ચિતતા હોવાના કારણે આ આંકડામાં વધ ઘટ હોઈ શકે છે. વળી, જે લોકો પરોક્ષ રીતે યુધ્ધના પરિણામો જેવા કે, બીમારીઓ અથવા ખરાબ માળખાગત સુવિધાઓના કારણે માર્યા ગયા છે તેમનો આ અહેવાલમાં સમાવેશ કરાયો નથી.

پંજગાના નમાઝથી મહાન કોઈ યોગા નથી

# નમાઝ પઢનારા માનસિક બીમારીઓથી મુક્ત રહે છે

કાર્યાલય

નિઝામાબાદ : ૧૨ એપ્રિલ (મો'મિન ટાઈમ્ઝ) ઈસ્લામ ધર્મના પાંચ મહત્વના અરકાનો (સ્તંભો)માં સૌથી મહત્વનું નમાઝની અદાયગી છે. માણસને માનસિક તથા શારીરિક સુકૂન એનાથી મળે છે. ઈસ્લામ ધર્મની કેવળ આ એક ઈબાદત જ નથી બલ્કે નમાઝની ઈબાદતને અંજામ આપનાર મુસલમાનને તે માનસિક બીમારીઓ તથા મુશ્કેલીઓથી મેહફૂઝ રાખે છે. પરંતુ વર્તમાનકાળની એ કરૂણતા છે કે મુસલમાન નમાઝ તથા કુર્આને પાકની તિલાવતને છોડીને ગુનાહોમાં સપડાતા રહે છે અને ખોટી જગાઓએ સુકૂન તલાશ કરી રહ્યા છે. પરંતું એ શક્ય છે કે નમાઝની અદાયગીથી માણસ દિમાગી બીમારીઓથી મેહફૂઝ રહે છે. આ વાતનો ખુલાસો હૈદ્રાબાદ શહેરના મશહૂર સાઈકોલોજિસ્ટ ડોક્ટર બી.વી. પટા ભયરામે એક તેલુગુ ચેનલને આપવામાં આવેલા ઈન્ટરવ્યુમાં માણસની માનસિક તથા શારીરિક બીમારીઓનાં કારણોનું રાઝ ખોલતાં બતાવ્યું કે માનવી (પુરૂષ તથા સ્ત્રી) દરરોજ કેટલીય સમસ્યાઓથી ભેટે છે જેના સબબથી તેના માનસિક તથા શારીરિક અંગો અસર પામે છે. સમસ્યાઓ તથા પરેશાનીઓથી ઘેરાયેલ માનવીઓની બહુમતી માનસિક બીમારીઓનો શિકાર રહે છે.

ડો. બી.વી. પટા ભયરામે બતાવ્યું કે ઈસ્લામ ધર્મના માનવાવાળા મુસલમાન પાંચ સમયની નમાઝ અદા કરે છે જેના સબબે તેઓ માનસિક બીમારીઓથી મેહફૂઝ રહે છે. તેમણે બતાવ્યું કે નમાઝ અદા કરનારાઓની માનસિક તથા શારીરિક રોનકમાં વધારો થાય છે, રૂહાની (આધ્યાત્મિક) સુકૂન મળે છે. તેમણે **અરબ દેશોનો દાખલો આપીને કહ્યું કે અરબ દેશોમાં પાગલખાનાં નથી હોતાં, કેમ કે ત્યાં નમાઝ પઢનારાઓની અધિકતર સંખ્યા હોય છે.** દુનિયાના વધુ પડતા દેશોમાં પાગલખાનાં (મેન્ટલ હોસ્પિટલ) હોય છે પણ **અરબ દેશોમાં એક પણ પાગલખાનું નથી. જે એ વાતની સાબિતી છે કે નમાઝ પઢવાથી માણસની માનસિક રોનકમાં વધારો થાય છે.** નમાઝ પઢવાવાળા માનસિક બીમારીઓથી સુરક્ષિત રહે છે. ડો. બી.વી. ભયરામે કહ્યું કે નમાઝની કાર્ય પધ્ધતિ ખાસ કરીને કઅ્દાનો તરીકો (ગુઠણોવાળી બેસવું) ખૂબ જ મહત્વનો છે. ડો. બી.વી. ભયરામના કહ્યાનુસાર કઅ્દામાં બેસનારા શખ્સના લોહીના ભ્રમણના કારણે દિમાગી સાંત્વન હાંસલ થાય છે, દિમાગી બીમારીનો ઈલાજ પણ થાય છે. તદ્ ઉપરાંત નમાઝના અન્ય અરકાન કયામ, રુકૂઅ (ઉભા રહેવું, ઝુકીને ગુઠણે હાથ રાખવા) તથા સજદાઓના સબબે લોહીના ભ્રમણના ઉતાર ચઢાવથી દિમાગ તથા શરીરની રગોમાં ફેરફાર થાય છે જેનાથી કેટલીયે બીમારીઓનો ઈલાજ થાય છે. તેમણે એ પણ કહ્યું કે આયુર્વેદિકના થકી દિમાગી બીમારીઓનો ઈલાજ કરવામાં આવી રહ્યો છે.

એક ગૈર મુસ્લિમ ડોક્ટર થકી નમાઝના મહત્વ તથા નમાઝની બરકત પર જાતે પોતે રોશની નાખવામાં આવી છે. નમાઝ પઢવાથી મેહરૂમ રહેવાવાળા મુસલમાનોએ એ વિચારવું જોઈએ કે તેઓ દરરોજ કેટલી બરકતથી મેહરૂમ થઈ રહ્યા છે. **નમાઝથી મોટો યોગા બીજો શું છે ?** પરંતુ કહેવાતા મુસ્લિમ પુરૂષો તથા સ્ત્રીઓ યોગા પ્રોગ્રામમા શિર્કત કરીને દિમાગી તથા શારીરિક સુકૂન હાંસલ થવાના પાયાહિન દાવા કરે છે જે સરાસર જૂઠ છે. એ કહેવાતા મુસ્લિમ પુરૂષો તથા સ્ત્રીઓએ જોઈએ કે તેઓ પ્રથમ પાંચ વખત નમાઝ અદા કરવાની કોશિશ કરે એનાથી પહેલાં કે મૌતને ફરિશ્તો આવી પહોંચે.

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો 03

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

### સુન્નીએ કેવા અક઼ીદા રાખવા જોઈએ ?

ઈમામત બે પ્રકારની છે : એક સુગરા, બીજી કુબરા. ઈમામતે સુગરા, ઈમામતે નમાઝ છે. ઈમામતે કુબ્રા, નબીએ કરીમ ﷺનું મુત્લક઼ (સર્વથા) નાયબપણુ કે, હુઝૂરના નાયબપણાથી મુસલમાનોના તમામ દીની તથા દુનિયવી કાર્યોમાં શરીઅત પ્રમાણે સામાન્ય : અધિકારનો ઈખ્તિયાર ધરાવે અને ગુનાહ વગરના (અગુનાહિત) કૃત્યમાં તેની તાબેદારી, તમામ જગતના મુસલમાનો પણ ફર્ઝ હોય.

આ ઈમામ માટે મુસલમાન, આઝાદ, બુદ્ધિવાન, બાલિગ, ક઼ાદિર (શક્તિમાન) કુરૈશી હોવું શરત છે. હાશમી, અલ્વી, મઅસૂમ હોવું તેની શરત નથી. **તેવી શરત લગાડવું રાફઝીઓનો મઝહબ છે**. જેનાથી તેમનો એ મકસદ છે કે, બરહક઼ ઉમરાએ–મોઅમેનીન : ત્રણે ખલીફા અમીરૂલ મો'મિનીન હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ તથા હઝરત અમીરૂલ મો'મિનીન ઉમરે ફારૂક઼ તથા અમીરૂલ મો'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ ને ખિલાફતથી જુદા કરે. જો કે તેમની ખિલાફતો પર તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ સર્વસંમતિ સાધી છે (તેમની ખિલાફતો સ્વીકારી છે). મૌલા અલી کرم اللہ وجہہ الکریم અને હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈન رضی اللہ عنہما એ તેમની ખિલાફતો માન્ય રાખી. અલ્વીયતની શર્તે તો મૌલા અલીને પણ ખલીફા હોવાથી ખારિજ કરી દીધા. મૌલા અલી, અલ્વી કેવી રીતે થઈ શકે છે ? હવે રહી ઈસ્મત (માસૂમ હોવા)ની વાત તો તે અંબિયા તથા ફરિશ્તાઓની વિશિષ્ટતા છે. જેને અમો આગળ બયાન કરી ગયા છીએ. ઈમામનું **મઅસૂમ હોવું, રાફઝીઓનો મઝહબ** છે.

**અક઼ીદહ (૦૧)** : નબીએ કરીમ ﷺ પછી ખલીફએ બરહક઼ તથા ઈમામ હઝરત સૈયદના અબૂ બક્ર સિદ્દીક઼ પછી હઝરત ઉમર ફારૂક઼, પછી હઝરત ઉષ્માન ગની, પછી હઝરત મૌલા અલી પછી છ મહિના માટે હઝરત ઈમામ હસન (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) ખલીફા થયા. આ હઝરતોને "ખુલફાએ રાશેદીન" અને તેમની ખિલાફતને "ખિલાફતે રાશેદહ" કહે છે, કે તેમણે હુઝૂરની સાચી નયાબત (નાયબપણા)નો સંપૂર્ણ હક઼ અદા કર્યો.

**અક઼ીદહ (૦૨)** : તમામ અંબિયાઓ તથા રસૂલો પછી **ખુદાની તમામ મખ્લૂક઼ાત, માનવી તથા જિન તથા ફરિશ્તાઓથી અફઝલ હઝરત સિદ્દીકે અકબર છે પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ પછી હઝરત ઉષ્માન ગની પછી મૌલા અલી** (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) **છે**. જે માણસ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને હઝરત સિદ્દીક઼ અથવા હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہما થી અફઝલ બતાવે તે **બદમઝહબ** તથા **ગુમરાહ** છે.

**અક઼ીદહ (03)** : **અફઝલ**નો એ અર્થ છે કે, **અલ્લાહને ત્યાં વધારે ઈજ્જત** તથા **દરજ્જાવાળો** હોય, તેને જ સવાબની અધિકતાથી પણ તાબીર

(ગણના) કરે છે, અજરની અધિકતાથી નહીં. કારણ કે ઘણીવાર મફઝુલ માટે હોય છે. હદીષમાં સૈયદના ઈમામ મહદીના સાથીઓ વિશે આવ્યું છે કે, તેમનામાં એકના માટે પચાસનો અજર છે. સહાબાઓએ અરજ કરી કે, "તેમનામાંના પચાસનો કે અમારામાંના?" હુઝૂર ﷺએ ફર્માવ્યું : બલ્કે તમારામાંના. તો અજર તેમનો વધારે થયો, પરંતુ **અફઝલિયતમાં, તેઓ સહાબાના હમસર (સમાન) પણ થઈ શકતા નથી.** તો પછી અધિકતાની વાત જ ક્યાં રહી ? ક્યાં ઈમામ મેહદીનું સહચર્ય (રિફાકત) અને ક્યાં હુઝૂર સૈયદે આલમ ﷺની સહાબિયત. તેનું દ્રષ્ટાંત વગર સરખામણીએ એમ સમજો કે બાદશાહે કોઈ અભિયાન પર વઝીર અને કેટલાક બીજા અફસરોને મોકલ્યા, તેના વિજય પર દરેક અફસરને લાખ લાખ રૂપીયા ઈમાન આપ્યું અને વઝીરને કેવળ માનપત્ર આપ્યું. તો ઈનામ તેમને જ વધારે મળ્યું પરંતુ ક્યાં તે અને ક્યાં વઝીરે આ'ઝમનું સન્માન.

**અકીદહ (૦૪)** : તેમની ખિલાફત ફઝીલતના ક્રમ પ્રમાણે છે. અર્થાત, જે અલ્લાહ સમક્ષ અફઝલ તથા આ'લા અકરમ (વધારે નેક) હતો એ જ પ્રથમ ખિલાફત પામતો ગયો. અફઝલિયત બરતરતીબે ખિલાફત નથી (ખિલાફતની તરતીબથી અફઝલીયત નથી. એટલે અફઝલ એ કે, મુલ્ક તથા મુલ્કગીરીમાં વધારે કૌશલ્યતા જેવું કે આજકાલ સુન્ની બનવાવાળા તફઝીલીઆઓ કહે છે. (તફઝીલી તેને કહે છે, જે હઝરત અલીને ત્રણે ખલીફાઓથી અફઝલ માને છે.) એવું હોત તો હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સૌથી અફઝલ હોત કારણ કે તેમની ખિલાફતને ફર્માવ્યું :

لَمْ أَرَ عَبْقَرِيًّا يَّفْرِيْ فَرْيَهٗ. حَتّٰى ضَرَبَ النَّاسُ بِعَطَنٍ

"અને હઝરત સિદ્દીકે અકબરની ખિલાફતને ફર્માવ્યું : فِيْ نَزْعِهٖ ضَعْفٌ وَاللّٰهُ يَغْفِرُ لَهٗ.

**અકીદહ (૦૫)** : ચારે ખુલફાએ રાશેદીન પછી બાકીના અશરએ મુબશ્શરા (તે દસ સહાબીઓ જેમને હુઝૂરે જન્નતની યકીની બશારત આપી છે) તથા હઝરાત હસનયન તથા અસ્હાબે બદર તથા અસ્હાબે બયઅતે રિદવાન માટે અફઝલિયત છે અને **આ સૌ નિશ્ચિત જન્નતી છે.**

**અકીદહ (૦૬)** : તમામ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ **અહલે ખયર** છે અને **આદિલ** છે. તેમનો જ્યારે પણ ઉલ્લેખ કરવામાં આવે ત્યારે **ખયર સાથે હોવું ફર્ઝ છે.**

**અકીદહ (૦૭)** : કોઈ સહાબી સાથે બૂરી અકીદત રાખવી તે બદમઝહબી તથા ગુમરાહી તથા જહન્નમને લાયક છે, કારણ કે તે હુઝૂરે અકદસ ﷺ સાથે અદાવત છે. એવો શખ્સ રાફઝી છે, ભલે ને પછી તે ચારે ખલીફાઓને માને અને પોતાને સુન્ની કહે. દા.ત. હઝરત અમીર મુઆવિયહ અને તેમના વાલિદ હઝરત અબૂ સુફયાન અને વાલિદહ હઝરત હિન્દા, એવી જ રીતે હઝરત સૈયદના અમ્ર બિન આસ તથા હઝરત મુગીરહ બિન શોઅબહ તથા હઝરત અબૂ મૂસા અશઅરી رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ત્યાં સુધી કે હઝરત વહશી رضی اللہ عنہ જેમણે ઈસ્લામ લાવતા પહેલાં હઝરત સૈયદના સૈયદુશ્શોહદા અમીરે હમ્ઝા رضی اللہ عنہને શહીદ કર્યા અને ઈસ્લામ લાવ્યા પછી સૌથી મોટો ખબીષ મુસયલમા કઝ્ઝાબ મલઊનને જહન્નમ ભેગો કર્યો. તેઓ ખૂદ ફર્માવ્યા કરતા હતા કે, મેં ખયરૂન્નાસ (ઉત્તમ શખ્સને શહીદ કરેલા) તથા શર્રૂન્નાશ (દુષ્ટતમ શખ્સ)ને કતલ કર્યો. **આ પૈકી કોઈની પણ શાનમાં ગુસ્તાખી, તબર્રો છે અને તેનો માનનાર રાફઝી છે.** જો કે તે, હઝરાત શૈખૈન (હઝરત અબૂ બક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما)ની તૌહીન બરાબર થઈ શકતી નથી. કારણ કે તેમની તૌહીન, તેમની ખિલાફતનો ઈન્કાર જ છે અને તે

ફુક્હાએ કિરામની નજરોમાં કુફ્ર છે.

**અક઼ીદહ (૦૮)** : કોઈ વલી ભલે તે કેટલાય મોટા મરતબાનો હોય કોઈ સહાબીના રૂતબાએ પહોંચી શકતો નથી.

**મસ્અલો** : સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين**ના પરસ્પર જે બનાવો બન્યા, તેમાં આપણે પડવું "હરામ, હરામ સખત હરામ" છે. મુસલમાનોએ તો એ દેખવું જોઈએ કે, તે સૌ હઝરતો આક઼ાએ દો આલમ** ﷺ**ના જાંનિસાર અને સાચા ગુલામ છે.**

**અક઼ીદહ (૦૯) : તમામ સહાબાએ કિરામ** આ'લા તથા અદના (અને તેમનામાં અદના કોઈ નથી) સૌ **જન્નતી છે.** તેઓ જહન્નમની ભણક પણ સાંભળશે નહીં. અને હમેશાં પોતાની મનમાની મુરાદોમાં રહેશે. મહશરનો તે મહા ગભરાટ તેમને ઉદાસ કરશે નહીં. ફરિશ્તા તેમનું સ્વાગત કરશે કે આ તે દિવસ છે જેનો તમને વાયદો કર્યો હતો. આ સઘળુ વર્ણન કુર્આનનો ઈર્શાદ છે.

**અક઼ીદહ (૧૦)** : સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم اجمعين અંબિયા ન હતા અને ફરિશ્તા પણ ન હતા, કે માસૂમ હોય. તેમનામાં કેટલાકોથી લગઝિશો (લપસણ) થઈ, પરંતુ તેમની કોઈ વાત પર પકડ કરવું અલ્લાહ તથા રસૂલની વિરૂદ્ધ છે. અલ્લાહ તઆલાએ સૂરએ હદીદમાં જ્યાં સહાબાઓના બે પ્રકાર (બયાન) ફર્માવ્યા છે તે ફતહે મક્કા અગાઉના મો'મિનો તથા ફતહે મક્કા પછીના અને તેમને તેમના પર ઉચ્ચતા આપી, અને ફર્માવી દીધું : كُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ''સૌથી (દરેકથી) અલ્લાહે ભલાઈનો વાયદો ફર્માવી લીધો. સાથે જ ઈર્શાદ ફર્માવી દીધો.'' وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ અલ્લાહ સારી રીતે જાણે છે, જે કાંઈ તમે કરશો. તો જ્યારે તેણે તેમના સઘળા આ'માલ જાણીને હુકમ કરી દીધો કે, તે સઘળાઓથી હું (રબ) અઝાબ વગર જન્નત તથા કરામત તથા સવાબનો વાયદો કરી ચૂક્યો તો બીજાઓને શું હક્ક઼ છે ? કે, તેમની કોઈ વાત પર મેંણું મારે. શું મહેણાં મારનારા અલ્લાહથી અલગ પોતાની સ્થાયી હુકૂમત સ્થાપવા ચાહે છે ?!

**અક઼ીદહ (૧૧)** : હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ 'મુજતહિદ' હતા. તેમનું મુજતહિદ હોવું હઝરત સૈયદના અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہએ સહીહ બુખારીની હદીષમાં બયાન કર્યું છે. 'મુજતહિદ'થી સવાબ (ઉચિત) તથા ખતા (દોષ) બંને સાદર થાય છે. ખતાના બે પ્રકાર છે. ખતાએ એનાદી (વેર ભાવના) અને ખતાએ ઈજતેહાદી. ખતાએ એનાદી, મુજતહિદની શાન નથી અને ખતાએ ઈજતેહાદી, મુજતહિદથી થાય છે. અને તેમાં તેના પર અલ્લાહ તરફથી બિલકુલ કોઈ પકડ નથી. પરંતુ દુનિયાના અહકામમાં તે બે પ્રકારે છે. ખતાએ મુકર્રર, કે તેના કર્તા પર ઈન્કાર ન થશે, આ તે ખતાએ ઈજતેહાદી છે જેનાથી દીનમાં કોઈ ફિત્નો પેદા થતો ન હોય. જેવું કે અમારી નજરોમાં મુકતદીનું ઈમામની પાછળ સૂરએ ફાતેહા પઢવું. બીજું ખતાએ મુનકિર. આ તે ખતાએ ઈજતેહાદી છે જેના સાહેબ (કર્તા) પર ઈન્કાર કરવામાં આવશે કે, તેની ખતા ફિત્નાનું કારણ છે.

હઝરત અમીરે મુઆવિયહ رضی اللہ عنہનું હઝરત સૈયદના અમીરૂલ મો'મિનીન અલી મુરતઝા کرم اللہ وجہہ الکریمથી વિરૂદ્ધતા એ જ પ્રકારની ખતા હતી, અને ફેંસલો તે જે ખૂદ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૌલા અલીની ડિગ્રી અને અમીર મુઆવિયહની મગફેરત છે.

**મસ્અલો** : કેટલાક જાહિલો એવું જે કહ્યા કરે છે કે ''જ્યારે હઝરત મૌલા અલીની સાથે હઝરત

અમીરે મુઆવિયહ رضی اللہ عنہનું નામ લેવામાં આવે તો "રદીયલ્લાહુ અન્હુ" કહેવામાં ન આવે, **આ કથન કેવળ બાતિલ અને તેની કોઈ અસલ નથી.** ઉલ્માએ કિરામે સહાબીઓના પાક નામોના સાથે મુત્લક્ન "રદીયલ્લાહો અન્હુ" કહેવાની આજ્ઞા કરી છે, આ અપવાદ ઉભો કરવો તે નવી શરીઅતનું ઘડવું છે.

**અકીદહ (૧૨)** : મિન્હાજે નબુવ્વત (એટલે નબુવ્વતના તરીકા) પર "ખિલાફતે રાશેદાહ" ત્રીસ વરસ રહી કે, તે સૈયદના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہની ખિલાફતના છ મહીના પર ખતમ થઈ ગઈ. પછી અમીરૂલ મો'મિનીન ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہની ખિલાફત, "રાશેદાહ" થઈ, અને અંતિમ જમાનામાં હઝરત સૈયદના ઈમામ મેહદી رضی اللہ عنہ થશે.હઝરત અમીરે મુઆવિયહ رضی اللہ عنہ પ્રથમ મલિકે ઈસ્લામ (ઈસ્લામી બાદશાહ) છે, એની જ પ્રત્યે મુકદ્દસ તૌરાતમાં ઈશારો છે કે :

مَوْلِدُهٗ بِمَكَّةَ وَمُهَاجَرُهٗ بِطَيْبَةَ وَمُلْكُهٗ بِالشَّامِ

(અર્થ : તે નબી આખિરૂઝ્ઝમાં صلی اللہ علیہ وسلم મક્કામાં પેદા થશે અને મદીના શરીફ હિજરત કરી જશે, અને તેમની સલ્તનત શામ (સિરિયા)માં હશે.) તો હઝરત મુઆવિયહની બાદશાહી જો કે સલ્તનત છે, પરંતુ કોની ? હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمની સલ્તનત છે.

સૈયદના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہએ જાંનિસારોની એક વિરાટ ફોજ સાથે (જંગના) મેદાનમાં જ ઈરાદાપૂર્વક, ઈખ્તિયારપૂર્વક હથિયાર મૂકી દીધાં અને ખિલાફત હઝરત અમીરે મુઆવિયહને સુપ્રત કરી દીધી અને તેમના હાથ પર બયઅત કરી લીધી અને આ સુલેહને, હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ પસંદ કરી અને તેની બશારત આપી હતી કે, ઈમામ હસન رضی اللہ عنہ વિશે ફર્માવ્યું :–

إِنَّ ابْنِي هٰذَا سَيِّدٌ لَعَلَّ اللّٰهَ أَنْ يُّصْلِحَ بِهٖ

بَيْنَ فِئَتَيْنِ عَظِيْمَتَيْنِ مِنَ الْمُسْلِمِيْنَ

મારો આ બેટો સૈયદ (સરદાર) છે, હું આશા રાખું છું કે, અલ્લાહ તેના કારણે બે મોટા ઈસ્લામી ગિરોહમાં સુલેહ કરાવી દે. તો અમીર મુઆવિયહ પર મઆઝલ્લાહ ફિસ્ક વિગેરેનું મેણું મારનાર, આક્ષેપ કરનાર વાસ્તવમાં, હઝરત ઈમામ હસન, બલ્કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم બલ્કે અલ્લાહ પર તઅન (આક્ષેપ) કરે છે.

**અકીદહ (૧૩)** : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا કતઈ, યકીની જન્નતી અને યકીનન આખેરતમાં પણ મુહમ્મદ صلی اللہ علیہ وسلمના પ્રિયપાત્ર દુલ્હન છે. જે તેમને ઈજા આપે છે તે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ઈજા આપે છે. અને હઝરત તલ્હા હઝરત ઝુબૈર رضی اللہ عنہ તો અશરએ મુબશ્શિરા પૈકી છે. આ સાહેબોથી પણ અમીરૂલ મો'મિનીન મૌલા અલીના મુકાબલામાં ઈજતેહાદી ખતાઓ થઈ, પરંતુ તે સૌએ અંતે ખતાથી રજૂ ફર્માવ્યું.

**શરીઅતની પરિભાષામાં,** બગાવત સર્વથા ઈમામે બરહકના મુકાબલાને કહે છે. વૈર ભાવનાથી હોય કે, ઈજતિહાદી હોય. આ હઝરતો પર રૂજૂઅ કરવાને કારણે તેનો ઈત્લાક થઈ શકતો (લાગુ પડી શકતા) નથી. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ટોળા પર **શરીઅતની પરિભાષા પ્રમાણે** 'બાગી ટોળુ") (શબ્દ) આવ્યો છે, **પરંતું હવે તો (આ જમાનામાં) બાગી એટલે ફસાદી તથા દુશ્મનાવટ રાખનાર તથા તોફાનીઓના** ભાવાર્થમાં વપરાય છે. અને તે અપશબ્દ સમજવામાં આવે છે. **હવે કોઈ સહાબી પર તેનો શબ્દ પ્રયોગ જાઈઝ નથી.** (એટલે હવે **'બાગી' શબ્દ હઝરત અમીર મુઆવિયહ માટે ઉચ્ચારવો જાઈઝ નથી.** અમુક લોકો મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہની "બુખારી શરીફની શરહ

નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી"માંની હદીષનો હવાલો "બાગી ટોળુ" વિશે આપે છે, તેનો ખુલાસો આ જ છે જેને ધ્યાનથી સમજી લેશો.—*અનુવાદક.*)

**અક઼ીદહ (૧૪)** : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા બિન્તે હઝરત સિદ્દીકે અકબર (મેહબૂબએ મહબૂબે રબ્બુલ આલમીન ﷺ) رضی اللہ عنہا પર મઆઝલ્લાહ ! ધિક્કારિત આક્ષેપથી પોતાની નાપાક ઝબાન ગંદી કરનાર કત્અન—યક઼ીનન કાફિર—મુરતદ છે. અને તે સિવાય બીજા આક્ષેપ કરનાર રાફઝી—તબર્રાઈ બદ્દીન જહન્નમી છે.

**અક઼ીદહ (૧૫)** : હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما અવશ્ય ઉચ્ચ દરજ્જાના શોહદાએ કિરામ પૈકી છે. તેમનામાંથી કોઈની શહાદતનો મુન્કિર, ગુમરાહ બદતરીન અને ખાસિર છે.

**અક઼ીદહ (૧૬)** : યઝીદ પલીદ ફાસિક ફાજિર કબીરા ગુનાહોમાં સંડોવાયેલો હતો. અલ્લાહની પનાહ તેનાથી અને રૈહાનએ રસૂલુલ્લાહ ﷺ સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ થી શું સંબંધ ? **આજકાલ કેટલાક ગુમરાહ લોકો જે એમ કહે છે કે, અમારે તેમના મામલામાં શું કામ પડવું જોઈએ ? અમારે માટે તો તે પણ શાહઝાદા અને તેઓ પણ શાહઝાદા. આવી બકવાસ કરવાવાળો મરદૂદ ખારજી, જહન્નમનો હક઼દાર છે.** હા ! યઝીદને કાફિર કહેવા અને તેના પર લઅનત કરવામાં અહલે સુન્નતના ઉલમાઓના ત્રણ કોલ કથન છે. અને આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મસ્લક મૌન રહેવું છે. એટલે કે, અમે તેને ફાસિક—ફાજિર કહેવા સિવાય ન કાફિર કહીએ ન મુસલમાન.

**અક઼ીદહ (૧૭)** : અહલે બયતે કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અહલે સુન્નતના મુકતદા (જેમની ઈકતેદા કરવામાં આવે તે) છે. **જે તેમનાથી મહોબ્બત ન ધરાવે તે મરદૂદ, મલઊન, ખારજી છે.**

**અક઼ીદહ (૧૮)** : ઉમ્મુમ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા તથા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા તથા હઝરત સૈયદહ رضی اللہ تعالیٰ عنہن કતઈ જન્નતી છે. અને તેમને તથા બાકીની પવિત્ર દીકરીઓ તથા બાકીની પવિત્ર પત્નીઓ رضی اللہ تعالیٰ عنہن ને તમામ સહાબિયાત (સહાબી ઔરતો) પર ફઝીલત છે.

**અક઼ીદહ (૧૯)** : તેમની પવિત્રતાની ગવાહી કુર્આને આપી છે.

*(બહારે શરીઅત, ભાગ—૧, અક઼ીદાનું બયાન)*


**દરેક મુશ્કેલીનો ઈલાજ**

**ન્યાઝે કલન્દરી**

હઝરત બૂ અલીશાહ કલન્દર رحمۃ اللہ علیہ એ ઈર્શાદ ફર્માવ્યો છે અગર કોઈને પણ કોઈ પણ મુશ્કેલ કામ આવી પડયું હોય ચાહે મુકદ્દમો હોય, રોજીની વાત હોય, બરકત મેળવવી હોય કર્ઝ હોય પહાડ જેટલી મુશ્કેલીઓ હોય તો ન્યાઝે કલન્દરી કરવાથી તે કામ થઈ જશે ઈન્શા અલ્લાહ !

**ન્યાઝે કલન્દરી** : એક મણ (૨૦ કિલો) દહીં, એક મણ (૨૦ કિલો) ગોશ્ત (રાંધેલું) અને એક મણ (૨૦ કિલો) લોટની રોટલીઓ હલાલ કમાઈમાંથી પકાવીને બૂ અલીશાહ કલન્દર رحمۃ اللہ علیہ ની રૂહને ઈસાલે સવાબ કરીને, અલ્લાહથી દુઆ માગે તો ઈન્શા અલ્લાહ ! તેની દુઆ કબૂલ થશે અને તમામ મુશ્કેલીઓ દૂર થશે અને ઘરમાં બરકત થશે. (નોટ : ગોશ્ત હડ્ડીવાળુ કે વગર હડ્ડીનું પણ ચાલશે. દહીંને ગોશ્ત બનાવવામાં તથા પીવામાં પણ વાપરી શકાય છે.) આ ઈર્શાદ ખુદ હઝરતનો પોતાનો છે અને તેમના મઝાર પર લખેલો છે. એટલે શંકાને કોઈ સ્થાન રહેતું નથી.

**ન્યાઝ કરાવવા માટે સંપર્ક કરો** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, મસ્જિદે રઝા પાસે, ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ. મો. 94274 64411, 9426840277




# ઈસ્લામી દા'વત તથા તબ્લીગમાં ઈન્ટરનેટનો ઉપયોગ



❑ રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સમયના પરિવર્તન સાથે ઈસ્લામી તબ્લીગની જરૂરતો અને માધ્યમોમાં પણ મોટા પ્રમાણમાં પરિવર્તન સર્જાયુ છે. રસૂલુલ્લાહ ﷺના જમાનામાં ઈસ્લામને લોહીની જરૂરત પડી તો રસૂલુલ્લાહ ﷺ અને રસૂલુલ્લાહ ﷺના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પોતાના લોહીથી ઈસ્લામના ચમનનું સિંચન કર્યું. કદી ખિતાબત, મુનાઝરા અને નસીહત દ્વારા ઈસ્લામનો પ્રચાર કરવામાં આવ્યો. ભૂતકાળમાં હિક્મત અને ફિલોસોફી દ્વારા ઈસ્લામી અકાઈદ તથા માન્યતાઓને નકારવામાં આવવા લાગી તો ઉલ્માએ રાશિખીન અને અઈમ્માએ મુજતહિદીને તે જ તરીકા પર "ફન્ને ઈલ્મે કલામ"નો પાયો નાખી હિક્મત તથા ફિલોસોફી દ્વારા ઈસ્લામની મહાન ખિદમતનો ફર્ઝ અદા કર્યો.

ઈન્ટરનેટ આ જમાનાની મહત્વની શોધોમાંથી એક છે. તેણે આખી દુનિયાને એક વૈશ્વિક ગામડામાં બદલી નાખી છે. ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયાની જેમ તેણે એક અન્ય મીડિયાને ઉત્પન્ન કર્યું જેને આપણે સાયબર મીડિયા કહીએ છીએ અને બીજા મીડિયાની જેમ તેણે પણ ઈન્સાની માપદંડો અને પ્રમાણોને પ્રભાવિત કર્યાં છે. થોડા સમયથી ઈન્ટરનેટ આપણા સમાજમાં પ્રચલિત થઈ ચૂક્યું છે, બલ્કે ગવર્નમેન્ટની પોલીસીના કારણે લોકોમાં તેનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. અને પ્રતિ દિન ઈન્ટરનેટની ઉત્તમ સેવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કેબલ મોડમ, ડી.એસ.એલ, અને આ પ્રકારની અધિક ટેકનોલોજી દ્વારા ઈન્ટરનેટની ગતિને વધારવામાં આવી રહી છે. અને એ દિવસ દૂર નથી કે ઈન્ટરનેટ સમગ્ર મનુષ્ય જીવનને ઘેરી લેશે અને જલ્દી જ દરેક ઘરનો અનિવાર્ય ભાગ બની જશે.

આજના દોરમાં ઈન્ટરનેટ ઈસ્લામની તબ્લીગનું એક અસરકારક માધ્યમ છે. તેના દ્વારા આપણે એક જ સમયમાં પૂરી દુનિયામાં એક સાથે કરોડો લોકો સુધી પોતાની દા'વત પોતાના ખયાલાત પહોંચાડી શકીએ છે, જો હજુ પણ આપણે દીની પ્રચારના માર્ગમાં નવા તકાઝાઓથી દૂરી બનાવી રાખી તો તેનાં ભયાનક પરિણામો આપણે સદીઓ સુધી ભોગવવાં પડશે. જેમ કે યાદ કરો એ દોરને જ્યારે યૂરોપ અને અન્ય ખંડોમાં ઔદ્યોગિક ક્રાંતિઓ સર્જાઈ રહી હતી, આધુનિક વિદ્યાઓ પર સંશોધનો થઈ રહ્યાં હતાં. તે સમયે આપણા દેશના હુકમરાનો ઈમામબાડા, ચાર મિનાર, કુતુબ મિનાર, ગોળગુંબદ અને તાજમહલ બનાવવામાં વ્યસ્ત હતા. જેના નુકસાનો શું થયા એ વિદ્વાનોથી છુપાયેલ નથી, આપણે હજુ પણ કેવળ કાલ્પનિક વાતોનો સહારો લઈ તેની તરફ ધ્યાન ન આપ્યું તો શાયદ આવનાર પેઢીઓ આપણી ભૂલોને માફ નહીં કરે.

**ઈન્ટરનેટ શું છે ? :** નેટવર્ક ઓફ નેટવર્કસને ઈન્ટરનેટ કહે છે. અર્થાત કોમ્પ્યુટરનું એક એવું વૈશ્વિક નેટર્વક છે જેનાથી સમગ્ર દુનિયાના કરોડો કોમ્પ્યુટર પરસ્પર જાણકારીઓનું આદાનપ્રદાન કરે

છે. કેટલાય નેકવર્કસના એકબીજા સાથે મળવાથી એક વિશ્વ નેટવર્ક બને છે. એટલા માટે ઈન્ટરનેટનો કોઈ એક વ્યક્તિ, સંસ્થા અથવા કોઈ કંપની માલિક નથી હોતી. પરંતુ એ નેટવર્કો માટે અમુક નીતિ નિયમો બનાવનારી કેટલીક સંસ્થાઓ હોય છે. એ જ કારણ છે કે આ એક સ્વતંત્ર મીડિયા છે કે કોઈપણ આઝાદી સાથે પોતાની વાતો તેના પર પ્રકાશિત કરી શકે છે. કોઈ દેશ કેવળ પોતાના નેટવર્ક પર પ્રતિબંધ લગાડી શકે છે, સમગ્ર દુનિયામાં પ્રતિબંધ લગાડવાનો અધિકાર કોઈને નથી. ઈન્ટરનેટ પર પોતાની વાતો પ્રકાશિત કરવાનો એક તરીકો વેબસાઈટ છે. વર્લ્ડ વાઈડ વેબના સંશોધન પછી વેબસાઈટમાં લખાણ, અવાજ, ચિત્ર અને વિડિયોના રૂપમાં જાણકારીઓ રજૂ થવા લાગી.

## ઈન્ટરનેટની અસરો

ઈન્ટરનેટની આપણા સમાજ પર જે અસરો થઈ રહી છે અને થઈ શકે છે તે મૂળ રીતે ત્રણ પ્રકારની છે : (૧) અમુક પરિવર્તનો એ છે જે રોજિંદા જીવનમાં ઉત્પન્ન થઈ રહ્યાં છે, તેમનું કોઈ ધાર્મિક, સંસ્કારિક અને સાંસ્કૃતિક મહત્વ નથી. પરંતુ તેમને એ રીતે સકારાત્મક ઠરાવી શકાય છે કે તે જીવનને ઝડપી અને સરળ બનાવી રહ્યાં છે. (૨) તે સકારાત્મક શક્યતાઓ છે જે ઈન્ટરનેટમાં છુપાયેલ છે જેમના દ્વારા અલ્લાહ તઆલાએ આપણને એક તક આપી છે કે આપણે ઈલ્મ અને ટેકનોલોજીમાં પોતાની કમજોરીને ઘણી જ જલ્દી દૂર કરી સફળતા અને પ્રગતિના માર્ગો પોતાની કૌમ માટે ખોલી શકીએ છીએ. (૩) તે નકારાત્મક વલણો છે જેમના અંધકારમય છાયા આપણા સમાજને પોતાની લપેટમાં લઈ રહ્યાં છે.

## ઈન્ટરનેટના ફાયદાઓ

ઈન્ટરનેટ એક માધ્યમ જ છે જેના પોઝિટિવ અને નેગેટિવ બંને પાસાં છે. તેના પોઝિટિવ ઉપયોગો પણ મોટી સંખ્યામાં મૌજૂદ છે જેમનાથી દુનિયાભરમાં લાભ ઉઠાવવામાં આવી રહ્યા છે. એક સામાન્ય વ્યક્તિના હિસાબે ઈન્ટરનેટની સૌથી મોટી અસર વ્યવહારિક જીવનમાં જાહેર થઈ છે. તેનો સૌથી પ્રસિદ્ધ પ્રકાર ઈમેલ છે, આ ઈન્ટરનેટ દ્વારા દુનિયાના કોઈપણ ભાગમાં મૌજૂદ વ્યક્તિને સંદેશ પહોંચાડવાની એક સર્વિસ છે જે ઘણી જ ઝડપી, સરળ, ભરોસાપાત્ર અને નિઃશુલ્ક છે. બીજી સર્વિસ ચેટિંગ છે જેમાં વિવિધ સ્થળો પર ઉપસ્થિત લોકો સીધા એક બીજા સાથે લેખિત રૂપે વાર્તાલાપ કરી શકે છે. તદ્ ઉપરાંત (તેમાં) અવાજ અને ચિત્ર દ્વારા વાતચીતની સહુલત પણ મળે છે. ઈન્ટરનેટનો એક ઉપયોગ નેટફોન પણ છે, જેમાં કોમ્પ્યુટરથી ફોન પર સીધુ જોડાણ સંભવ છે. આ સૌ દ્વારા લોકો માટે દૂર દૂર દેશોમાં રહેતા પોતાના સગા સંબંધીઓ સાથે સંપર્ક ઘણો જ સરળ થઈ ગયો છે. તેની મદદથી સમગ્ર દુનિયાના વિદ્વાનોની કોઈ વિષયે એક સાથે ચર્ચા કરવું સરળ થઈ ગયું છે. સોશિયલ વેબસાઈટ્સમાં ફેસબુક, ટ્વીટર, વોટ્સઅપ, યુટ્યૂબ, સ્કાઈપ, ઈન્ટરનેટ બ્લોગ્ઝ, અને લિંકડઈન વગેરે પરસ્પર સંપર્કના ઉત્તમ માધ્યમો છે.

સોશિયલ મીડિયાની સર્વાધિક લોકપ્રિય વેબસાઈટ ફેસબુક છે, જેણે સમાજને પોતાની પકડમાં જકડી રાખ્યો છે. આપણી નવયુવાન પેઢી તો પોતાના રાત દિવસનો અધિકતમ સમય અને શક્તિ સામાજિક સંપર્કની આ સાઈટ પર વેડફવામાં વ્યસ્ત છે. અને હવે કોઈ સોશિયલ સાઈટના યુઝરની સંખ્યા સૌથી અધિક છે તો તે ફેસબુક છે. વર્તમાન સમયમાં

ફેસબુકના એક્ટિવ યુઝરની સંખ્યામાં દિન પ્રતિ દિન વધારો થઈ રહ્યો છે. આજે સમયની માગ એ છે કે દરેક વ્યક્તિ સોચી સમજીને અને માત્ર જરૂરતના સમયે જ સોશિયલ સાઈટ્સ પર પોતાની કિંમતી સમય વેડફે અને તેનાથી થતા નુકસાનોથી બચવાની પૂરી કોશિશ કરે, ત્યારે જ આ બાબતોથી બચી શકાય છે. માત્ર સોશિયલ મીડિયાના સર્વ ઉપયોગકર્તાઓ પોતાના અંગત અને સામાજિક જીવનમાં સંતુલન અને તેને ખુશહાલ બનાવી રાખવા માટે સોશિયલ મીડિયાને મધ્યમ હદમાં રહીને પોઝિટિવ રીતે ઉપયોગ કરી ઈન્સાનિયતની ઉન્નતિમાં પોતાની રોલ અદા કરે.

**ઈ કોમર્સ** : અંગ્રેજી ભાષાના બે શબ્દો ઈલેક્ટ્રોનિક કોમર્સનું ટૂંકુ રૂપ ઈ કોમર્સ છે. ઓનલાઈન વ્યવસાય કરવાને ઈ કોમર્સ કહે છે. પશ્ચિમી દેશોમાં ઘણા પહેલાંથી આ પદ્ધતિ વિકસીત થઈ ચૂકી છે અને ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં ઓન લાઈન કારોબાર પ્રચલિત થઈ રહ્યો છે. બલ્કે ઘણો લાભદાયક પણ પુરવાર થઈ રહ્યો છે. તેના દ્વારા ન કેવળ ઘર બેઠાં પોતાની પસંદની ચીજો પ્રાપ્ત કરી શકે છે બલ્કે એ ચીજા તેમને ઘણી સસ્તી પણ પડે છે. તેનું કારણ એ છે કે મોટા પ્રમાણમાં તૈયાર થતી વસ્તુઓમાં સામાન્યતઃ વચેટીયાઓ ઘણો નફો લઈ જાય છે. વેચાણ વસ્તુઓ મેન્યુફેકચર્ઝ બનાવે છે અને ડિસ્ટ્રીબ્યુટર વિતરણ કરી છે અને આમ દુકાનદારો તેને ગ્રાહક સુધી પહોંચાડે છે. જેથી આમ ગ્રાહક સુધી પહોંચતાં પહોંચતાં જેટલા લોકો વચમાં આવતા જાય છે, વસ્તુ એટલી મોંઘી થતી જાય છે. પરંતુ ઈન્ટરનેટ સાઈટ્સ દ્વારા એક મેન્યુફેકચર અથવા ડિસ્ટ્રીબ્યુટર ગ્રાહકને તે જ વસ્તુ ડાયરેક્ટ વેચે છે. વચેટિયાના વચમાં ન હોવાના કારણે ગ્રાહકને એ વસ્તુ ઘણી સસ્તી પડે છે. આ તરીક઼ો એવી ચીજોના વેચાણમાં અત્યંત સફળ છે જેમાં ખરીદનારની પસંદ પહેલાંથી સ્પષ્ટ હોય છે. જેમ કે એક કિતાબ ખરીદવી છે તો ગ્રાહક સામાન્યતઃ રીતે અડધી કિંમત પર ઘર બેઠાં તે કિતાબ ખરીદી શકે છે.

**ઈલ્મ અને તેહક઼ીક઼નું નવું મેદાન** : ઈન્ટરનેટ તેના પોઝિટિવ ઉપયોગના આધારે અલ્લાહ તઆલાની મહાન નેઅમતોમાંથી એક નેઅમત છે. ખાસ કરીને આપણા જેવા સમાજ માટે જે તેહક઼ીક઼ અને ઈલ્મના મેદાનમાં ઘણો પાછળ છે. ઈલ્મની લગભગ કોઈ એવી શાખા નથી જેનાથી સંબંધિત જાણકારીઓ ઈન્ટરનેટ પર નિઃશુલ્ક અને વિના રોકટોક પ્રાપ્ત ન હોય. પ્રાઈમરી સ્કૂલમાં ભણતા બાળકને પણ પોતાના એસાઈમેન્ટ માટે તેના પર સામગ્રી મળી જાય છે અને પી.એચ.ડી. કરનારા વ્યક્તિ માટે પણ અહીંયાં સર્વ સામગ્રી સરળતાથી મળી જાય છે. શર્ત એ છે કે ઈન્ટરનેટ પર સામગ્રી શોધવાની રીત આવડતી હોય અને તેને શીખવું બહુ મુશ્કેલ નથી.

હવે આ એક જાણીતો તરીક઼ો બની ગયો છે કે ઈલ્મના સર્વ વિભાગોમાં થતી પ્રગતિનો રેકોર્ડ ઈન્ટરનેટ પર રાખી દેવામાં આવે છે. તેની સાથે સાથે ઈન્ટરનેટ એક મહાન લાયબ્રેરીનું પણ કામ કરે છે. આ સર્વ જાણકારીઓ અધિક્તમ અંગ્રેજી ભાષામાં હોય છે. આપણી શિક્ષા પ્રણાલી અંગ્રેજી બેક ગ્રાઉન્ડના આધાર પર હોય આપણા માટે ઘણુ સરળ છે કે આપણે અંગ્રેજી ભાષામાં મૌજૂદ આ સામગ્રીથી ભરપૂર રીતે લાભ લઈ શકીએ.

**ઈન્ટરનેટ બેહતરીન મોઅલ્લિમ** : ઈન્ટરનેટ ઈલ્મ અને તેહક઼ીક઼ સિવાય શિખવા શિખવવાનું પણ ઉત્તમ માધ્યમ છે. લગભગ દરેક વસ્તુની સંબંધિત ઈન્ટરનેટ પર ન કેવળ જાણકારી ઉપલબ્ધ છે બલ્કે સર્વ જ્ઞાન અને વિદ્યાઓથી સંબંધિત Tutorial

ઈન્ટરનેટ પર ઉપલબ્ધ હોય છે. તેના સિવાય અધિકતમ સંખ્યામાં ઓન લાઈન કોર્સિઝનો ક્રમ પણ તેના પર ઉપલબ્ધ છે, જેની સહાયતાથી આપ કોઈ પણ વિભાગથી સંબંધિત વિષય પણ મહારત પ્રાપ્ત કરી શકો છો. આ કોર્સિઝ અને ટયુટોરિયલ અધિકતમ નિઃશુલ્ક હોય છે, જેમાં અવાજ અને ચિત્રોની સહાયતાથી લોકોને વિવિધ વસ્તુઓની ટ્રેનિંગ આપવામાં આવે છે. તેની મદદથી એક સારા ઉસ્તાદ અથવા વકતાની વાતોને સમગ્ર દુનિયામાં સાંભળી શકાય છે અને બીજા દેશના માહિર ઉસ્તાદોની સેવાઓ લઈ શકાય છે. વિના મુલ્ય ઓનલાઈન ઈસ્લામી લેશન પઢાવી શકાય છે, બલ્કે કેટલાય લોકો તેના લાભ પણ લઈ રહ્યા છે. ઔરતો, બાળકો, બુઝુર્ગો સારાંશ કે દરેક વય અને દરેક વિભાગના લોકો માટે રૂચી પોતાની અને લાભની ચીજો અટહીંયા ઉપલબ્ધ છે.

## ઈન્ટરનેટનાં નુકસાનો

**બેહયાઈનો પ્રસાર** : ઈન્ટરનેટ આધુનિક યુગમાં બેહયાઈના પ્રચારનું સૌથી સરળ અને અસરકારક સાધન બની ગયું છે. આ વાત ઈન્ટરનેટના આરંભ સમયે જ ઘણી સ્પષ્ટ રીતે સામે આવી ગઈ હતી. ૯૦ના દસકમાં ઈન્ટરનેટ અમેરિકા અને યૂરોપમાં અસામાન્ય ઝડપ સાથે પ્રચલિત થઈ ગયું હતું. તેની લોકપ્રિયતાનું સૌથી મોટુ કારણ તેના પર ઉપલબ્ધ બિભત્સ અને નગ્ન લિટરેચર હતું. ઈ.સ. ૧૯૯૫માં ટાઈમ મેગેઝિને ઈન્ટરનેટ વિશે પ્રકાશિત પોતાના વિશેષ અંકમાં એક રિપોર્ટ પ્રકાશિત કર્યો. જેના અનુસાર ઈન્ટરનેટ પર એ સાઈટોની સંખ્યા જેમના પર બિભત્સ અને નગ્ન સામગ્રી ઉપલબ્ધ હતી કેવળ ૦.૦૩ ટકા હતું, અર્થાત ૧૦૦માંથી કેવળ ૩ સાઈટ્સ. પરંતુ ઈન્ટરનેટ ઉપયોગ કરનારા ૧૦૦માંથી ૮૪ લોકો તે જ ૦.૦૩% સાઈટ્સ તરફ જતા હતા. **હમણા પરિસ્થિતિ એ છે કે બિભત્સ સાઈટોની સંખ્યા લાખોમાં પહોંચી ચૂકી છે.** ન કેવળ ફ્રી બિભત્સ સાઈટો પર મોટી સંખ્યામાં લોકો જાય છે બલ્કે હાલના એક સર્વે મુજબ વ્યવસાયિક રીતે પણ એ સાઈટો સૌથી વધુ કામયાબ છે, અને અન્ય પ્રકારની સાઈટ્સ જેમ કે મ્યુઝિક, ગેમ્સ, સ્પોર્ટસ વગેરેની તુલાનામાં વધુ બિઝનેસ કરે છે.

ઈન્ટરનેટ દ્વારા વ્યભિચારના ફેલાવાનું મોટુ કારણ એ છે કે તેમાં પ્રાઈવસી અને સહુલત અધિક છે. જેથી કોઈપણ વ્યક્તિ કોઈની પણ જાણ વિના દરેક પ્રકારની સામગ્રી સુધી સરળતાથી પહોંચી શકે છે. અલ્લાહના ખૌફથી ખાલી સોસાયટીમાં જ્યાં આવી વસ્તુઓથી લોકો કેવળ સામાજિક દબાવના કારણે દૂર રહે છે તેમને જ્યારે આવી સહુલત મળી જાય તો કોણ આવા સુરક્ષિત માધ્યમથી લાભ ન ઉઠાવે !

**નવયુવાનોની અધિકતમ સંખ્યા ઈન્ટરનેટનો આ જ હેતુસર ઉપયોગ કરે છે. આ પરિસ્થિતિનું પરિણામ એ નીકળી રહ્યું છે કે નવી પેઢી અખ્લાકી રીતે બર્બાદ થઈ રહી છે. હયા અને શરમ જેવા માપદંડો કમજોર અને સંબંધોની પવિત્રતા પાયમાલ થઈ રહી છે. પ્રાકૃતિક પાકીઝગી રૂખ્સત થઈ રહી છે અને દિમાગી ગંદકી વધી રહી છે.** જાહેર છે કે આવી વસ્તુઓનાં પરિણામો સમાજ માટે ભયાનક હશે. ખાસ કરીને એવા સમાજમાં જે પ્રગતિના દરેક મેદાનમાં આધુનિક દુનિયાથી પાછળ છે અને જેનો સર્વ કુલ સરમાયો (માયા પૂંજી) આ જ સુસંસ્કાર (શરમ હયા વગેરે) છે, જો એ પણ ન રહે તો સમાજ પોતાની મજબૂતીનો એક માત્ર પાયો પર ગુમાવે બેસશે.

**હિંસા, નફરત અને અપરાધોનો વધારો** : ઈન્ટરનેટ જેવી રીતે જીવનના દરેક ક્ષેત્ર પર પોતાની પકડ મજબૂત કરતુ જઈ રહ્યું છે તેવી જ રીતે ઈન્ટરનેટના અમુક એવા ઉપયોગ સામે આવ્યા છે જે ઘણા ગંભીર પ્રકારના છે. જેમ કે **વિવિધ ધર્મો અને વંશો વિરુદ્ધ નફરત ફેલાવવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એ જ રીતે ઈન્ટરનેટ હિંસા અને અપરાધમાં વધારો કરવા માટેનું પણ માધ્યમ બની રહ્યું છે.** એના માટે હવે સાયબર ક્રાઈમની પરિભાષા ઉપયોગ કરવામાં આવે છે. આપણે ત્યાં પણ સાયબર ક્રાઈમની વબા ધીરે ધીરે વધી રહી છે. ખાસ કરીને એ નવયુવાનો જે પોતાનો અધિક સમય ઈન્ટરનેટ પર વીતાવે છે તેઓ અમુક વેબ સાઈટ્સ અથવા ચેટિંગ દ્વારા આ ચીજોના શિકાર થઈ જાય છે. એ સિવાય અન્ય ખરાબ આદતો જેમ કે જુગાર વગેરેના વધારાનું પણ આ એક ઘણુ જ અસરકારક માધ્યમ બની ગયું છે. આ બધી વસ્તુઓ જે પશ્ચિમી દેશોમાં ફેલાઈ રહી છે તે ઈન્ટરનેટનો ઉપયોગ વધવાના કારણે આપણે ત્યાં પણ આમ થતી જઈ રહી છે.

**સમયની બર્બાદી** : ઈન્ટરનેટનો બેરોકટોક ઉપયોગ પોતાનામાં સમયની બર્બાદીનું પાસુ પણ ધરાવે છે. ઈન્ટરનેટ પર વિવિધ સાઈટો પર જવાનું કાર્ય જેને સર્ફિંગ કહે છે. સડકો પર કોઈ હેતુ વિના આવારાગર્દી કરવા સમાન છે. જે રીતે સડકો પર રખડવામાં સમયની ખબર નથી પડતી એ જ રીતે સર્ફિંગમાં પણ લોકો પોતાનો કિંમતી સમય બર્બાદ કરતા રહે છે અને તેમને એનો એહસાસ નથી થતો. સર્ફિંગ કરતાં વધારે ચેટિંગ સમયની બર્બાદીનું કારણ બને છે. નવયુવાન છોકરા છોકરીઓ કલાકો સુધી કોમ્પ્યુટર સામે બેસી રહે છે અને અનર્થ વાતોમાં પોતાનો કિંમતી સમય બર્બાદ કરે છે.

**ઈન્ટરનેટ પર ઈસ્લામનો ફેલાવો** : દુનિયાના દરેક ખૂણામાં ઈસ્લામનો પૈગામ ફેલાવવા માટે અસામાન્ય માધ્યમોની જરૂરત છે. આપણે C.N.N. અથવા B.B.C. જેવી સંસ્થાઓ નથી ખોલી શકતા. પરંતુ ઈન્ટરનેટે આ કાર્યને હવે ઘણુ જ સરળ કરી આપ્યુ છે. જેના દ્વારા એક વ્યક્તિ પણ ઘણા ઓછા માધ્યમોને ઉપયોગમાં લાવી એક ઘણા મોટા વર્તુળ સુધી પોતાની વાત પહોંચાડી શકે છે. ઈન્ટરનેટના નુકસાનો, બિભત્સતાઓ અને તેની અસંસ્કારિક્તા જોઈને તેને એક મેળે નાખવાથી કામ નહીં ચાલે બલ્કે આપણે પણ પોતાની હિક્મતને આધુનિક તરીક઼ા મુજબ કામે લગાડવી પડશે જેથી આ નવા માધ્યમથી ઉભી થયેલ ચેલેંજનો મુક઼ાબલો કરી શકાય.

ઈન્ટરનેટ પર જ્યારે ઈસ્લામી સાઈટ્ને આપણે જોઈએ છીએ તો આપણને જણાય છે કે ઈસ્લામનો પરિચય રજૂ કરતી ઘણી બધી વેબસાઈટો ઈસ્લામના નામે મનફાવતા અર્થઘટનો રજૂ કરી રહી છે. લોકોને ઈસ્લામના નામ પર ગુમરાહ કરવામાં આવી રહ્યા છે. ગુમરાહ કરનાર વેબસાઈટની સંખ્યા દીની અને ઈસ્લામી સાઈટોની તુલનામાં કેટલાય અંશે અધિક છે. ઈસ્લામના નામ પર ઈસ્લામના દુશ્મનોએ ઘણી બધી વેબસાઈટો બનાવી રાખી છે. તમે કોઈ પણ સર્ચ એન્જીન પર ઈસ્લામિક વેબ લખી સર્ચ કરશો તો પરિણામ સામે આવશે કે ઈસ્લામના નામે હજારો વેબસાઈટસ ઈન્ટરનેટ પર મૌજૂદ છે. ઉપરાંત તેમના પર મૌજૂદ સામગ્રી અથવા તેમના પ્રોગ્રામોના ક્રમથી એ અનુમાન લગાડવું એક આમ મુસલમાન બલ્કે શિક્ષિત લોકો માટે મુશ્કેલ છે કે વાસ્તવમાં આ વેબસાઈટો કોઈ મુસલમાન, મુસલમાન સંસ્થા અથવા મુસલમાન ઈદારાએ બનાવી છે અથવા કોઈ ગેર મુસ્લિમ સંગઠનનું કારસ્તાન છે.

ઈસ્લામના નામ પર ગૈર ઈસ્લામી તા'લીમ

આપવાવાળાઓમાં જેવી રીતે યહૂદીઓ તથા ઈસાઈઓ આગળ છે તેવી જ રીતે કેટલાક આસ્તીનના સાપ પણ તેમની સાથે સાથે છે, પોતાના નામની સાથે ''ઈસ્લામ''નું નામ લગાડી લોકોને ગુમરાહ કરી રહ્યા છે. તેમનામાં કાદયાનિયતનો ફિત્નો સૌથી આગળ છે જે ઈન્ટરનેટ પર પોતાની કેટલીય વેબસાઈટો ઈન્ટરનેટ પર પ્રકાશિત કરી ચૂક્યા છે અને પોતાની મનમાનીથી ઈસ્લામી તા'લીમાતનું અર્થઘટન કરી લોકોને ગુમરાહ કરી રહ્યા છે, અને કોઈપણ તેમના ઉપર પ્રતિબંધ લગાડવાની કલ્પના પણ નથી કરી શકતું અને પાબંદી લગાડવું તેનું કોઈ નિરાકરણ પણ નથી.

આવા ભયાનક માહોલમાં આપણા માટે જરૂરી છે કે આપણે ગંભીરપણે તેનો ઉકેલ શોધીએ. આ ક્રમનું અગત્યનું કાર્ય એ છે કે વિધ્વાનો, સમજદારો અને ઉલમાએ કિરામની એક એવી જમાઅત તૈયાર કરવામાં આવે જે ઈન્ટરનેટ પર ઈસ્લામના નામે ઉપલબ્ધ વેબસાઈટોનું ધ્યાનપૂર્વક વિશ્લેષણ કરે અને સંપૂર્ણ સંશોધન અને અભ્યાસ પછી તેમના અસલી અને નકલી હોવા વિશે પોતાના રિપોર્ટ તૈયાર કરે. પછી તે રિપોર્ટ દેશની સર્વ પુસ્તિકાઓ અને સામાયિકોમાં પ્રકાશિત કરવામાં આવે. પોતે એક વેબસાઈટ બનાવી તેની રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવે અને તે સાઈટ પર ઈસ્લામની તા'લીમાત વિશ્વસનીય હવાલાઓ સાથે વિસ્તારપૂર્વક રજૂ કરવામાં આવે. જેથી આ નવા તરીકા (ઈન્ટરનેટ)થી મુસલમાનો લાભ લે અને આજના નવા ફિત્નાઓથી બચી શકે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને તમામ બુરાઈઓથી બચાવે, આપણને ઈસ્લામની દરેક રીતે ખિદમત કરવાવાળા બનાવે અને દરેક ફિત્નાનો સારી રીતે મુકાબલો કરવાની તાકત અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : અશ્રફિયા માસિક, નવેમ્બર-૨૦૧૮, મુબારકપુર)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાળા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

મુસ્લિમ છોકરીઓના હિંદુ છોકરાઓ સાથે લગ્નગ્રંથીથી જોડાવવા સંબંધે વિશેષ લેખ...

# ગૈર મુસ્લિમો સાથે શાદી બાબતે કુર્આનનો અટલ ફેંસલો

❑ રજૂકર્તા : જનાબ હાફેઝ સલીમ ઈબ્રાહીમ ખત્રી *(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર, યુ.પી.)*

કુર્આને અઝીમ તથા હદીષનો બંદાઓ માટે માત્ર આ જ સંદેશ છે કે અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺ પર ઈમાન લાવી તેના આદેશોનું પાલન કરવામાં આવે અને ખુદાની ઈબાદત તથા રિયાઝત અને ઝિક્રમાં મશગૂલ થઈ જાય. અને અલ્લાહ તથા તેના રસૂલે જે વસ્તુઓથી રોકયા છે તેનાથી રોકાય જાય, અને જે વસ્તુઓનો અલ્લાહ તથા તેના રસૂલ ﷺએ કરવાનો આદેશ આપ્યો છે તેમનું ખુશી ખુશી પાલન કરે. આ જ એક સાચા અને પાકા મુસલમાનની નિશાની છે.

## મુસ્લિમ સમાજ અવનવી સમસ્યાઓના ઘેરાવમાં

આજે જ્યારે આપણે જમાનાનું નિરીક્ષણ કરીએ છીએ અને સ્થિતિઓની જાણકારી પ્રાપ્ત કરવા ઈચ્છીએ છીએ તો એ વાત ખુલીને આપણી સામે આવે છે કે આપણો મુસ્લિમ સમાજ નવી નવી મુશ્કેલીઓથી ભેટી રહ્યો છે. ક્યારેક ત્રણ તલાક઼ની સમસ્યા ઉઠાવીને મુસલમાન ભાઈઓ તથા બહેનોને કુર્આન અને હદીષના અસલ મસ્અલા અને લાફાની (હમેશાં માટેના) હુકમથી ફેરવવામાં આવી રહ્યાં છે, તો ક્યારેક મઝહબના નામ પર વિખવાદ તથા વિવાદને હવા આપવામાં આવી રહી છે, તો ક્યારેક "લવ જેહાદ"નું તૂટ રચીને આમ લોકોની જાન લેવામાં આવી રહી છે. અને આ પ્રકારની ઘણી સમસ્યાઓ વડે મુસલમાનોને દિમાગી મુંઝવણ અને માનસિક દબાવમાં નાખીને તેમને ઊંચા હેતુઓથી એક ષડયંત્ર વડે રોકવામાં આવી રહ્યા છે. અને આપણો વિરોધી ઈસ્લામ દુશ્મન ખૂબ જ ઝડપથી અને સંપૂર્ણ આયોજન સાથે એ મેદાનમાં સફળ થતો નજરે ચડે છે, અને આપણે માત્ર તમાશાઈ બનેલ છીએ. આ સમયની ખૂબ મોટી કરૂણતા છે. આખરે મુસલમાન ખામોશ કેમ છે ? શું તેમને દીનનું દર્દ નથી ? શું તેમને દીનની હિફાઝતનો આદેશ નથી આપવામાં આવ્યો ? શું તેમને એ નહીં પૂછવામાં આવે કે તે સમયે કયાં હતા જ્યારે મારા દીન અને મારી શરીઅત પર હુમલો કરવામાં આવી રહ્યો હતો ? શું આ બધા સવાલો કાફિરોથી થશે કે મુસલમાનોથી ? જો આ સવાલો મુસલમાનોથી થશે તો પછી હોશમાં કેમ નથી આવતા? જાગતા કેમ નથી ?!

## ઈસ્લામમાંથી ધર્મ પરિવર્તનનો ફિત્નો

વર્તમાન સમયમાં ધર્મ પરિવર્તનનો ફિત્નો ખૂબ ઝડપથી વધી રહ્યો છે અને ઘણી મુસલમાન સ્ત્રીઓ ગૈર મુસ્લિમ છોકરાઓ સાથે શાદી કરી ચૂકી છે અને કરી રહી છે. ઈંગ્લિશ ન્યુઝ પેપર ઈન્ડિયન એકસપ્રેસના ૧–૧૨–૨૦૧૭ના રિપોર્ટ મુજબ આર.એસ.એસ.ની એક કટ્ટરવાદી અને હિંસક ટોળકીઓએ ઘોષણા કરી હતી કે હિંદુ જાગરણ મંચ નામી ટોળકી માત્ર ૬ મહીનામાં ૨૧૦૦ મુસ્લિમ છોકરીઓની શાદી હિંદુ છોકરાઓ સાથે કરાવવાના સર્વ શક્ય પ્રયાસ કરશે અને તે ચળવળનું નામ "બેટી બચાઓ ઔર બહુ લાઓ" રાખવામાં આવ્યું. તેઓ આ ચળવળ બનાવીને કેટલા સફળ થયા એનો આ પરથી અંદાજો લગાડી શકાય છે કે તેમની યોજનામાં ભારતના ઘણા રાજ્યો જેમ કે ઉત્તરપ્રદેશ,

બિહાર, કેરાલા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, હૈદરાબાદ, ગુજરાત, હરિયાણા, મહારાષ્ટ્ર વગેરેમાં મુસલમાન સ્ત્રીઓ ઝડપથી ધર્મ પરિવર્તનના ફિત્નાનો શિકાર થઈ રહી છે અને હિંદુ છોકરાઓ સાથે કોર્ટ મેરેજ કરી રહી છે.

## ગૈર મુસ્લિમ સાથે શાદી થતી જ નથી

સૌ પ્રથમ હું કુર્આનની દષ્ટિએ એ વર્ણન કરીશ કે શું એક મુસ્લિમ છોકરીની શાદી ગૈર મુસ્લિમ છોકરા સાથે થઈ શકે છે ? તો કુર્આનનો આ ખુલ્લમ ખુલ્લા આદેશ અને સ્પષ્ટ તા'લીમ છે કે **ન મુસ્લિમ છોકરીની ગૈર મુસ્લિમ છોકરા સાથે અને ન ગૈર મુસ્લિમ છોકરીની મુસ્લિમ છોકરા સાથે શાદી થઈ શકે છે.** અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ لَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَ لَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّ لَوْ اَعْجَبَتْكُمْ ۚ وَ لَا تُنْكِحُوا الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا ؕ وَ لَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ۖۚ وَاللّٰهُ يَدْعُوْٓا اِلَى الْجَنَّةِ وَ الْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ وَ يُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿۲۲۱﴾

"અને શિર્કવાળી સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી મુસલમાન ન થઈ જાય. અને બેશક ! મુસલમાન લોંડી મુશ્રિકાથી સારી છે, ભલે તમને સારી લાગતી હોય. અને મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તે ઈમાન ન લાવે, અને બેશક ! મુસલમાન ગુલામ મુશ્રિકથી સારો છે, ભલે તમને તે સારો લાગતો હોય."

*(સૂરએ બક્રહ, આ. ૨૨૧, કન્ઝુલ ઈમાન)*

તફસીરે ઈબ્ને કષીરમાં આ આયતની તફસીર આ પ્રમાણે છે : જો કે આયતનો અર્થ તો દરેક મુશ્રિકા સ્ત્રી સાથે નિકાહ કરવાની મનાઈ પર જ દલાલત કરે છે પરંતુ બીજી જગ્યા ઉપર ઈર્શાદ છે :–

## અહલે કિતાબ સ્ત્રીથી નિકાહ થાય પણ...

وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ

એટલે તમારાથી પહેલાં જેમને અલ્લાહની કિતાબ આપવામાં આવી તેમની પાકદામન સ્ત્રીઓ સાથે નિકાહ કરવો હલાલ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના શબ્દો પણ એ જ છે કે તે મુશ્રિકાઓમાંથી એહલે કિતાબ સ્ત્રીઓ અપવાદ છે. મુજાહિદ, ઈકરમા, સઈદ બિન જુબેર, હસન, ઝહ્હાર, કતાદા, ઝૈદ બિન અસ્લમ અને રબીઅ બિન અનસ رحمۃ اللہ علیہم اجمعین નાં પણ આ જ ફર્માન છે. તફસીરે ઈબ્ને જરીરમાં છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઘણી પ્રકારની સ્ત્રીઓ સાથે નિકાહ કરવું હરામ ફર્માવી આપ્યું સિવાય તે ઈમાનવાળી સ્ત્રીઓ જેણીઓ હિજરત કરીને આવી હતી, અને તે સ્ત્રીઓ સાથે નિકાહને હરામ ફર્માવ્યો જે બીજા મઝહબની પાબંદ હતી. એક રિવાયતમાં છે કે હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહએ એક યહૂદી સ્ત્રી સાથે શાદી કરી હતી અને હઝરત હુઝૈફા બિન યમાને એક ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ કરી લીધા હતા. જેના કારણે હઝરત ઉમર رضی اللہ عنہ ખૂબ જ નારાજ થયા અને નજીક હતું કે તેઓને ચાબુક લગાડતા. તે બંનેએ કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! તમે નારાજ ન થાવ અમે તેણીઓને તલાક આપી દઈએ છીએ. આપે ફર્માવ્યું, જો તલાક આપવું હલાલ છે તો પછી નિકાહ પણ હલાલ હોવો જોઈએ. હું તેણીઓને તમારાથી છીનવી લઈશ અને બેઈજ્જતી સાથે અલગ કરી દઈશ. (આનો ખુલાસો આગળ આવશે.)

## મુશ્રિક આઝાદ સ્ત્રી કરતાં મુસ્લિમ લોંડી બેહતર

અને وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ ના શાને નુઝૂલ વિશે ઈર્શાદ ફર્માવે છે, આ ફર્માન હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ વિશે નાઝિલ થયું.

તેઓની એક કાળા રંગની લોંડી હતી. એક સમયે ગુસ્સામાં આવીને તેણીને થાપડ મારી દીધી. પછી ગભરાયને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં આવ્યા અને ઘટનાની જાણ કરી. આપ ﷺએ ફર્માવ્યું, તેણીનો શું ખયાલ છે ? તેમણે કહ્યું, તેણી રોઝા રાખે છે, નમાઝ પઢે છે, સારી રીતે વુઝૂ કરે છે. ખુદાની વહદાનિયત તથા આપ ﷺની રિસાલતની ગવાહી આપે છે. આપ ﷺએ ફર્માવ્યું, હે અબૂ અબ્દુલ્લાહ ! પછી તો તેણી ઈમાનવાળી છે ! કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ કસમ છે તે ઝાતની જેણે આપ علیہ الصلوٰۃ والسلامને હક્ક સાથે મોકલ્યા છે, હું તેણીને આઝાદ કરી દઈશ અને એટલું જ નહીં બલ્કે પછી તેણી સાથે નિકાહ પણ કરી લઈશ. જેથી આમ જ કર્યું, જેના ઉપર અમુક મુસલમાનોએ ટોણો માર્યો. તેઓ ઈચ્છતા હતા કે મુશ્રિકોમાં તેમનો નિકાહ કરાવી આપે અને તેઓને પોતાની દિકરીઓ પણ આપે જેથી વંશની શરાફત કાયમ રહે. આના પર આ આ આયત નાઝિલ થઈ કે મુશ્રિક આઝાદ સ્ત્રી કરતાં તો મુસલમાન લોંડી હજારો દરજજે સારી છે.

*(તફસીરે ઈબ્ને કષીર)*

તફસીરે ખાઝિનમાં છે :–

وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ આ આયત હઝરત મિર્ષદ ગનવી رضی اللہ عنہ વિશે નાઝિલ થઈ. તેઓ એક બહાદુર વ્યક્તિ હતા. સરકારે દો આલમ ﷺએ તેમને મક્કા શરીફમાં મોકલ્યા જેથી ત્યાંથી મુસલમાનોને કોઈક રીતે કાઢી લાવે. ત્યાં ઈનાક નામની એક મુશ્રિકા સ્ત્રી હતી જે જાહિલિયતના જમાનામાં તેમની સાથે મહોબ્બત કરતી હતી. તેણી સુંદર અને માલદાર હતી, જ્યારે તેણીને તેમના આવવાની જાણ થઈ તો તેણીએ પોતાની તરફ આવવાની દા'વત આપી. આપે ના પાડી અને ફર્માવ્યું, ઈસ્લામ એની મંજૂરી નથી આપતો. ત્યારે તેણીએ નિકાહની રજૂઆત કરી તો આપે ફર્માવ્યું, આ પણ રસૂલ ﷺની મંજૂરી પર નિર્ભર છે. જેથી પછી પોતાના કામોથી ફારિગ થઈને જ્યારે રસૂલે અકરમ ﷺની બારગાહમાં હાજર થયા અને પરિસ્થિતિ વિશે બતાવ્યું તો આ આયત નાઝિલ થઈ.

*(તફસીરે ખાઝિન, અલ બક્રહ, આ. ૨૨૧, ૧/૧૬)*

وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍના શાને નુઝૂલ વિશે લખે છે કે એક દિવસ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہએ કોઈ ભૂલ ઉપર પોતાની લોંડીને થપ્પડ મારી અને નબી કરીમ ﷺને જણાવ્યું તો સરકારે દો આલમ ﷺએ તેણીના ઈમાનની હાલત વિશે પૂછયું. અર્ઝ કરી, તેણી અલ્લાહની વહ્દાનિયત અને હુઝૂરે અક્દસ ﷺની રિસાલતની ગવાહી આપે છે, રમઝાનના રોઝા રાખે છે, સારી રીતે વુઝૂ કરે છે અને નમાઝ પઢે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તેણી મો'મિના છે. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہએ અર્ઝ કરી તે જાતની કસમ જેણે આપને સાચા નબી બનાવીને મોકલ્યા ! હું તેણીને આઝાદ કરીને તેણી સાથે નિકાહ કરીશ. જેથી આપે એવું જ કર્યું. તેના ઉપર લોકોએ મહેણાં માર્યાં કે તમે એક કાળી લોંડી સાથે નિકાહ કર્યા ! જ્યારે ફલાણી મુશ્રિકા આઝાદ સ્ત્રી તમારા માટે હાજર છે, તેણી સુંદર પણ છે, માલદાર પણ છે. એના ઉપર આ આયત નાઝિલ થઈ.

*(તફસીરે ખાઝિન, અલ બક્રહ, આયત : ૨૨૧, ૧/૧૬૧)*

તફસીરે રૂહુલ બયાનમાં છે :–

નિકાહ ન કરો એટલે હર્બી મુશ્રિકા સ્ત્રીઓ સાથે. એટલા માટે કે કિતાબિયા ભલે મુશ્રિક છે, પરંતુ જમહૂરની નજીક તેણીઓ સાથે નિકાહ જાઈઝ છે. તેમને સૂરએ માઈદાની આ આયત وَالْمُحْصَنٰتُ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ ની દલીલ બનાવી છે. અને કાયદો છે કે સૂરએ માઈદાહ તમામે તમામ મોહકમા છે, તેની કોઈ પણ આયત મન્સૂખ (રદ કરેલ) નથી. (મુશ્રિકા સાથે શાદી નથી થઈ શકતી) ત્યાં સુધી કે તેણી અલ્લાહ તઆલા અને તેના રસૂલ મુહમ્મદ ﷺને માની લે.

## મો'મિના લોંડી આઝાદ મુશ્રિકાથી બેહતર

وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ અને મો'મિના લોંડી, લોંડી હોવાથી તેણીની શાનમાં ઘટાડો હોવા છતાં પણ તેણી દીન તથા દુનિયાના એતબારથી મુશ્રિક સ્ત્રી કરતાં સારી છે, ભલે તે તેણીની પાસે માલ છે અને આઝાદીની શરાફત પણ છે. ભલે તે મુશ્રિકા સ્ત્રી પોતાની સુંદરતા, માલ સામાન અને વંશની શરાફત ઉપરાંત તેણીની પાસે શણગારના સામાન છે અને તેણી તેમને પોતાની સુંદરતામાં ફસાવી લે. એટલે મો'મિના સ્ત્રી દરેક હાલતમાં મુશ્રિકા સ્ત્રીથી સારી છે.

لَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ---الخ એટલે કાફિરો કે મુશ્રિકોને પોતાની મો'મિના સ્ત્રીઓ સાથે નિકાહમાં ન આપો, આઝાદ હોય કે લોંડીઓ ત્યાં સુધી કે તેઓ ઈમાન લાવે એટલે તેઓ સર્વ કુફ્રી કામો છોડી દે. અને મો'મિન ગુલામ ભલે તેમાં ગુલામીની ખરાબી છે, પરંતુ મુશ્રિકોથી સારો છે. ભલે તેમાં આઝાદીની શરાફત છે. ભલે તે માલ, સુંદરતા અને નેક આદતોને કારણે તમને સારો લાગે.

## સાચા મુસલમાનની શાન શું છે ?

તફસીરે નઈમીમાં છે :–

**શાને નુઝૂલ :** (૧) હઝરત મિરષદ ગનવી એક બહાદુર સહાબી હતા. હુઝૂર ﷺએ તેમને મક્કા મુકર્રમા મોકલ્યા હતા જેથી ત્યાંથી યુક્તિ દ્વારા કમજોર મુસલમાનોને કાઢી લાવે જે હિજરત ન કરી શક્યા. ત્યાં એક મુશ્રિકા સ્ત્રી હતી જેનું નામ ઈનાક હતું. તેણીને જાહિલિયતના જમાનામાં તેમની સાથે ખૂબ જ મહોબ્બત હતી અને તેણી ખૂબ જ સુંદર અને માલદાર પણ હતી. જ્યારે તેણીને તેમના મક્કા મુઅઝ્ઝમા આવવાની જાણ થઈ તો તેણી તેમની પાસે આવી અને સંભોગની માગ કરી. આપે ફર્માવ્યું, હે ઈનાક ! **હું મુસલમાન થઈ ચૂક્યો છું અને ઈસ્લામ ઝિનાથી રોકે છે.** ત્યારે તેણીએ આપની સાથે નિકાહની રજૂઆત કરી. આપે ફર્માવ્યું, હવે એ મારા અધિકારમાં નથી. હું નબી ﷺનો ગુલામ છું, તેમનાથી પૂછયા વિના તારી સાથે નિકાહ પણ નથી કરી શકતો. જ્યારે આપ નબી علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજર થયા તો સર્વ ઘટના વર્ણન કરીને નિકાહ વિશે પૂછયું. ત્યારે આ આયતનું પહેલું વાક્ય لَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ---الخ નાઝિલ થયું.

**(૨)** એક દિવસ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ કોઈ ભૂલ ઉપર પોતાની હબશી લોંડીને થપ્પડ મારી દીધી પછી પસ્તાઈને બારગાહે નબુવ્વતમાં હાજર થયા અને આ ઘટના વર્ણન કરી. હુઝૂર ﷺએ તે લોંડીની હાલત પૂછી કે તેણી કેવી છે ? આપે અર્ઝ કરી કે તેણી તૌહીદ તથા રિસાલતની માનવાવાળી નમાઝી અને રોઝદાર છે. ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હે અબ્દુલ્લાહ ! તેણી તો મો'મિના છે. આપે અર્ઝ કરી, રબની કસમ ! તેણીને આઝાદ કરીને પોતાના નિકાહમાં લાવીશ. પછી એ જ કર્યું. તેના ઉપર લોકોએ અબ્દુલ્લાહને મહેણા માર્યા કે ફલાણી ફલાણી મુશ્રિકા સ્ત્રીઓ જે સુંદર પણ હતી અને માલદાર પણ હતી અને તમારી સાથે નિકાહ કરવા તૈયાર હતી. તમે તેણીઓને છોડીને એક હબશી લોંડી સાથે કેમ નિકાહ કરી લીધા ? ત્યારે આ આયતનું બીજુ વાક્ય નાઝિલ થયું.

## મુસલમાન રહીને મુશ્રિક સાથે જીવન અસંભવ

**તફસીરનો સારાંશ :** હે મુસલમાનો ! કાફિર સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો જ્યાં સુધી તેણીઓ ઈમાન ન લઈ આવે કારણ કે નિકાહ હમેશાંની મહોબ્બત, ઘરની આબાદી, અને બાળકોના પાલનપોષણ માટે હોય છે. દીનના તફાવતના કારણે આ ત્રણેવ વાતો અશક્ય છે. પતિ પત્નીનાં દિલ મળશે નહીં અને નાઈત્તેફાકીના કારણે ઘરમાં રોનક પણ નહીં રહે અને બાળકોના પાલન પોષણમાં ખૂબ ઝઘડો પેદા થશે. મા તો તેને પોતાના

દીન પર લાવવા માગશે અને બાપ પોતાની બાજુ ખેંચશે. જેથી આ પરિસ્થિતિમાં નિકાહનું લક્ષ્ય જ પ્રાપ્ત ન થશે. સમજી લો કે મુસલમાન સ્ત્રી ભલે લોંડી હોય મુશ્રિકાથી અફઝલ છે. ભલે તે આઝાદ, માલદાર, સુંદર અને ઉચ્ચ વંશવાળી હોય, ભલે તમને મુશ્રિકા માલ તથા સુંદરતાના કારણે પસંદ આવી જાય. કારણ કે **રૂપ કરતાં ચરિત્ર બેહતર છે.** અને હે મુસલમાનો ! પોતાની બાળકીઓના નિકાહ કાફિરોથી ન કરાવો. અને ન કોઈ મુસલમાન સ્ત્રીનો નિકાહ કોઈ કાફિર સાથે થવા દો, જ્યાં સુધી તે ઈમાન ન લઈ આવે. કારણ કે **મુસલમાન સ્ત્રીનું કાફિરની પત્ની બનીને રહેવું સખત બેગૈરતી પણ છે. યાદ રાખશો કે મુસલમાન ભલે ગુલામ હોય, હકીર તથા ગરીબ હોય તેમ છતાં પણ આઝાદ માલદાર ઈજ્જત તથા મર્તબાવાળા મુશ્રિકથી અફઝલ છે, કે ઈમાનની દોલતથી વધીને કોઈ દૌલત નથી. ઈમાન નહીં હોય તો જહન્નમમાં જવું નિશ્ચિત છે.** ભલે તેઓ તમને પોતાના માલ તથા સુંદરતાના કારણે પસંદ કેમ ન આવી જાય ! કાફિરો હમેશાં તમને કુફ્રની તરફ લાલચ આપીને દોઝખની તરફ બોલાવે છે. **જ્યારે તમારો તેમનો સાસરીનો સંબંધ કાયમ થઈ જશે તો તેમને તમને ગુમરાહ કરવાની વધુ તક મળશે.** અને અલ્લાહ પોતાના કરમથી તમને ઈમાનની અડગતા અને સારાં કામોની લાલચ આપીને જન્નત તથા બખ્શિશ તરફ બોલાવી રહ્યો છે. એટલા જ માટે કાફિર સાથે નિકાહ મના ફર્માવે છે કે જે જહન્નમનો સબબ છે. રબ તો લોકો માટે પોતાના આદેશો અને આયતો ખોલી ખોલીને બયાન ફર્માવે છે જેથી લોકો શિખામણ પ્રાપ્ત કરે.

આ આયતમાં બે આદેશો વર્ણન થયા, એક એ કે મુસલમાન મર્દ કાફિર સ્ત્રી સાથે નિકાહ ન કરે. બીજો મસ્અલો તે પોતાના સામાન્યપણા ઉપર છે, એટલે **મુસ્લિમ સ્ત્રીનો નિકાહ કોઈ પણ કાફિર સાથે જાઈઝ નથી ચાહે તે કિતાબી હોય મુશ્રિક કે મુર્તદ.** પરંતુ પહેલા હુકમમાં એક વિશેષતા છે તે એ કે **મુસલમાનનો નિકાહ એહલે કિતાબ એટલે યહૂદિયા અને ઈસાઈની સાથે થઈ શકે છે.** જેમ કે સૂરએ માઈદહની આયતમાં ફર્માવવામાં આવ્યુ★.

*(તફસીરે નઈમી, ૨/૪૧૧, ૪૧૫)*

ઉપર વર્ણવેલ તફસીરની કિતાબોથી એકમતિવાળો નિર્ણય અને નિશ્ચિત આદેશ એ થયો કે **કાફિર પુરૂષનો ન મુસલમાન સ્ત્રી સાથે નિકાહ સહીહ છે અને ન કાફિર સ્ત્રીથી મુસ્લિમ પુરૂષનો નિકાહ સહીહ છે. આ કુર્આનનો અટલ અને નિશ્ચિત નિર્ણય છે.** જેને દિલથી સ્વીકારવું દરેક ઈમાનવાળા મુસલમાન ઉપર જરૂરી છે. અને **ઈસ્લામથી નીકળી જશે તેનો અંજામ તો નિઃશંક જહન્નમ છે.**

પરંતુ પછી પણ એક મુદ્દો રહી જાય છે કે આ મુશ્કેલ હાલતોમાં આપણે શું કરવું જોઈએ અને કયો કદમ ઉઠાવવો જાઈએ કે મુસ્લિમ સ્ત્રીઓ તેમની ચુંગાલથી બચી શકે અને હવે પછી ફરીવાર આ રીતના બનાવો ઉપસ્થિત ન થાય. હું તેનાથી બચવાની થોડી

★ *ઈસાઈ સ્ત્રીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવા જાઈઝ છે. ફતાવા આલમગીરી, ભાગ–૧, મિસ્રી, પેજ–૨૬૩ માં છે :– કિતાબિયહ્ હર્બીયહ્ અને ઝિમ્મિયહથી મુસલમાને નિકાહ કરવું જાઈઝ છે. આઝાદ હોય કે બાંદી. એ જ પ્રમાણે મુહીતુસરખસીમાં છે. પરંતુ **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે** કેમ કે તેમાં ઘણી જ ગરબડોનો દરવાજો ખુલે છે. **ફતાવાએ આલમગીરી**ના તે જ પેજ ઉપર છે : (અર્થ) : અને બેહતર એ છે કે નિકાહ ન કરવામાં આવે (ઈસાઈ સ્ત્રીથી) અને ન તેમના ઝબહ કરેલને ખાવામાં આવે, પરંતુ જરૂરતના સમયે. એવું જ ફત્હુલ કદીરમાં છે. અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ તે વખતે જાઈઝ છે જ્યારે કે તેણી પોતાના તે જ (અસલ) મઝહબ ઈસાઈયત પર હોય અને જો કેવળ નામ માત્રની ઈસાઈ હોય અને હકીકતમાં 'નેચરી' અને 'નાસ્તિક' હોય** જેમ કે વર્તમાનકાળના આમ ઈસાઈઓનો હાલ છે તો **તેનાથી નિકાહ નથી થઈ શકતો.** હાઝા મા ઈન્દી વહુવ સુબ્હાનુહુ વ તઆલા અઅ્લમ. લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૨૩, જ. આખર, હિ. ૧૩૯૦) તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તદબીરો અને તરીકા લખુ છું (ઈન્શા અલ્લાહ !) તેની રોશનીમાં શક્ય હદ સુધી તેનાથી બચવાના અને બચાવવાના પ્રયાસ કરી શકાય છે.

૦૧. દરેક મુસલમાને જોઈએ કે તે ઈમાનની મજબૂતી સાથે ઘરમાં ઈસ્લામી માહોલ પેદા કરે અને ઘરના દરેક સદસ્યને નાનાથી લઈને મોટા સુધી મોટાથી વૃદ્ધ સુધી પુરૂષ અને સ્ત્રી સૌને નમાઝના પાબંદ બનાવે. કુર્આન તથા હદીષના શિક્ષણ માટે તક આપે, જો મદ્રસા કે મકતબ જઈને ઈલ્મ હાંસલ કરવું શક્ય ન હોય તો ઓછામાં ઓછુ અડધાથી એક કલાક જ કોઈ મોલ્વી સાહબને પોતાના ઘરે બોલાવી તેમનાથી કુર્આન તથા હદીષનું શિક્ષણ લે અને અકાઈદ તથા જરૂરી મસાઈલ વિશે પૂછે અને તેના ઉપર જાતે પણ અમલ કરે અને ઘરના દરેક સદસ્યને અમલ કરવા કહે.

૦૨. માતા પિતા ઉપર વાજિબ છે કે તેઓ પોતાની દિકરીઓને આઝાદ ન છોડે બલ્કે દરેક શક્ય હદ સુધી તેમની દેખરેખ કરતાં રહે અને તેમને આવારા દોસ્ત તથા સહેલીઓની બાજુ ધ્યાન ન આપવાની શિખામણ આપતાં રહે અને તેનાથી થવાવાળા નુકસાન વિશે પણ જાણ કરે.

૦૩. પોતાની દિકરીઓના હાથમાં મોબાઈલ ફોન કદાપિ ન આપે. ફેસબુક, વોટ્સઅપ વાપરવા પર પ્રતિબંધ મૂકે અને તેમને તેનાથી થવાવાળા નુકસાન વિશે બતાવતાં રહે.

૦૪. મોટા મોટા જલ્સા તથા જુલૂસ છોડીને દા'વત તથા તબ્લીગનું કામ ઈખ્લાસ સાથે કરવામાં આવે અને દીન તથા શરીઅતનો આદેશ દરેક ઘર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવે.

૦૫. દિકરીઓની ટાઈમ પર શાદી કરી આપવામાં આવે. આ પ્રકારની ઘટનાઓ અધિક્તર એ જ છોકરીઓ સાથે થઈ રહી છે જેમની શાદી મોડી થઈ રહી છે. હું તેમના માતા પિતાથી અપીલ કરીશ કે અલ્લાહ અને તેના રસૂલના માટે તમે પોતાની દિકરીઓનો નિકાહ ટાઈમ પર કરી આપો, મોડુ ન કરો, ખુદા ન કરે ને તમારી દિકરીઓએ કોઈ ખોટુ કામ કરી નાખ્યું તો તેના જવાબદાર અલ્લાહની બારગાહમાં તમે જાતે હશો.

૦૬. દહેજની લાલચ ખતમ કરવામાં આવે, તેના જ કારણે શાદીમાં લેટ થાય છે, પોતાના વિસ્તારમાં જવાબદાર લોકો એક સંસ્થા કાયમ કરે અને પછી તેના વડે એક જુથ થઈને તેના વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં આવે જેથી દહેજની લાલચ જડથી ખતમ થઈ જાય.

૦૭. જે રીતે આપણા ઈસ્લામી મદ્રસા છે એ જ રીતે ઈસ્લામી સ્કૂલ પણ ખોલવામાં આવે જેથી સમાજનો વિકાસ અને સમૃદ્ધિમાં સ્પષ્ટ રોલ અદા કરીને નિરક્ષરતાના બુરા ડાઘને કૌમ તથા મિલ્લતના માથાથી હમેશાં માટે ખતમ કરી આપવામાં આવે અને આપણા બાળકો તથા બાળકીઓ કાફિરોની સ્કૂલ અને કોલેજમાં ન જઈને ઈસ્લામી સ્કૂલ, કોલેજમાં જ દાખલો લે અને ત્યાં જ પોતાને ઈલ્મી અલંકારોથી સજાવે.

આ થોડીક સાવધાનીને લગતી તદ્બીરો અને તરીકાઓ છે જે ઉપર વર્ણન થયા. જરૂરી નથી કે સૌ આ તદબીરોથી સંમતિ હોય, વિરુદ્ધ પણ થઈ શકે છે. પરંતુ તેમ છતાં પણ તેની રોશનીમાં કાંઈક હદ સુધી સહાયતા અને સમાધાનની સૂરત નીકળી શકે છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે આપણા સૌના ઈમાન અને અકીદાની હિફાઝત ફર્માવે, અને કુર્આન તથા હદીષના મસાઈલ તથા આદેશો ઉપર ચાલવાની તૌફીક બખ્શે અને ખાસ કરીને આપણી મા બહેનોને ઈસ્લામી નિયમો ઉપર ચાલવાની અને તેમને સ્વીકાર કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(માહનામા અશ્રફિયા, નવે. ૨૦૧૮, મુબારકપુર)*

# સજાતીય સંબંધને ક઼ાનૂની ઈજાઝત કે તબાહીને દા'વત ?

❑ રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

હિંદુસ્તાની ક઼ૌમને અસભ્ય થવાનું લાયસન્સ જારી કરી દેવામાં આવ્યું છે. ૬ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ચીફ જજ દીપક મિશ્રાજીની અધ્યક્ષતામાં પાંચ જજોની એક બંધારણીય બેન્ચે સજાતીય સંબંધના વિશે સજાતીય સંબંધને ગુનાહના લિસ્ટમાંથી બહાર કરવાનો ફૈંસલો બહાર પાડતાં કહ્યું કે, "એક જાતીના બે બાલિગ (પુખ્ત વયની) વ્યક્તિઓ વચ્ચે આપસમાં રઝામંદીથી સજાતીય સંબંધ ગુનોહ નથી." સુપ્રીમ કોર્ટના આ ફૈંસલામાં ઈ.સ. ૨૦૧૩ના એક અદાલતી ફૈંસલાને અમાન્ય ઠરાવ્યો છે. ઈ.સ. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે ઈ.સ. ૨૦૦૯ના દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અજીત પ્રકાશ તથા જસ્ટિસ એસ. મુરલીધરનની બે સભ્યોની બેન્ચના થકી સજાતીય સંબંધને ક઼ાનૂની માન્યતા આપતા ફૈંસલાને રદ કરીને સજાતીય સંબંધને જુર્મના લિસ્ટમાં સામેલ કરનાર ક઼ાનૂનને બંધારણીય દૃષ્ટિએ યોગ્ય ઠરાવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે પોતાના ફૈંસલામાં કહ્યું કે પસંદગી કરવાનો દરેક વ્યક્તિને બુનિયાદી અધિકાર છે અને ક઼ાયદાની કલમ ૩૭૭ વ્યક્તિના આ અધિકારથી વિમુખ છે. તદ્ ઉપરાંત અદાલતે આ કલમની આ શંકાને યથાવત રાખી છે જેના હેઠળ જાનવરો સાથે સેકસના અમલને જુર્મ માનવામાં આવેલ છે. અદાલતે કહ્યું કે સજાતીય સંબંધ ધરાવનારાઓને દેશના અન્ય વતનીઓની જેમ બંધારણ હેઠળ સમાન હક્ક઼ હાંસલ છે. કોઈ શખ્સનું જાતીય આકર્ષણ તેનો વ્યક્તિગત તથા પ્રાકૃતિક મામલો છે અને જાતીય આકર્ષણના કારણે કોઈની સાથે ભેદભાવથી વર્તવું તે શખ્સના આઝાદીના પ્રદર્શનની વિરુદ્ધ વર્તન છે.

**કલમ નં. ૩૭૭ શું છે ? :** આ ૧૫૭ વરસો પૂરાણો ક઼ાનૂન છે. બ્રિટિશ ગવર્નમેન્ટના દૌરમાં આ ક઼ાનૂનના થકી સજાતીય સંબંધોને અકુદરતી જુર્મ ઠરાવવામાં આવેલ છે. ઈ.સ. ૧૮૬૦માં બનેલા આ બ્રિટિશ ક઼ાનૂન હેઠળ પ્રારંભમાં છ મહિનાથી લઈને ત્રણ વરસની સજા નિશ્ચિત કરવામાં આવી. પછી બાદમાં એમાં ફેરફાર કરીને કમસે કમ ૧૦ વરસ કેદની અને વધુમાં વધુ આજીવન કેદની સજા તજવીઝ કરવામાં આવી. ઈ.સ. ૧૯૫૫ સુધી તો આ જુર્મમાં પડનારાઓને કાળા પાણીની સજા નિશ્ચિત કરવામાં આવી હતી. આ ક઼ાનૂનના પ્રમાણે કોઈ પુરૂષ, સ્ત્રી કે જાનવરની સાથે કુદરતી નિયમોની વિરુદ્ધ સેકસ સંબંધ જોડવો જુર્મ છે. બ્રિટિશરોના દૌરમાં બનનારા આ ક઼ાનૂન હેઠળ એક જાતીની બે વ્યક્તિઓ વચ્ચે (સજાતીય) સંબંધ જુર્મ હતો.

કલમ ૩૭૭ને પ્રથમ વખત ઈ.સ. ૧૯૯૪માં ચેલેંજ કરવામાં આવી હતી. પછી ૨૪ વરસ પછી વિવિધ અપીલો પછી સુપ્રીમ કોર્ટનો ફૈંસલો સામે આવ્યો છે. દેશના ધાર્મિક વડાઓ સજાતીય સંબંધની વિરુદ્ધ છે. સમાજની પણ એક મોટી સંખ્યા સજાતીય

સંબંધોને સ્વીકારતી નથી અને તેને અપ્રાકૃતિક સમજે છે. રાજકીય પાર્ટીઓ પણ સમાજના ઝુકાવને લક્ષમાં રાખીને આ બાબતે સ્પષ્ટ વલણ અપનાવવાથી દૂર રહે છે. ખુદ ગવર્નમેન્ટે સુપ્રીમ કોર્ટમાં કોઈ પોઝિશનન ન લેતાં તેને અદાલતના ફેંસલા પર છોડી આપ્યું હતું. જ્યારે કે સુપ્રીમ કોર્ટે પોતાના ફેંસલામાં કહ્યું કે, "કોઈ પણ સમાજ બહુમતિના વિરોધથી નથી ચાલતો. અદાવતે કહ્યું કે બંધારણીય સમાજ બનાવવાનો પાયાનો હેતુ એ સમાજને એક રોશન ખયાલ સમાજમાં ફેરવવાનો છે."

ઈ.સ. ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અજીત પ્રકાશ તથા જસ્ટિસ એસ. મુરલીધરને એક ઐતિહાસિક ફેંસલામાં કહ્યું હતું બે પુખ્ત વયના જો પોતાની મરજીથી કોઈ સંબંધ કાયમ કરે તો તેને જુર્મ કહેવામાં આવશે નહીં. પરંતુ ચાર વરસો બાદ જ ઈ.સ. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે આ ફેંસલાને રદ કરી આપ્યો હતો. હાઈકોર્ટના ફેંસલાની વિરુદ્ધ અપીલ પર સુપ્રીમ કોર્ટની બે સભ્યોની બેન્ચે કહ્યું હતું કે દિલ્હી હાઈકોર્ટે સજાતીય સંબંધને જુર્મના લિસ્ટમાંથી કાઢીને ગલતી કરી હતી. હાઈકોર્ટના ફેંસલાને હિંદુ, ઈસાઈ તથા મુસ્લિમ ધાર્મિક વડાઓએ ચેલેન્જ કર્યો હતો કે સજાતીય સંબંધ એ અપ્રાકૃતિક અમલ છે અને તેને જુર્મના લિસ્ટમાં જ રાખવામાં આવે.

દુનિયાના કેટલાય વિકસીત દેશોમાં સજાતીય સંબંધને કાનૂની ઈજાઝત હાંસલ છે. યુનોના પ્રમાણે દુનિયાભરમાં ૭૬ દેશો એવા છે જ્યાં સજાતીય સંબંધોની વિરુદ્ધ ખાસ કાયદાઓ લાગુ થયેલા છે, જ્યારે કે અમુક દેશોમાં સજાતીય સંબધોની સજા મૃત્યુદંડ છે, તેમ છતાં વર્તમાન અમુક વરસોમાં સજાતીય સંબંધના સ્વીકારવામાં વધારો થયો છે. ઓસ્ટ્રેલિયાએ હાલમાં જ સજાતીય સંબંધવાળાઓની શાદીને કાયદાકીય રીતે સ્વીકાર કરેલ છે. જ્યારે કે બરમુદામાં સજાતીય સંબંધવાળાઓની શાદીની વિરુદ્ધ કાનૂનને બદલવામાં આવેલ છે. પ્રાપ્ત થયેલ ગણત્રીના આંકડાઓ પ્રમાણે ૨૦૧૭ સુધી દુનિયાભરમાં ૨૫ થી અધિક દેશોમાં સજાતીય સંબંધને કાનૂની તૌર પર સ્વીકારવામાં આવેલ છે.

**સજાતીય સંબંધ અને ઈસ્લામ :** ઈસ્લામ એક સભ્ય સુસંસ્કૃત મઝહબ છે અને પાકીઝા સમાજના ઘડતરની વકાલત કરે છે. **સજાતીય સંબંધો ચાહે તે પુરૂષ પુરૂષ વચ્ચે હોય કે સ્ત્રી સ્ત્રી સાથે હોય, બંનેવ ઈસ્લામમાં હરામ તથા ગુનોહ તથા નાપસંદીદા અમલ છે.** સજાતીય સંબંધનો ખબીષ (ગંદો) અમલ પૂરાણા કાળથી છે. ઈસ્લામથી પહેલાં પણ લોકો આ ગંદા કૃત્યમાં પડતા હતા. અલ્લાહ તઆલાએ લવાતત (સજાતીય સંબંધ) જેવા ધૃણાસ્પદ જુર્મમાં સપડાયેલ કૌમની હિદાયત માટે હઝરત લૂત علیہ السلام ને મોકલ્યા અને જ્યારે તે નાફર્માન કૌમે પોતાના નબીની નાફર્માની કરી તો અલ્લાહ તઆલાએ તેમના પર સખ્ત અઝાબ મોકલ્યો અને તેને દુનિયાના અસ્તિત્વ સુધી બોધપાઠનું નિશાન બનાવી દીધો. કુર્આને કરીમમાં છે :–

وَ لُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا
مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ ﴿۸۰﴾ اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً
مِّنْ دُوْنِ النِّسَآءِ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ﴿۸۱﴾ --الآیة

"જ્યારે અમે લૂતને (પયંગબર બનાવીને) મોકલ્યા તે વખતે તેમણે તેમની કૌમને કહ્યું કે તમે એવી બેહયાઈનું કામ શા માટે કરો છો કે તમારા પહેલાં દુનિયાવાળઓમાંથી કોઈએ આવું કામ નથી કર્યું. એટલે કે નફ્સાની ખ્વાહિશ પૂરી કરવા માટે સ્ત્રીઓને છોડીને લોંડાઓ પર પડો છો ! હકીકત

એ છે કે તમે લોકો હદથી નીકળી જનારા છો. તેમનાથી એનો કોઈ જવાબ ન બની શક્યો, તો એઓ બોલ્યા કે એ લોકોને (એટલે લૂત علیہ السلام તથા તેમનાં ઘરવાળાઓને) આપણા ગામમાંથી કાઢી મૂકો (કે) આ લોકો પવિત્ર બનવા ચાહે છે. તો અમે એમને તથા એમના ઘરવાળાંને બચાવી લીધાં પણ એમની પત્ની (ન બચી) કે તે પાછળ રહેનારાઓમાંથી હતી અને અમે એમના પર (પથ્થરોનો) વરસાદ વરસાવ્યો. જેથી જોઈ લે કે ગુનેહગારોનો કેવો અંજામ થયો.''

*(સૂરએ અઅ્રાફ, આ. ૭૯–૧૮૪)*

બીજી આયતમાં છે :–

فَلَمَّا جَآءَ اَمْرُنَا جَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا وَ اَمْطَرْنَا عَلَيْهَا حِجَارَةً مِّنْ سِجِّيْلٍ ۙ مَّنْضُوْدٍ ﴿۸۲﴾ مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ ؕ وَ مَا هِيَ مِنَ الظّٰلِمِيْنَ بِبَعِيْدٍ ﴿۸۳﴾

''હુકમ આવી પહોંચ્યો. અમે એ વસ્તીને ઉપર નીચે કરી નાખી. ઉપરનો ભાગ નીચે દીધો અને તેમના પર કાંકરીઓ, અણીદાર પથ્થરોની વર્ષા કરી જે એકની નીચે એક હતા. એટલે સતત તારા રબની તરફથી નિશાનવાળા હતા અને તે એ જાલિમોથી કાંઈ દૂર ન હતા.'' *(સૂ. હૂદ, આ. ૮૨, ૮૩)*

**પ્રકૃતિથી બગાવતનો બોધપાત્ર અંજામ:** ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે માણસે ફિતરત (પ્રકૃતિ) સામે બગાવત કરી છે ત્યારે ત્યારે તેણે ઈબ્રતનાક અંજામ ભોગવવો પડેલો છે. માહોલિયાતની છેડછાડના સબબે કમોસમી વરસાદ, તોફાન, ધરતીકંપ અને પાણીના પુરના સબબે થનારી તબાહકારીઓની યાદો તાજી છે. સુનામીથી દુનિયામાં તબાહી, પુર હોનારતથી જાપાનની બર્બાદી અને વરસાદ તથા પાણીની રેલથી આસામ, બિહાર, કાશ્મીર, ઉતરાખંડ અને હાલમાં કેરળમાં આવેલી તબાહી આપણી આંખો સામે છે.

સજાતીય સંબંધ અથવા લવાતત પણ ફિતરતની વિરુદ્ધ અમલ છે. કોઈ પણ ધર્મમાં એને પસંદગીની દૃષ્ટિએ જોવામાં આવેલ નથી, અને ન તો કોઈ સભ્ય સમાજે તેને સારી નજરે જોયો છે. પણ જ્યારથી પશ્ચિમે પ્રગતિ કરી અને માનવ અધિકારના મન માન્યા અર્થો ઘડયા છે ત્યારથી તેની ચમક દમક હેઠળ પૂર્વવાળાઓએ આંધળા અનુકરણમાં પોતાના ઉપર તબાહી તથા બેઈજ્જતીને પોતાના પર સવાર કરવાની જાણે કસમ ખાય લીધી છે. પશ્ચિમી દેશોના દરેક ફેંસલાને આંખો મીચીને સ્વીકારી લેવાનો રિવાજ જાણે ચાલી નીકળ્યો છે. આશ્ચર્ય તો એ વાત પર છે કે દેશના ઉચ્ચ તથા બંધારણીય હોદ્દાઓ પર બેઠેલાં દિમાગો પર પણ પર્દા છવાઈ ગયા છે. પશ્ચિમી સમાજની પ્રગતિને નજીકથી જોનારી વ્યક્તિઓ સારી રીતે જાણે છે કે આ સર્વ કાંઈ કેવળ દેખાવ છે અને અંદરથી બિલ્કુલ પોલમપોલ છે. શાંતિ, સુસભ્યતા તથા સુસંસ્કાર જેવા શબ્દો એમના માટે કોઈ અર્થ નથી ધરાવતા, બસ ! દુનિયવી એશ તથા પોતાનો મક્સદ દરેક સંજોગોમાં તેમને પ્રિય છે. પશ્ચિમીઓની એક ફોર્મ્યુલા છે કે જ્યારે તમે કોઈ બુરાઈને રિવાજ આપવા ચાહે તો પ્રથમ ખુદ તેના પર અમલ કરો, અને તે આ જ ફોર્મ્યુલાને અમલમાં મૂકીને પૂરી દુનિયાને બેશરમ તથા અસભ્ય બનાવવા તત્પર રહે છે.

સજાતીય સંબંધ તથા ગૈર કાનૂની શારીરિક સંબંધોના સબબે જન્મ પામનારી અતિશય ખતરનાક બીમારી એઈડ્ઝએ પૂરી દુનિયામાં તબાહી મચાવી રાખી છે. એઈડ્ઝએ હિંદુસ્તાનને પણ પોતાની લપેટમાં લઈ લીધું છે, અને ઘણી જ

તીવ્રતાપૂર્વક તેનું વર્તુળ વધતુ જઈ રહ્યું છે. હિંદુસ્તાનમાં એઈડઝની રોકથામના માટે સ્થાપ્વામાં આવેલ સંસ્થા ''નાકો''ના ઈ.સ. ૨૦૧૪ના એક સર્વેના પ્રમાણે દેશમાં લગભગ ૫૧ લાખ અથવા એક લાખ ૫ હજાર વ્યક્તિઓ એઈડઝ અથવા એચ.આઈ.વી.થી અસર પામેલ છે. પરંતુ આ ક્ષેત્રમાં કામ કરનારી અમુક સંસ્થાઓનો ખયાલ છે કે એનાથી પ્રભાવિત થયેલ વ્યક્તિઓની સંખ્યા એનાથી કેટલાય અંશે અધિક છે.

ગવર્નમેન્ટ જીવલેણ બીમારી એઈડઝના બીમારોની સાચી સંખ્યા જાણવા માટે પ્રાઈવેટ કંપનીઓની મદદ લઈ રહી છે. એઈડ્ઝ, મલેરીયા અને ટી.બી.ની રોકથામની વૈશ્વિક સંસ્થાના વડા રિચર્ડ ફેચમે ઈ.સ. ૨૦૦૪માં ન્યુ દિલ્હીમાં એક ન્યૂઝ કોન્ફ્રન્સમાં કહ્યું હતું કે હિંદુસ્તાનમાં એઈડ્ઝની પરિસ્થિતિ અતિશય ખતરનાક છે. તેમણે વર્તમાન સ્થિતિને ''ટાઈમ બોમ્બ'' સાથે સરખાવી હતી. નિષ્ણાતોનું કહેવું છે કે હવે જ્યારે ગવર્નમેન્ટે પ્રાઈવેટ સંસ્થાઓ થકી સાચી પરિસ્થિતિના અનુભવનો ફેંસલો કર્યો છે, તો એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે સરકારી સંસ્થાઓએ જે આંકડાની ગણત્રી બહાર પાડી હતી તે જાહેર હકીકતથી ઓછી છે. ઈ.સ. ૨૦૦૨માં યુનોની એક સંસ્થાએ સાવચેત કર્યા હતા કે જો તાત્કાલિક ધોરણે કામચલાવ પગલાં ન લેવામાં આવ્યાં તો ઈ.સ. ૨૦૧૦ સુધીમાં એઈડ્ઝ તથા એચ.આઈ.વી.થી અસર પામેલ વ્યક્તિઓની સંખ્યા કરોડથી અઢી કરોડ સુધી પહોંચી શકે છે. ગવર્નમેન્ટે સાચી સ્થિતિ જાણવા માટે દેશ પરદેશની કાર્યરત પરીક્ષક કંપનીઓ સાથે સંપર્ક કર્યો હતો. હિંદુસ્તાનના સારવાર મંત્રાલયની એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈ.સ. ૨૦૩૩ સુધીમાં ૫૫ લાખ લોકો એવા હશે જેઓ સંપૂર્ણપણે એઈડ્ઝની જીવલેણ બીમારીના હેઠળ આવી ગયા હશે. આ વધારાનું કારણ એ છે કે આ બીમારી હવે શાદીશુદા સ્ત્રીઓમાં ફેલાય રહી છે. દેશની રિવાજ પામેલ સામાજિક વ્યવસ્થામાં સ્ત્રીઓ સેકસ સંબંધ દરમ્યાન પોતાના પતિને કાંઈ કહી નથી શકતી અને પુરૂષ સેકસ દરમિયાન સાવચેતીનાં પગલાંથી દૂર રહે છે.

**અંતિમ વાત :** જ્યારે સમાજમાં કોઈ બુરાઈને રિવાજ આપવામાં આવે છે અથવા કોઈ બુરાઈ ઉછેર પામે છે તો એની અસર સમાજની દરેક વ્યક્તિ પર પડે છે. અહીં તો મામલો અતિશય ગંભીર છે, કેમ કે **દેશની સૌથી મોટી અદાલતે આ દુષ્કર્મને સભ્ય સમાજના માથે થોપવાની કાયદેસરની છૂટ પૂરી પાડી છે !** એટલા માટે હવે સમાજની સમજદાર તથા સુસભ્ય વ્યક્તિઓની જિમ્મેદારી બને છે કે તેઓ નવી પેઢીની યોગ્ય રહનુમાઈ કરે અને એની વિરુદ્ધ હિકમતે અમલી તથા તદબીરની સાથે પગલાં ભરે. આપણે એ ન ભૂલવું જોઈએ કે અલ્લાહ તઆલાની પકડ ઘણી જ સખ્ત છે. આમ પબ્લિકની તેમજ સામાજિક સંસ્થાઓની જાગૃતિથી જ આ બુરાઈની રોકથામ શક્ય છે.

*(કન્ઝુલ ઈમાન મંથલી ઉર્દૂ, નવે. ૨૦૧૮, દિલ્હી)*

❑ ❑ ❑


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ટીપુ સુલ્તાનને હિંદુ વિરોધી ચિતરનારાઓનો પર્દાફાશ

(કાર્યાલય)

*મૈસૂરના રાજા ટીપૂ સુલ્તાનના અસલ ઈતિહાસને વિકૃત કરીને આજકાલના લુચ્ચા સ્વાર્થી રાજકારણીઓ એક જાંબાઝ તથા અંગ્રેજોના દુશ્મન એવા શાસકને હિંદુ વિરોધી ચિતરી દેશની પ્રજામાં કોમી વેમનસ્ય ફેલાવી પોતાનો રાજકીય હેતુ સર કરવા કોશિશમાં લાગેલા છે. તેવા સમયે* **ગુજરાત સમાચાર દૈનિક પત્ર** *(તા. ૧૭–૧૧–૨૦૧૮, વડોદરા આવૃત્તિ, પેજ–૧૪)નો આ લેખ પબ્લિક સમક્ષ ટીપૂ સુલ્તાન વિશેની વાસ્તવિકતા રજૂ કરી રહેલ છે, તેમજ હિંદુત્વના નામે રાજકારણ ખેલી રહેલાઓએ કેવી રીત પોતે જ મંદિરો તોડેલાં અને મૂર્તિઓ ખંડિત કરેલી તેનો ઈતિહાસ પણ રજૂ કરી રહેલ છે જેને વાંચો અને રાજકારણીઓની મેલી મુરાદોને સમજો. –તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

એક હિંદુ યુવાન તથા એક મુસ્લિમ યુવાનના બાઈક સામસામા અથડાય અને બંને વચ્ચે ઝઘડો થાય તો આમાં સમાચાર શું છે ? બે બાઈક સવારનો ઝઘડો, ન કે હિંદુ મુસ્લિમનો ઝઘડો. ઈતિહાસનું આવી જ રીતે મિસરિડિંગ થતું હોય છે. આ ઝઘડો બે સમુદાય વચ્ચેનો ન હોય તો પણ તેને એ રીતે પ્રસ્તુત કરાય છે. માની લો કે અકસ્માતનો ભોગ બનનારા બંને બાઈક સવારો હિંદુ હોય તો શું નથી ઝઘડતા ? શું મસ્લિમ મુસ્લિમ વચ્ચે બાપે માર્યા વેર તમે નથી જોયા ? મૈસૂરના ડાલામથ્થા ટીપૂ સુલ્તાનના ઈતિહાસનું આવી જ રીતે સાચા તથ્યોના આધારે ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે, રાજકીય લાભ ખાટવા માટે. તેમના કહ્યાને ખરું માની લઈને ભરમાઈ જવાને બદલે આવો, સાચા અતીતને સાચા અર્થમાં સમજવાની કોશિશ કરીએ.

૧૯૪૦માં લાહોરમાં મોહમ્મદ અલી જિન્નાહે પ્રથમ વખત દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતની પરિકલ્પના પ્રસ્તુત કરેલી. એ વખતે તેણે કહેલું, હિંદુઓ અને મુસ્લિમો ઈતિહાસના જુદા જુદા શ્રોતોમાંથી પ્રેરણા મેળવે છે. એક વર્ગનો નાયક બીજા વર્ગનો ખલનાયક બની જાય છે.

જિન્નાહ ભલે ધૃણાસ્પદ હોય તેમ છતાં તેમનું આ વિધાન માન્ય રાખવું પડે. ટીપૂની બાબતમાં આવું જ બની રહ્યું છે. જો કે તકલીફ ત્યાં છે કે **ટીપૂને હિંદુઓના પ્રતિનાયક તરીકે પ્રસ્તુત કરવા માટે ઈતિહાસને મરોડવામાં આવી રહ્યો છે.** ભૂતકાળને તટસ્થપણે શીખવું એ જાગૃત વાચકની નિશાની છે.

૧૭મી સદીમાં ભારતનું પ્રારબ્ધ પડખું ફેરવી રહ્યું હતું. મોગલો હવે નામ માત્રના શાસક રહ્યા હતા. દેશના અધિકાંશ હિસ્સામાંથી સત્તા તેમના હાથમાંથી સરી ગઈ હતી. મોગલોનું સ્થાન મરાઠા લઈ લેશે એવી આશા ઉપર પણ પાણીપતના ત્રીજા યુદ્ધે પાણી ફેરવી દીધું હતું. અફઘાનોએ મરાઠાઓને ધૂળ ચટાડી દીધી હતી. ઉપમહાદ્વિપીય શાસકોનો સૂરજ આથમણે હતો અને અંગ્રેજોના સિતારા નવી બુલંદી સ્પર્શી રહ્યા હતા.

સાલ ૧૭૮૯માં પોતાનો વિજયરથ વણથંભ્યો રાખવામાં અંગ્રેજો સામે એક અડચણ હતી, એ હતો મૈસૂરનો સુલ્તાન ટીપૂ ! અવરોધ ખાળવા માટે તેમણે મરાઠા અને હૈદરાબાદના નિઝામને પોતાની કોર કરી લીધા. ટીપૂ બરાબર જાણતો હતો કે ઈસ્ટ ઈન્ડિયા કંપની કઈ બલાનું નામ છે.

ટીપૂના પિતા હૈદર અલીએ મરાઠાઓ પાસેથી બેંગલોર નજીક દેવનહલ્લીનો કિલ્લો પડાવી લીધો હતો. જવાબમાં ૧૭૯૧માં રઘુનાથ રાવ પટવર્ધનના નેતૃત્વ હેઠળ મરાઠાઓએ મૈસૂર જિલ્લાના બેદનૂર પર હુમલો કર્યો. શંકરાચાર્ય દ્વારા સ્થાપવામાં આવેલા શૃંગેરી મઠની

તોડફોડ કરી.

**લડાઈ દરમિયાન મંદિરો ઉપર હુમલા મરાઠાઓ માટે નવાઈની વાત નહોતી. બહુ ઓછા લોકોને જાણ હશે કે મરાઠાઓએ ૧૭૫૯માં તિરુપતિ મંદિર પર પણ હુમલો કર્યો હતો.**

શૃંગારી મઠ અસામાન્ય હતો. અદ્વૈત દર્શનના પ્રણેતાએ એક હજાર વર્ષ પૂર્વે તેની સ્થાપના કરી હતી. તેમણે દેશના દરેક ખૂણે મઠ મંદિર સ્થાપ્યા. દક્ષિણમાં શૃંગેરી મઠ તો ઉત્તરમાં જોશી મઠ, પશ્ચિમમાં દ્વારકા મઠ અને પૂર્વમાં પુરી.

હિંદુ અને મુસ્લિમ બંને સમુદાયો શૃંગેરી મઠની પ્રતિષ્ઠા જાળવતા રહ્યા છે. ટીપૂ સુલ્તાનને પણ એ જ પરંપરા અપનાવી હતી. મઠ સાથેના તેના સંબંધો ઉષ્મા ભરેલા હતા. સમયાંતરે તેઓ તેમને ઉપહાર પણ મોકલતા હતા. તેમણે મઠને જમીન દાન કરી હતી. વ્યક્તિગત સંવાદ દરમિયાન તેઓ મઠાધિપતિને જગદ્‌ગુરુ એવા વિશેષપણાથી સંબોધિત કરતા.

**શૃંગારી મઠ પાસે ખૂબ ધનસંપદા હતી. એટલે જ મરાઠાઓએ તેના પર હુમલો કરેલો. ત્યાં વસતા બ્રાહ્મણોને મારી નાખવામાં આવ્યા હતા અને મા શારદાની સ્થાપિત મૂર્તિ ખંડિત કરવામાં આવી હતી. હવે આમાં કોને બૂત શિકન કહીશું ?**

મઠના સ્વામી જેમ તેમ કરીને ભાગી છૂટયા. બાદમાં તેમણે ટીપૂ સુલ્તાનને પત્ર લખીને જાણ કરી. જવાબમાં ટીપૂએ સંસ્કૃતમાં પત્ર લખ્યો. ફરીથી વાંચો. જવાબમાં ટીપૂએ લખ્યું, લોકો ખોટું કામ કરીને પણ હસી રહ્યા છે, પરંતુ તેમની કુચેષ્ટાએ આપણને પીડા પહોંચાડી છે. આનું પરિણામ તેમને ભોગવવું પડશે.

ટીપૂએ વિના વિલંબે મઠના જિર્ણોદ્ધાર માટે પૈસા મોકલ્યા. સાથે માતાજીની નવી મૂર્તિને ધરવા માટે અલગથી ચડાવો મોકલ્યો. **૧૯૯૦ના દશકમાં કર્ણાટકમાં જે રાજકીય હવા ચાલી તેણે ટીપૂ સુલ્તાનને કોમવાદી રાજા તરીકે પ્રસ્તૂત કર્યો. વાસ્તવિકતા આનાથી ભિન્ન છે એ તમે શૃંગેરી મઠવાળી ઘટના પરથી સમજી શકો છો.** ટીપૂ અને મરાઠાઓની લડાઈ રાજકીય હતી. તેમને ધર્મ સાથે સીધી રીતે કોઈ લેવાદેવા નહોતી. એટલે તેમને ધાર્મિક રાજનેતા તરીકે પ્રસ્તુત કરવા એ લોકોને ગેરમાર્ગે દોરવા જેવું છે.

ટીપૂએ મંદિર ધ્વસ્ત કર્યું હતું. તેણે વારાહ મંદિર ધ્વસ્ત કરેલું. તે મૈસૂરના હિંદુ શાસકોના ઈષ્ટદેવનું મંદિર હતું. તેમની આસ્થાને ઠેસ પહોંચાડવા તેણે આ કામ કરેલું. આમાં ધાર્મિકને બદલે રાજકીય ઉદ્દેશ હતા.

એટલે જ એ સિવાય એક પણ મંદિર તેણે તોડયું નહોતું. ઊલટું મૈસૂરની રાજધાનીમાં આવેલા શ્રીરંગનાથ મંદિરમાં ચાંદીનું પાત્ર દાન કર્યું હતું. નનજનગુડામાં સ્થાપિત નનજુનડેશ્વરા મંદિરમાં લીલા રંગના કિંમતી પથ્થરમાંથી બનેલું શિવલિંગ સ્થાપિત કરાવ્યું હતું.

જે હિંદુ અને ખ્રિસ્તી સમુદાયો અંગ્રેજો સાથે ભળી ગયા હતા તેમના પર ટીપૂએ હુમલા કરાવેલા. એવી જ રીતે મહદેવી નામનો એક મુસ્લિમ પેટા સમુદાય પણ અંગ્રેજો સાથે ભળી ગયો હતો તેના પર પણ ટીપૂએ એટલા જ નિર્દયી હુમલા કરાવ્યા હતા. મહદેવી મુસ્લિમો અંગ્રેજોની સેનામાં ઘોડેસવાર તરીકે નોકરીએ રહી ગયા હતા.

ટીપૂએ હુમલા કરાવીને પરાક્રમ કર્યું એ કહેવાનું હરગિઝ નથી. ખાલી બે જ વાત કહેવાની છે : (૧) આ પ્રકારના હુમલા ત્યારે દરેક શાસકો કરાવતા હતા. (૨) ટીપૂ એવા શાસકોમાં નહોતો કે એક કોમ પ્રત્યે કૂણી લાગણી રાખે અને બીજી કોમના અનુયાયીઓનું દમન કરે. જો એવું હોત તો તે મહદેવી મુસ્લિમો પર હુમલા ન કરાવત. જો એવું હોત તો તે અંગ્રેજો સાથે સામેલ ન થયેલા હિંદુઓ અને ખ્રિસ્તીઓ પર પણ હુમલા કરાવત.

ટીપૂ હિંદુ અને મુસ્લિમો વચ્ચેના સંબંધો ઘનિષ્ઠ બને તેનો હિમાયતી હતો. તેનો કેવળ એક જ આગ્રહ હતો. કોઈપણ સમુદાય તરફથી તેના રાજ્ય સામે પડકાર ઊભો થવો જોઈએ નહીં. **ટીપૂનો જમણો હાથ હતા, મુખ્યમંત્રી પૂર્ણયા. તેઓ બ્રાહ્મણ હતા. તેમના નાણાં મંત્રી પણ હિંદુ હતા.** મૈસૂરથી ૧૫ કિલોમીટર દૂર શ્રીરંગપટ્ટનમાં એક સુંદર મકબરામાં પિતા હૈદર અલી અને મા ફાતિમા ફખરુન્નિસાની બાજુમાં ટીપૂ દફન છે. શહેરમાં અનેક મહેલો, ઈમારતો ખંડેર

હાલતમાં જોઈ શકાય છે. કોમવાદી રાજનેતાઓના પ્રયાસોએ તેની લોકપ્રિયતાને જરાય હાનિ પહોંચાડી નથી.

આજની તારીખે પણ મોટી સંખ્યામાં લોકો આ મહાન શાસકનો મકબરો જોવા માટે જાય છે. લોકો તેમને અંગ્રેજો સામેના યુદ્ધમાં શહીદ થયેલા શૂરવીર શાસક તરીકે યાદ કરે છે.

૧૮મી સદીના બહાદૂર સુલ્તાને ભારતમાં સૌ પ્રથમ વખત રોકેટનો ઉપયોગ કર્યો હતો. તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ ટ્વીટર પર આ બાબતનો ઉલ્લેખ કરેલો. ભારતના પ્રસિદ્ધ એરોસ્પેસ વિજ્ઞાની અને અંતરિક્ષ આયોગના પૂર્વ સદસ્ય પ્રોફેસર રોડમ નરસિમ્હાએ ૩૨ વર્ષ પહેલાં લેખ લખીને દુનિયાને આ સાધાર હકીકતથી અવગત કરાવી હતી.

એ સમયે ટીપૂ પાસે એવી રોકેટ ટેકનોલોજી હતી કે કર્નલ આર્થર વેલેસ્લીએ રણમેદાન છોડી ભાગવું પડયું હતું. પાછળથી એ જ વેલેસ્લીએ વોટરલૂની લડાઈમાં નેપોલિયનને માત આપી. ટીપૂ એ જમાનાના ટેકનોલોજી પ્રેમી હતા. તેઓ ભારતના પ્રથમ શાસક હતા, જેણે સમજ હાંસલ કરી કે ઔદ્યોગિક ક્રાંતિને લીધે યુરોપમાં કેવાં પરિવર્તનો આવ્યાં.

ભારત અને ફ્રાન્સના સંબંધોમાં પણ ટીપૂ સુલ્તાન એક સોનેરી પ્રકરણ છે. ફ્રાન્સમાં કેદ આરકોટના નવાબ મોહમ્મદ અલીને છોડવવા માટે હૈદર અલીએ ૧૭૬૭માં ફ્રાન્સ જોડે રાજકીય સંબંધો સ્થાપ્યા. મોહમ્મદ અલીએ વચન આપ્યું હતું કે જો તેમને છોડાવવામાં આવશે તો તેઓ હૈદર અલીને તિરુચિરાપલ્લી (તમિલનાડુ)નો કિલ્લો ભેટમાં આપશે. મોહમ્મદ અલી ફરી જતા હૈદર અલીએ ફ્રેન્ચો સાથે સંબંધો ઘનિષ્ઠ બનાવવાનો પ્રારંભ કર્યો.

ફ્રાન્સ અને મૈસૂરના સંબંધો રાજકીય, સૈન્ય અને બૌદ્ધિક સ્તરે વિકાસ પામ્યા. ટીપૂ ફ્રેન્ચ ભાષા શીખ્યો હતો. તેણે ત્રણ દૂતોને ફ્રાન્સ મોકલ્યા હતા. એવું કહીને કે ટેકનોલોજી નિષ્ણાતો માગે તેના કરતા ડબલ પૈસા આપીને તેમને મૈસૂર લાવો.

ટેકનોલોજી પ્રેમી શાસક ટીપૂ સુલ્તાને એ જમાનાના આધુનિક ઈજનેરોની મદદથી ૧૭૮૯માં કાવેરી નદી પર ઝૂલતો પૂલ બાંધ્યો હતો. કાવેરી પર પહેલા બંધનો પાયો નાખ્યો હતો. પાણીના બોરના માધ્યમથી ધાતુ મેળવવાની ટેકનિક પણ તેમના પ્રશાસને હસ્તગત કરી હતી. લૂઈ ૧૬માની પત્ની લેડી એન્ટોએનેટ હૈદર અલીને મળવા ઉત્સુક રહેતી. તેની તસવીર તેણે પોતાના બેડરૂમમાં સજાવેલી. ટીપૂ ફ્રાન્સની ક્રાંતિમાં મહત્વની ભૂમિકા ભજવનારી જેકોબિન કલબના સદસ્ય હતા.

ટીપૂના સમયમાં ભારતમાં ૫૦૦થી વધુ રજવાડા હતા. તેમાંથી ૧૦૦ રજવાડા પણ જો ટીપૂ જેટલા પ્રોગ્રેસિવ હોત તો ભારતનો ઈતિહાસ વહેલો પલટાઈ ચૂક્યો હોત.

*(ગુજરાત સમાચાર, વડોદરા આવૃત્તિ, પેજ–૧૪, શનિવાર, તા. ૧૭–૧૧–૨૦૧૮)*

**જાણવા જેવું...** **બ્રિટનમાં ટીપૂના રોકેટ સચવાયાં**

*૧૧મી સદીમાં ચીને રોકેટ દ્વારા ચાલિત તીર બનાવ્યાં હતાં. ધનુષના તાર જેટલી જ ઊર્જા સાથે તે દાગવામાં આવતાં હતાં. મોગલો સાથેની લડાઈ બાદ ૧૨મી સદીમાં યુરોપે તેનો ઉપયોગ શરૂ કર્યો. ૧૪મી અને ૧૫મી સદીમાં મોગલોએ ખપમા લીધાં. તફાવત એ હતો કે ચીનના રોકેટની તુલનાએ ટીપૂના રોકેટમાં વધારે સારી ગુણવત્તાવાળા લોખંડનો ઉપયોગ થયો હતો. ટીપૂએ શુદ્ધ લોખંડ ગાળવામાં મહારત હાંસલ કરી હતી. લોખંડ બનાવવા માટેના કુટિર ઉદ્યોગને તે સારું એવું પ્રોત્સાહન આપતો હતો. બારુદથી ભરેલું સિલિન્ડર બનાવવા માટે લોખંડની વિવિધ સામગ્રીનો ઉપયોગ કરેલો. જેમ કે તલવારની બ્લેડ. તે મિસાઈલ જેવું કશુંક હતું.*

*બીજા મૈસૂર યુદ્ધમાં ટીપૂના રોકેટએ અંગ્રેજોના ગોળા બારુદ નષ્ટ કરી નાખ્યા હતા. અંગ્રેજોએ ટીપૂના રોકેટના નમૂના ઈન્ગ્લેન્ડ મોકલ્યા. જે જોઈને ત્યાંના વિજ્ઞાનીઓ આભા બની ગયા. અંગ્રેજોએ બનાવેલા તમામ રોકેટોના તાર મૈસૂર સાથે જોડાયેલા હતા.*

*૧૭૯૯માં ટીપૂ યુદ્ધમાં મરાયો એના છેક ૧૫૦ વર્ષ પછી ભારતમાં રોકેટ ટેકનોલોજીનું પુનરાગમન થયું.* ***દુઃખદ વાત એ છે કે ટીપૂએ બનાવેલા એક પણ રોકેટનો નમૂનો આજે ભારતમાં નથી. આપણા નેતાઓ તેના ઉજળાં પાસાં રજૂ કરવાને બદલે તેને હિંદુ વિરોધી રાજા ગણાવી રાજકીય ઢોંસા ફ્રાય કરવામાં વ્યસ્ત છે.*** *બ્રિટનના રોયલ આર્ટીલરી મ્યુઝિયમ પાસે ટીપૂના રોકેટ છે. બ્રિટિશરો સાચા ઈતિહાસની કદર કરે છે. એટલે તેઓ આપણાથી આગળ છે.*

*જે કામ સહેલું હોય તેના માટે કહેવાતું હોય છે કે આ થોડું રોકેટ સાયન્સ છે ? રોકેટ સાયન્સનો બીજો અર્થ છે, ખૂબ અઘરું હોવું તે એ અર્થમાં ટીપૂ માટે રોકેટ સાયન્સ પણ રોકેટ સાયન્સ નહોતું !*

## અમારું અવલોકન

**કિતાબ : પાટણનો ઈતિહાસ અને તેના ઔલિયાએ કિરામ**

**સંકલન** : શાહિદ ગુલામનબી કલીમી

**પ્રકાશક** : એન. બી. એસ. બુક ડીપો, ટોરેન્ટ પાવરની પાસે, મોરકસવાડ, મીરઝાપૂર, અહમદાબાદ–૩૮૦૦૦૧ મો. ૯૩૭૭૪૫૫૩૬૯, **પ્રકાશન વર્ષ** : ૨૦૧૮

**કિંમત** : રૂા. ૧૦૦ (પોસ્ટેજ સાથે ભારતમાં) **પૃષ્ઠ સંખ્યા** : ૧૬૦

અખંડ ભારતમાં બે પાટણ છે. એક પીરાને પટ્ટણ ગુજરાતમાં અને બીજું પાક પટ્ટન, ઉચ્છ, પાડોસી મુલ્કમાં. બન્ને મુકામો પર અવલિયા અલ્લાહ એક સાથે સેંકડોની સંખ્યામાં જમા છે.

પીરાને પટ્ટણ ગુજરાત, જે અહમદાબાદ શહેરથી ૧૨૦ કી.મી.ની દૂરી પર છે, અવલિયા અલ્લાહની નગરી હોવાનો તેને શ્રેય અહમદાબાદ શહેર વસ્યું તે પહેલાથી જ હાંસલ છે. અહીં ૩૬૫થી વધુ દરગાહો અને મઝારે શરીફ મશહૂર અવલિયા અલ્લાહના આજે પણ મવજૂદ છે. અહમદાબાદ શહેર બનાવવામાં આ જ શહેરની નકલ કરવામાં આવી છે. આ મહાશક્તિઓ, મહાનુભાવો તેમજ જેમના નામ લેવાથી અલ્લાહ રાજી થઈ જાય તેવા તેના મિત્રોની ૧૦૩ લોકોની જીવન ઝરમરનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રસ્તુત છે. પાટણ શહેરનો પાયો કઈ રીતે નાખવામાં આવ્યો, સાથે સાથે કયા કયા રાજવીઓનું દૌર ત્યાં આવ્યું તેના સંક્ષિપ્ત ઈતિહાસ સાથે જે નામવર હસ્તીઓની આ ફેહરિસ્ત છે તેમના જીવન વૃતાંત ખૂબ જ સરળ ભાષામાં નવી ઢબે, ઉડીને આંખે વળગે તેવા અંદાજમાં તેમજ પાકા પુટ્ટામાં પુસ્તકને છપાવીને પ્રકાશિત કરવી એ સંકલન કર્તા શાહિદ કલીમીની આવડત અને અનુભવની કમાલ કહેવાય. પુસ્તકમાં કયા કયા મઝાર કયા અવલિયા અલ્લાહ પાટણમાં કયા વિસ્તારમાં આવેલ છે તેની માહિતીની સાથોસાથ, જે તે અવલિયા અલ્લાહની કરામત અને કઈ રીતે એ વખતના રાજવીને અલ્લાહની મદદથી ચમત્કાર બતાવીને તેમને પ્રભાવિત કરી દીધા, જેના કારણે તે વખતના મુસ્લિમોને પણ તેમનાથી ફૈઝ પહોંચ્યો અને આજેય કબરની માટી તેમને આવું કરવામાં જરાય રોકી શકતી નથી. અવલિયા અલ્લાહના ચાહકો જરૂરથી આ પુસ્તકને મંગાવશો એવી અપીલ છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**(કિતાબ) : મજાલિસે શૈખુલ ઈસ્લામ (હિસ્સા–૧) (હિંદી ભાષામાં)**

**અઝ** : શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની મિયાં مدظلہ العالی

**પ્રકાશક** : શૈખુલ ઈસ્લામ ટ્રસ્ટ, પહેલી મંઝિલ, કુરૈશ હોલ પાસે, પેરેડાઈઝ કોમ્પ્લેક્ષ સામે, મદની ચોક, મિર્ઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧

**પેજીસ** : ૮૦ **હદિયો** : રૂા. ૭૫

**સંપાદક** : ખલીફએ શૈખુલ ઈસ્લામ મુફતી મુહમ્મદ મતીઉર્રહમાન નઈમી અશરફી

*(મુફતી : મદની દારુલ ઈફતા–અહમદાબાદ)*

બુઝુર્ગાને દીન તથા ઉલમાએ અહલે સુન્નતની મેહફિલમાં બેસવાની ઘણી ફઝીલત છે. એમની મજલિસમાં ઈલ્મો હિકમતનાં ઝરણાં વહેતાં હોય છે જેનાથી ફયઝયાબ થવું એ સદનસીબી છે. હુઝૂર શૈખુલ ઈસ્લામની હસ્તી પણ એ જ મહાન હસ્તીઓમાંથી એક છે. આપની મજલિસમાં દીની ઈલ્મી ચર્ચાઓ થતી રહેતી હોય છે. તો એવી જ મજલિસોમાં હુઝૂર શયખુલ ઈસ્લામને પૂછવામાં આવેલા ઈલ્મી ફિક્રી સવાલોના જવાબો દિલો દિમાગને રોશન કરી આપનાર છે. હિન્દી ભાષામાં કિતાબ રૂપે એ સવાલો તથા જવાબનો સંગ્રહ મેળવવા ઉપરોક્ત સરનામે સંપર્ક કરી દીની માલૂમાતથી ફયઝયાબ થવા અપીલ છે. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**પોસ્ટકાર્ડ લખી મફ્ત કિતાબો મંગાવો**

**કિતાબ : ઘરથી કબર સુધી** *(પેજીસ–૫૬)*
**સંપાદક** : હઝરત સૈયદ દાદાબાવા ક઼ાદરી રૂપાલવાળા
**પ્રકાશક** : ક઼ાદરી સુન્ની કમિટી ઠે. ૭–અતાએ શાહે આલમ, અમ્માર ટેનામેન્ટ, વિશાલા સર્કલ પાસે, દેના બેંક લેન, જુહાપુરા, સરખેજ રોડ–અહમદાબાદ–૩૮૦૦૫૫ મો. 99137 68553

ચાલીસ દુઆ, ચાલીસ હદીષ, ચાલીસ દુરૂદ શરીફનો
**કિતાબ : રૂહાની મજમુઆ** *(પેજીસ–૭૨)*
**સંપાદક** : પીર સૈયદ હાજી દાદામિયાં ક઼ાદરી (રૂપાલ)
**પ્રકાશક** : રૂહાની પયગામ માસિક કાર્યાલય, પંચાયત ભવન, દુકાન નં. ૧૦, મુ.પો. ટંકારીઆ તા. જિ. ભરૂચ. મો. 98246 66347

**કિતાબ : સાદાતે કિરામકી અઝમત બનઝરે આ'લા હઝરત**
*(ગુજરાતી લિપિયાંતર બોલી ઉર્દૂ, પેજીસ : ૪૮)*
**સંપાદક** : ઈન્આમે મિલ્લત સૈયદ ઈન્આમુલ હક્ક઼ ક઼ાદરી (રૂપાલ)
**પ્રકાશક** : મલિક મુહમ્મદ યૂનુસ બાબુમિયાં ક઼ાદરી મુહિબ્બી
**પ્રકાશક** : મુ. રામોલ, જિ. અહમદાબાદ, મો. 95373 34316

**કિતાબો મંગાવો**

**(૧) ઈસ્લામ અને વિજ્ઞાન** *(પેજીસ–૮૦)*
**(૨) રૂહાની ફૈઝ (ભાગ–૧)** *(પેજીસ–૮૦)*
**સંપાદક** : મુહમ્મદ અમીન ચોલા
**પ્રકાશક** : સુન્ની મિશન, C/o. મુહમ્મદ અમીન ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર જામનગર ૩૬૧૦૦૧. મો. 98248 36500
**હદિયો** : દરેક કિતાબના રૂા. ૩૦ મોકલવા.

**કિતાબ : સીરતે રસૂલે અરબી ﷺ**
(ભાગ ૧ તથા ૨, પેજીસ : ૯૫૦)
**અનુવાદક** : મુફ્તી નૂરબખ્શ તવક્કુલી લાહોરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફિઝ મૂસા વેમી ઝંઘારવી
રસૂલે પાક ﷺ ના આશિક઼ો શું તમારા ઘરમાં સીરતે પાકે નબી ﷺ પર કિતાબ છે ?! જો નથી તો આજે રૂા. ૪૩૦ + ૭૦ ટપાલના કુલ રૂા. ૫૦૦/– મોકલી મંગાવી લો. સરનામુ : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, પીન : ૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

**કિતાબ : ઈલ્મે દીન** *(પેજીસ : ૪૪)*
*(વિવિધ માસિક અંકોના લેખોનો સંગ્રહ)*
**પ્રકાશક** : ગરીબ નવાઝ કમિટી
C/o. આઈકોન કોમ્પ્યુટર, સફલ પ્લાઝા, નં. ૧૬, ઈન્ડિયન બેંક સામે જેલ રોડ, મોરબી, પિન–363641

**ટોરેન્ટો (કેનેડા)** : ખાતે રઈસ ઈલ્યાસ દેગ ટંકારવીને ત્યાં, એટલે દયાદરાના મુશ્તાક હસન તાંદલજાવાળાની પુત્રી તથા તંત્રી બરકાતે ખ્વાજાની ભાણકી હફસાબાનુને પુત્રી (ઈખ્લાસબાનુ)નો જન્મ થયો તેની ખુશીમાં રૂા. ૫૦૦/– "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને મુશ્તાક઼ તાંદલજાવાળાએ લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં ઈખ્લાસબાનુને નેક સીરત નેક નસીબાવાળી રાખે અને સદા ખુશીઓની બહારો અર્પણ કરે, મા બાપ, નાના નાનીની આંખોની ઠંડક બનાવે, દીન દુનિયાની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી*

**કાવી** : થી જનાબ માસ્તર સુલેમાન દોલા સાહબ જણાવે છે કે તેમના ફરઝંદ હાફેઝ મુહમ્મદ જાબિરને ત્યાં પુત્ર "મુહમ્મદ રઝા"ની વિલાદત થઈ છે. તેની ખુશીમાં તેમણે બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૧૧/– લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! રબ તબારક વ તઆલા પુત્રને નેક બનાવે, દાદા તથા મા બાપની તથા કુટુંબીજનોની આંખોની ઠંડક બનાવે. દીન દુનિયાની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી*

# દયાદરામાં દીની જલસાઓ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ૧૦૦મા ઉર્સ નિમિત્તે **"જશ્ને સદ સાલા ઈમામ અહમદ રઝા"** رحمۃ اللہ علیہ તા. ૨–૧૧–૨૦૧૮ના જુમ્આના રોજ ઈશા બાદ મોટા ચકલા પર મનાવાયો. જેમાં હાફિઝ ક઼ારી મક઼સૂદ કાવીવાળા, હાફિઝ ઝયનુલ તથા હાફિઝ અફઝલ સરનારવીએ ક઼િરાઅત બાદ નઅતો મન્ક઼બત પઢી છેવટમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈલ્મી કમાલાત, ખૂબીઓ તથા કરામતો પર શાનદાર બયાન કર્યું હતું. મોટી સંખ્યામાં ભાઈઓ બહેનોએ હાજરી આપી હતી.

**દયાદરામાં મીલાદુન્નબી ﷺના પ્રોગ્રામો** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદ દયાદરામાં રબીઉલ અવ્વલ ચાંદ ૧ થી ૧૨ સુધી ઈશા બાદ ખત્મે યાસીન શરીફ, ચાંદ ૮ થી ૧૧ સુધી ઈશા બાદ હઝરત મૌલાના તૌસીફ રઝા હાફિઝ હસન હલદરવીએ શાને મુસ્તફા ﷺ પર શાનદાર બયાનો કર્યા. ૧૨ રબીઉલ અવ્વલ શરીફના રોજ મોટા ચકલા પર હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ મોટા ચકલા પર શાને મુસ્તફા ﷺ પર ઈમાન અફરોઝ બયાન કર્યું એ જ પ્રમાણે બીજા દિવસે સવારમાં ગામમાં મીલાદુન્નબી ﷺના જુલૂસમાં સુન્ની અવામે ઉષ્માભેર ભાગ લીધો. જુલૂસ ૯ઃ૩૦ કલાકે મસ્જિદમાં પહોંચ્યું. જ્યાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે મીલાદુન્નબી ﷺના પર શાનદાર બયાન કર્યું. બાદમાં અદબભેર સર્વેએ મૂએ મુબારક ﷺની ઝિયારત કરી બાદમાં અકુજી કોમ્યુનિટી હોલમાં આમ ન્યાઝ જમાડવામાં આવી.

**દયાદરા** : ખાતે ૨૭ સફરના રોજ આવતા **હઝરત મખ્દૂમ અશરફ સિમનાની** رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે તા. ૪–૧૧–૨૦૧૮ને રવિવારે અસર બાદ સુન્ની દાવતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં "જશ્ને સૈયદ મખ્દૂમ અશરફ" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે આપના કમાલાત તથા મર્તબાઓનું ખૂબ જ શાનદાર અંદાઝમાં વર્ણન કર્યું. તેમજ **હઝરત સાબિર પીયા કલિયરી** رحمۃ اللہ علیہનો ઉર્સ ૧૪–રબીઉલ અવ્વલ શરીફના હોય છે એના નિમિત્તે તા. ૨–૧૨–૨૦૧૮ના રવિવારે ઈશા બાદ સુન્ની ઈજતેમામાં આપની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ ૨૪–૧૧–૨૦૧૮ના વાડી સ્ટ્રીટમાં રાત્રે મેહફિલે નઅતનો પ્રોગ્રામ થયો હતો.

એ જ પ્રમાણે **દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચ–મસ્જિદે રયહાન ખાતે** તેમજ **નૂરી તર્બિયતી સેન્ટર–જંબુસર સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ પર** મીલાદુન્નબી ﷺના પ્રસંગે તેમજ ઉપર દર્શાવેલ બુઝુર્ગોના ઉર્સો નિમિત્તે શાનદાર ઈજતેમા થયા હતા, જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે બયાનો કર્યા હતા.

## શાદી મુબારક

**ભરૂચ** : (સરફરાઝ પાર્ક, બાયપાસ જંબુસર રોડની બાજુમાં) ખાતે જનાબ હાજી ગુલામ હસન કોન્ટ્રાકટરના નેક ફરઝંદ સરફરાઝના નિકાહ મેસરાડ નિવાસી યૂસુફ ઈસ્માઈલ જમાદારની નેક દુખ્તર શમા સાથે તા. ૨૮–૧૦–૨૦૧૮ રવિવારે અસર બાદ ગુલશન હોટલ બાય પાસ–ભરૂચ ખાતે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનો સર્વેને ખૂબ ખૂબ મુબારકબાદ !

*તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**પાલેજ** : મુક઼ામે જનાબ યાકૂબભાઈ આમનજી કંબોલીવાળાના નેક ફરઝંદ મૌલાના મુહમ્મદ રઉફ (તંત્રી બરકાતે ખ્વાજાના ભાણીયા)ના નિકાહ તા. ૧૫–૧૨–૨૦૧૮ શનિવારે કસક–ભરૂચ મુક઼ામે જનાબ ફારૂક ઈબ્રાહીમ પટેલની નેક દુખ્તર રફીયા સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

*તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

## ઈન્તેકાલ પુરમલાલ

- **ચોરંદા** : (તા. કરજણ, જિ. વડોદરા) ખાતે જનાબ હઝરત સૈયદ ચિશ્તીમિયાં બાવાસાહબ (ચોરંદા)ના વાલિદા માજિદાનો ઈન્તેકાલ તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે. વાલિદાના ઈસાલે સવાબ અર્થે હઝરત સૈયદ ચિશ્તીમિયાં બાવાસાહબ તરફથી **"ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા"**ને રૂા. ૫૦૦ લિલ્લાહ મળ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **કંબોલી** : (તા. જિ. ભરૂચ) ખાતે યૂસુફભાઈ માસ્તર તા. ૧૬–નવેમ્બર–૨૦૧૮, ૭ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૦ જુમ્આના રોજ ઈન્તેકાલ ફર્માવી ગયા છે. જુમ્આના રોજ ૧૧ કલાકે તેમની દફનવિધિ થઈ હતી.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે ઈસ્માઈલભાઈ અમદાવાદી (જાડા) તા. ૨–૧૧–૨૦૧૮, ૨૩ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૦ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયાં છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# માસુમ ટુર્સ


**૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

**ડિસેમ્બર ૨૦૧૮/જાન્યુઆરી-૨૦૧૯ ઉમરાહ**

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રૂપિયા |
|---|---|---|---|
| ૨૪ જાન્યુ. ૨૦૧૯<br>૦૮ ફેબ્રુ. ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૧૬ | ૫૬૦૦૦ |
| ૨૮ ફેબ્રુ. ૨૦૧૯<br>૧૫ માર્ચ ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૧૬ | ૫૬૦૦૦ |

**રમઝાનુલ મુબારક**

| | | |
|---|---|---|
| ૦૪ મે ૨૦૧૯<br>૦૫ જૂન ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | દિવસ ૩૨ |
| ૧ થી ૨૦ રમઝાન<br>૨૦ થી ૨ શવ્વાલ | મક્કા શરીફમાં<br>મદીના શરીફમાં | રૂા. ૧,૧૫૦૦૦ |



ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેક્ટ ફ્લાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મક્કા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |